MARKET 4U (OPC) PVT. LTD.

જંગ-એ-ગુજરાત

અખબાર

સુરત ઓફિસ

૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.

કોલ કરીને જ આવવું

મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

● તંત્રી : ધનંજય ઝવેરી

● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । મંગળવાર । તા. ૨૧-૪-૨૦૨૦ । વર્ષ : ૧૬ । અંક : ૩૦ । પાના : ૧૨ । છૂટક નકલ : 3 રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Image Printers, 20-21, Bhid Bhanjan Soc., Bamroli Road, Nr. Piyush Point, Surat (Gujarat) ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636
Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-156/2019-2021, Valid up to 31-12-2021, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

વધુ ચાર લોકોના મોત સાથે મોતનો આંકડો વધીને ૭૧ થયો

ગુજરાતમાં કોરોનાનો આતંક વધ્યો : ૯૩ નવા કેસો ખુલ્યા

મૃત્યુ પામેલા તમામ અમદાવાદના છે : કોરોનાની વિરુદ્ધ જંગ જીતેલા લોકોની સંખ્યા વધીને ૧૩૧ : ૨૪ કલાકમાં ૪૨૧૨ કેસો પૈકીના ૧૯૬ કેસો પોઝિટિવ

અમદાવાદ

ગુજરાતમાં કોરોનાનો આતંક યથાવતરીતે જારી રહ્યો છે. આજે નવા ૯૩ કેસોની સાથે જ ગુજરાતમાં કેસોની સંખ્યા વધીને ૨૦૦૦ની નજીક પહોંચી ગઈ છે. સંખ્યા ૧૯૩૯ સુધી પહોંચી ગઈ છે. આજે વધુ ચાર લોકોના મોત થયા હતા. આની સાથે જ ગુજરાતમાં મોતનો આંકડો વધીને ૭૧ પર પહોંચી ગયો છે. આજે ૨૫ લોકોને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી જ્યારે હજુ સુધી કુલ ૧૩૧ લોકો કોરોનાની અસર થયા બાદ સ્વસ્થ થઈ ચુક્યા છે. આજે કોરોનાના લીધે જે ચાર લોકોના મોત થયા હતા તે પૈકી અમદાવાદમાં જ ચારેયના મોત થયા છે. અમદાવાદ સિવિલમાં ૪૨ વર્ષીય મહિલાનું મોત થયું હતું જ્યારે એસવીપી હોસ્પિટલમાં વધુ ત્રણના મોત થયા હતા જે પૈકી ૬૩ વર્ષીય મહિલા, ૬૭ વર્ષીય મહિલાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ૬૬ વર્ષીય પુરુષનું એસવીપી હોસ્પિટલમાં મોત થયું હતું. મોટાભાગના દર્દી હાઈપર ટેન્શન અને ડાયાબિટીસથી પણ ગ્રસ્ત હતા. કોરોનાના લીધે આજે વધુ ચાર લોકોના મોત થતા મોતનો આંકડો પણ અતિ ઝડપથી વધીને ૭૧ પર પહોંચી ગયો છે. હજુ ૧૭૧૮ દર્દીઓ સ્થિર સ્થિતિમાં છે જ્યારે ૧૩૧ દર્દીઓએ કોરોના સામે જંગ જીત્યા બાદ તેમને રજા આપી દેવામાં આવી છે. ૭૧નો મોત આંકડો થઈ જતાં તંત્ર ચિંતાતુર છે. આજે સોમવારના દિવસે સઘન તપાસની કામગીરી હાથ ધરવામાં આવ્યા બાદ વધુ ૯૩ કેસો સપાટી પર આવ્યા હતા. એકલા અમદાવાદમાં ૬૧ કેસ સપાટી ઉપર આવ્યા હતા.હોટસ્પોટ બનેલા અને ખતરનાકરીતે કોરોનાના કેસો જ્યાં વધી રહ્યા છે તે અમદાવાદમાં આજે જે ૬૧ પોઝિટિવ કેસ આવ્યા હતા તે પૈકી ૩૬ પુરુષો અને ૨૫ મહિલાઓનો સમાવેશ થાય છે. લેબોરેટરી પરીક્ષણની વાત કરવામાં આવે તો છેલ્લા ૨૪ કલાકના ગાળામાં ૪૨૧૨ ટેસ્ટ કરવામાં આવ્યા છે જે પૈકી ૧૯૬ કેસ પોઝિટિવ રહ્યા છે જ્યારે ૪૦૧૬ કેસ નેગેટિવ રહ્યા છે. હજુ સુધી ટેસ્ટની વાત કરવામાં આવે તો આ આંકડો ૩૩૩૧૬ સુધી પહોંચ્યો છે જે પૈકી ૧૯૩૯ કેસ પોઝિટિવ રહ્યા છે અને ૩૧૩૭૭ કેસ નેગેટિવ રહ્યા છે. આજે ચાર લોકોના મોત થયા હતા જે પૈકી તમામ મોટી વયના લોકો છે. બેના અમદાવાદમાં મોત થયા છે . અમદાવાદમાં કેસોને રોકવા માટે વિવિધ પગલાની અસર દેખાઈ રહી છે. રાજ્યમાં કોરોનાને લઈને સાવચેતીના તમામ પગલા લેવાઈ રહ્યા છે. રાજયમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ સહિતના હોટસ્પોટ સ્થાનોએ સરકાર અને તંત્ર દ્વારા મહત્તમ ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે, તેના કારણે હાલ રાજયમાં કોરોના પોઝિટિવના કેસોમાં આટલો ઉછાળો અથવા તો વધારો નોંધાઈ રહ્યો છે. અમદાવાદ અને વડોદરા રાજ્યમાં હોટસ્પોટ તરીકે નોંધાઈ ગયા છે. કારણ કે, આ બે જગ્યા પર જ સૌથી વધુ કેસ નોંધાઈ રહ્યા છે. ગુજરાતમાં દેશના અન્ય ભાગોની જેમ જ કોરોનાના કેસોમાં ઉલ્લેખનીયરીતે વધારો થઈ રહ્યો છે.

સૌથી વધુ પ્રભાવિત રહેલા રાજ્યોમાં હવે ગુજરાત પણ સામેલ થઈ ગયું છે. રાજ્ય સરકાર જુદી જુદી રીતે માહિતી મેળવવાના તમામ પ્રયાસો કરી રહી છે. ચકાસણીની પ્રક્રિયા પણ તીવ્ર

અનુસંધાન પાના નં. ૬

૭.૫ લાખ લોકો વાયરસથી સંક્રમિત,મૃત્યુઆંક ૪૦ હજારને પાર

અમેરિકામાં ૨૪ કલાકમાં ૧૯૦૦થી વધુ લોકોનો કોરોનાએ ભોગ લીધો

વોશિંગ્ટન

અમેરિકામાં કોરોના વાયરસથી મૃત્યુ પામેલા લોકોની સંખ્યા દિવસો જતા વધી રહ્યા છે. અહીં આ ચેપને કારણે મૃત્યુઆંક ૪૦,૦૦૦ને વટાવી ગયો છે. રવિવારે જાહેર કરાયેલા આંકડા મુજબ અમેરિકામાં ૪૦,૦૦૦ લોકોનાં મોત નીપજ્યાં છે. આ કોરોના વાયરસને કારણે કોઈપણ દેશમાં મૃત્યુનો સૌથી વધુ દર અહી જ જોવા મળી રહ્યો છે. કોરોના વાયરસને કારણે પહેલું મૃત્યુ ૨૯ ફેબ્રુઆરીએ યુ.એસ. માં થયું હતું, તેવામાં ૩૮ દિવસમાં અહીં મૃત્યુની સંખ્યા ૪૦,૦૦૦ને વટાવી ગઈ છે. ૬ એપ્રિલે અહીં ૧૦,૦૦૦ લોકો મૃત્યુ પામ્યા હતા, પરંતુ પછીનાં પાંચ દિવસોમાં મૃત્યુઆંક ૨૦,૦૦૦ ને વટાવી ગયો. છેલ્લા ૨૪ કલાકની વાત કરીએ તો અમેરિકામાં ૧,૯૯૭ લોકોનાં મોત નીપજ્યાં છે.

યુ.એસ. માં, મૃત્યુની સંખ્યા માત્ર ચાર જ દિવસોમાં ૩૦,૦૦૦ થી ૪૦,૦૦૦ સુધી પહોંચી ગઈ. વિશ્વનાં કોઈપણ દેશમાં કોરોના વાયરસને લીધે આ અત્યાર સુધીમાં સૌથી વધુ મૃત્યુ થયા છે. અહીં ચેપગ્રસ્ત લોકોની વાત કરીએ તો તે ૭.૫ લાખ છે. અહીં આ આંકડો માત્ર ૧૩ દિવસમાં બમણો થઈ ગયો છે. શનિવારે ૨૯,૦૦૦ ચેપગ્રસ્ત લોકો સંક્રમિત જોવા મળ્યા હતા.

આ વાયરસને કારણે યુ.એસ.માં લોકડાઉન થઈ રહ્યું છે, જેના કારણે અહીંની

અનુસંધાન પાના નં. ૬

રાજકારણ શરુ,ફડણવીસે ઉદ્ધવ સરકાર પર સવાલો ઉઠાવ્યા

મહારાષ્ટ્રના પાલઘરમાં ત્રણ લોકોની હત્યાઃ ૧૧૦ લોકોની ધરપકડ

મુંબઈ

સમગ્ર દેશમાં કોરોના લોકડાઉનની વચ્ચે મહારાષ્ટ્રના પાલઘર જિલ્લામાં મોબ લિંચિંગની શરમજનક ઘટના સામે આવી હતી. અહીં આશરે ૨૦૦ લોકોના ટોળાએ ૨ સાધુ અને ૧ ડ્રાઇવરને મારી-મારીને હત્યા કરી દીધી હતી. ઘટનાને લઈને વિપક્ષ ઉદ્ધવ ઠાકરે સરકાર પર સતત પ્રહારો કરી રહ્યું છે. તો ત્રણ લોકોની કરપીણ હત્યા પર મહારાષ્ટ્ર સરકારે કાર્યવાહી કરતા ૧૧૦ લોકોને કસ્ટડીમાં લીધા છે. તેની માહિતી મહારાષ્ટ્ર મુખ્યમંત્રી કાર્યાલયે આપી છે. એટલે કે ઉદ્ધવ સરકારે આ અંગે ટ્વીટ પણ કરી.

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી કાર્યાલય (સીએમઓ)એ ટ્વીટ કર્યું, પાલઘરની ઘટના પર કાર્યવાહી કરવામાં આવી છે. જેણે ૨ સાધુ, ૧ ડ્રાઇવર અને પોલીસકર્મીઓ પર હુમલો કર્યો હતો. પોલીસે ઘટનાના દિવસે તે તમામ આરોપીઓની ધરપકડ કરી લીધી છે. આ ગુનો અને શરમજનક કૃત્યના ગુનેગારોને કઠોર સજા આપવામાં આવશે.

મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું, પાલઘરમાં જે ક્રૂરતાની સાથે મોબ લિંચિંગ થયું, તે માનવતાને શર્મસાર કરનાર છે. હું એક ઉચ્ચ સ્તરીય તપાસની માગ કરું છું. જલદી કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે.

અનુસંધાન પાના નં. ૬

મૉબ લિન્ચિંગ કેસઃ અમિત શાહે ઉદ્ધવ ઠાકરે પાસે રિપોર્ટ માંગ્યો, ૨ પોલીસકર્મી સસ્પેન્ડ

મહારાષ્ટ્રના પાલઘરમાં ૧૭ એપ્રિલે ચોરીની શંકામાં ત્રણ લોકોની ગ્રામીઓએ મારી મારીને હત્યા કરી દીધી. આ ઘટના વિશે હવે ગૃહ મંત્રાલયે મહારાષ્ટ્ર સરકાર પાસે રિપોર્ટ માંગ્યો છે. આ સાથે જ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પાલઘરની ઘટના પર મહારાષ્ટ્રના સીએમ ઉદ્ધવ ઠાકરે સાથે વાત પણ કરી છે. કેસને ધ્યાનમાં લેતા પાલઘરના એસપી ગૌરવ સિંહે કાસાના પોલિસ સ્ટેશનના બે પોલિસ કર્મીઓ સસ્પેન્ડ કરી દીધા છે.

કેનેડામાં શૂટઆઉટઃ પોલીસ યૂનિફોર્મ પહેરી હુમલાખોરે ૧૩ લોકોની ગોળી મારી હત્યા કરી

ટોરેન્ટો

કેનેડાના નોવા સ્કોટિયામાં પોલીસ યૂનિફોર્મ પહેરીને હુમલખોરે અંધાધૂંધ ફાયરિંગ કરવાનું શરૂ કરી દીધું જેના કારણે ૧૩ લોકોનાં મોત થયા છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને હુમલાખોરને રોકવાનો પ્રયાસ કર્યો પરંતુ ક્રોસ ફાયરિંગમાં પોલીસની ગોળીથી તેનું ઘટનાસ્થળે જ મોત થઈ ગયું. કેનેડામાં ૩૦ વર્ષ બાદ આ પ્રકારની કોઈ ઘટના જોવા મળી છે.

આ શૂટઆઉટમાં એક પોલસકર્મીનું પણ બચાવા કાર્ય દરમિયાન ગોળી વાગવાથી મોત થયું છે. આ ઘટના હેલિફેક્સ ટાઉનથી ૧૦૦ કિલોમીટર ઉત્તરમાં પોર્ટપિક નામના એક કસ્બામાં બની છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચી એક ઘરેથી એનક લોકો કબજામાં લીધી છે. નોંધનીય છે કે કેનેડાના આ વિસ્તારમાં પણ કોરોના સંક્રમણને કારણે લૉકડાઉન લાગુ છે. આ વિસ્તારના અનેક ઘરોમાં આગ લાગવાની ઘટના પણ સામે આવી છે.

પોલીસે હુમલાખોરની ઓળખ ૫૧ વર્ષીય ગ્રેબિયલ વોર્ટમૈન હોવાનું જણાવ્યું છે. પોલીસ મુજબ, ગેબ્રિયલ અહીંનો રહેવાસી નહોતો અને ક્યારેક પોર્ટપિકે આવતો હતો. ગેબ્રિયલ માનસિક રીતે થોડો અસ્થિર હતો અને પોતાને પોલીસ અધિકારી સમજતો હતો. ત્યાં સુધી કે તેણે પોતાની કારને પણ કેનેડા માઉન્ટેડ પોલીસ ક્રૂઝર કારની જેમ ડિઝાઈન કરાવી હતી. આ ઘટનામાં હુમલાખોરની સાથે કથિત

અનુસંધાન પાના નં. ૬

રાજસ્થાનના નાગૌરમાં એક દિવસની નવજાત બાળકી કોરોના પોઝિટિવ

દેશમાં ૨૪ કલાકમાં ૧૫૦૦ કેસોનો વધારોઃ મૃત્યુઆંક વધીને ૫૪૩એ પહોંચ્યો

કુલ સંક્રમિતોનો આંકડો ૧૭૨૬૫ને પાર, મહારાષ્ટ્ર, દિલ્હી, ગુજરાત સૌથી વધુ પ્રભાવિત

ન્યુ દિલ્હી

દેશમાં કોરોના વાઈરસથી સંક્રમિત લોકોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. આ વાઈરસથી દેશમાં મૃત્યુ પામનારાની સંખ્યા ૫૪૩ થઈ ગઈ છે. તેમજ પોઝિટિવ કેસની સંખ્યા ૧૭ હજાર ૨૬૫ થઈ ગઈ છે. રાજસ્થાનના કોરોના હોટસ્પોટ બનેલા બાસની ગામમાં શનિવારે જન્મેલી બાળકી પણ સંક્રમિત મળી આવી છે. બની શકે છે કે આ દેશનો પહેલો એવો કેસ છે જેમાં એક દિવસની નવજાત બાળકી કોરોના પોઝિટિવ મળી છે.

તેમાંય ઈન્દોર, મુંબઈ, પુણે, જયપુર અને પશ્ચિમ બંગાળના કોલકાતા, હાવરા, ઈસ્ટ મિદનાપુર, નોર્થ ૨૪ પરગણા, દાર્જિલિંગ, કાલિમ્પોંગ અને જલપાયગુરીમાં સ્થિતિ વધુ ખરાબ હોવાનું કેન્દ્ર સરકાર દ્વારા જણાવાયું છે.

મહારાષ્ટ્રમાં કોરોનાના ૪,૨૦૩ કન્ફર્મ કેસો છે, અને ૨૨૩ લોકોના મોત થયા છે. મધ્ય પ્રદેશમાં ૧,૪૦૭ કેસો છે અને ૭૦ લોકોના મોત થયા છે. રાજસ્થાનમાં ૧,૪૭૮ કેસ નોંધાયા છે જ્યારે ૧૪ લોકોના મોત થયા છે. બંગાળાં ૩૩૯ પોઝિટિવ દર્દીઓ છે, અને ૧૨ લોકોના મોત થયા છે.

ગુજરાતમાં પણ કોરોનાનો આંકડો ૧૮૫૧ પર પહોંચ્યો છે. જોકે, રાજ્યમાં લોકડાઉનનું પાલન યોગ્ય રીતે પાલન કરાવવા ઉપરાંત, હોટ સ્પોટ્સમાં કરફ્યુનું પાલન કરાવાઈ રહ્યું છે. આ ઉપરાંત, ટેસ્ટિંગની સંખ્યામાં પણ મોટો વધારો કરવામાં આવ્યો છે. દિલ્હીમાં કુલ કેસની સંખ્યા ૨૦૦૩ થઈ, ૨૯૦ દર્દીઓ સાજા થયા તો ૪૫ લોકોના મોત થયા છે. યુપીમાં કુલ કેસની સંખ્યા ૧૧૦૦થઈ. અહીં એક જ દિવસમાં ૧૨૫ કેસ નોંધાયા છે. યુપીમાં ૧૧૭ લોકો સાજા થયા, ૧૭ લોકોના અત્યાર સુધીમાં મોત થયા છે. રાજસ્થાનમાં કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યા

અનુસંધાન પાના નં. ૬

મુંબઈ : ૩૦થી વધુ પત્રકાર કોરોના પોઝિટિવ આવ્યા છે

ઈલેક્ટ્રોનિક મિડિયાના પત્રકારોની સંખ્યા વધુ : ધારાવીમાં કેસની સંખ્યા વધીને ૧૩૮ : મોતનો આંક વધી ૧૧ થયો

નવી દિલ્હી

દેશમાં કોરોના-૧૯નો આતંક યથાવતરીતે જારી રહ્યો છે. મુંબઈમાં ૩૦ પત્રકારો કોરોના પોઝિટિવ આવ્યા છે જેમાંથી મોટાભાગના પત્રકારો ઈલેક્ટ્રોનિક મિડિયા સાથે જોડાયેલા હોવાની વિગતો ખુલી છે. પત્રકારોની એક એસોસિએશનના અધિકારીએ આજે અંગેની માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે, છેલ્લા સમાહમાં અહીં આયોજિત કરવામાં આવેલા એક સ્પેશિયલ કેમ્પમાં મિડિયા કર્મીઓના પરીક્ષણ કરવામાં આવ્યા હતા જેમાં ૩૦થી વધુ પત્રકારો કોરોના પોઝિટિવ આવ્યા હતા. ટીવી જર્નાલિસ્ટ એસોસિએશનના અધ્યક્ષ વિનોદ જગદલેએ કહ્યું હતું કે, હજુ સુધી પ્રાપ્ત થયેલા પરીક્ષણના રિપોર્ટની સંખ્યા ઉપલબ્ધ થઈ નથી પરંતુ આશરે ૩૦ જેટલા પત્રકારો કોરોના પોઝિટિવ આવી ચુક્યા છે. વિનોદે કહ્યું હતું કે, આ આંકડો હજુ વધુ ઉપર જઈ શકે છે. બીએમસીના એક અધિકારીએ કહ્યું છે કે,

અનુસંધાન પાના નં. ૬

આજની પરિસ્થિમાં આપની આવક વધારવા અને આપની તંદુરસ્તી માટે નીચેની લિંક ખોલી જુઓ

સામાન્ય માણસ જ્યારે કોરોનાની મહામારી અને મંદીનો સામનો કરી રહ્યું છે ત્યારે ૧૬ વર્ષ જુના જંગ એ ગુજરાત અખબાર ગ્રુપનું નવું નજરાણું

MARKET4U(OPC) PRIVATE LIMITED

જેમાં જુદા જુદા બે પ્લેટફોર્મ ની લિંક અત્રે પ્રસ્તુત છે જે લિંક ખોલી આપ વિગત સમજી શકશો ન સમજાય તો અમારા 9904733000 અને 9978406257 પર કોલ કરી શકો છો.

www.market4u.in

જ્યાં આપ પોતાની જાહેરાત અને જરૂરિયાં માત્ર રૂપિયા ૫૫૦/- માં ૬ મહિના સુધી કરી ખૂબ પ્રસિદ્ધિ કરી કમાઈ શકશો

www.connectindians.in

જ્યાં આપ જોડાયબદ અન્યને market4u ની વિગત સમજાવી અન્ય ને જોડશો તો મહેનત મુજબ ખુબ કમાઈ શકશો તદુપરાંત અમે લાવ્યા છીયે આપના સ્વસ્થ્ય માટે જરૂરી નેગેટિવ આયન્સ રિસ્ટબેન્ડ જે આપને માટે હાલના સમયમાં ખુબજ જરૂરી છે નેગેટિવ આયન એટલે શું? શામાટે આપણા સ્વસ્થ જીવન માટે જરૂરી છે? ક્યાંથી મેળવી શકશો આપ?

9978406257

http://www.jungegujarat.in/negative-ion/

પેરિસમાં સાફ-સફાઈના પાણીમાં કોરોના વાયરસના સૂક્ષ્મ અંશ મળ્યા

દુનિયામાં ૨૪ લાખથી વધુ કોરોનાના કેસઃ ૧.૬૫ લાખના મોત

જાપાનમાં કોરોનાના દર્દીની સંખ્યા ૧૦ હજારને પાર

વોશિંગ્ટન/મેડ્રિડ

દુનિયામાં કોરોનાના કેસ ૨૪ લાખથી વધારે નોંધાયા. જ્યારે કે ૧.૬૫ લાખ લોકોના કોરોનાથી મોત થયા છે. અમેરિકામાં કોરોનાથી સૌથી વધારે મોત થયા છે. અમેરિકા બાદ ઈટાલી કોરોનાથી પ્રભાવિત છે. ઈટાલીમાં આશરે ૨૩ હજાર જેટલા લોકોના મોત થયા છે. જ્યારે સ્પેનમાં કોરોનાથી ૨૦ હજારથી વધારે લોકોના મોત થયા છે.

અહીં રવિવારે ૨૪ કલાકમાં ૪૧૦ લોકોના મોત થયા છે. તો બીજી તરફ જર્મનીમાં પણ કોરોનાના સંક્રમિતોની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે. જોકે, રવિવારે કોરોનાના ૨૯૯ કેસ નોંધવામાં આવ્યા.

જાપાનમાં કોરોનાના દર્દીની સંખ્યા ૧૦ હજારને પાર પહોંચી છે. જેથી જાપાનમાં સરકારે કટોકટી પણ જાહેર કરી છે. તો ફ્રાન્સમાં કોરોનાનો ચેપ નેવીના જવાન સુધી પહોંચ્યો છે. ચાર્લ્સ ડે ગોલ પર સવાર ૧ હજાર ૭૬૦ જવાન પૈકી ૧ હજાર ૪૬ જવાનનો રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે. જેથી તમામ જવાનને સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.

પેરિસના એક અધિકારીના જણાવ્યા અનુસાર પેરિસના પીવા સિવાયના વપરાશના પાણીમાંથી કોરોના વાયરસના "માઈનસક્યૂલ અંશ" મળી આવતા હાહાકાર મચી ગયો છે. રોડ-રસ્તાની સાફ-સફાઈ માટે વપરાતા પાણીમાં કોરોના વાયરસના અંશ મળી આવ્યા છે. જોકે, પીવાના પાણીમાં આ વાયરસનો કોઈ ખતરો જોવા મળ્યો નથી. પેરીસના વોટર ઓથોરિટીની પ્રયોગશાળાએ પાટનગરમાંથી એકઠા કરેલા પાણીના ૨૭ નમૂનાઓમાંથી ચાર નમૂનામાં સામાન્ય પ્રમાણમાં વાયરસના અંશ જોવા મળ્યા હતા.

સાવધાની વર્તતા આ પાણીના સ્ત્રોતને તાત્કાલિક ધોરણે બંધ કરી દેવામાં આવ્યો છે. શહેરના પર્યાવરણીય અધિકારી, Blauelએ ભારપૂર્વક જણાવ્યું છે કે, 'પીવાનું પાણી સંપૂર્ણપણે સ્વતંત્ર સ્ત્રોતમાંથી પૂરુ પાડવામાં આવે છે તેથી કોઈ પણ પ્રકારનો ડર રાખ્યા વગર લોકો પાણી પી શકે છે, તે બિલકુલ સુરક્ષિત છે.

ઈન્ટરનેશનલ મોનિટરી ફંડએ જણાવ્યુ

કોરોના સામે લડવા વિશ્વભરની સરકારો-બેંકોએ ૧૪ લાખ કરોડ ડોલરના પેકેજ આપ્યા

વિવિધ દેશોની સરકારોએ આશરે રૂ. ૬૧૨ લાખ કરોડની આર્થિક સહાય જાહેર કરી,વિશ્વભરના દેશોની સેન્ટ્રલ બેંકોએ રૂ. ૪૫૯ કરોડથી વધુની રોકડ માર્કેટમાં વધારી

જિનિવા

ઈન્ટરનેશનલ મોનિટરી ફંડે જણાવ્યું હતું કે નવા કોરોના વાયરસ અને તેના આર્થિક પ્રભાવને પહોંચી વળવા વિશ્વભરની સરકારો અને કેન્દ્રિય બેંકોએ અત્યાર સુધીમાં કુલ ૧૪ લાખ કરોડ ડોલર (ડોલર દીઠ રૂ. ૭૬.૫૦ના હિસાબે ૧,૦૭૧ લાખ કરોડ) છે. આઈએમએફના અધ્યક્ષ લેસેત્જા કન્યાગોએ જણાવ્યું હતું કે કોરોના વાયરસ રોગચાળાએ સમગ્ર વિશ્વ સમક્ષ એક અતિ મુશ્કેલ પડકાર રજૂ કર્યો છે. આઈએમએફના ફિસ્કલ ટ્રેકર મુજબ વિવિધ દેશોની સરકારોએ આશરે ૮ લાખ કરોડ ડોલર (અંદાજે રૂ. ૬૧૨ લાખ કરોડ)ની આર્થિક સહાય છૂટી કરી છે. આ સિવાય વિવિધ દેશોની સેન્ટ્રલ બેંકોએ માર્કેટમાં ૬ લાખ કરોડ ડોલર (લગભગ રૂ. ૪૫૯ લાખ કરોડ)થી વધુની રોકડ વધારી છે.

લેસેત્જા કન્યાગોએ જણાવ્યું હતું કે, વિનિમય દર અને રોકડ દબાણ મુખ્ય પડકારો છે. લોકો પર રોગચાળાની અસર સિવાય તેની ગંભીર આર્થિક અસર પણ થશે. નબળા આરોગ્ય પ્રણાલીવાળા કોમોડિટી નિકાસકારો અને અર્થવ્યવસ્થાઓ, ખાસ કરીને ઉભરતા બજારો અને વિકાસશીલ દેશોને ગંભીર આર્થિક પરિણામોનો સામનો કરવો પડી શકે છે. આંતરરાષ્ટ્રીય સમુદાયે હજી સુધી આ પડકાર ઉપર વિજય મેળવ્યો નથી.

દરમિયાન, એક અલગ પ્રસંગે, આઈએમએફના એમડી ક્રિસ્ટલીના જ્યોર્જિવાએ કહ્યું કે કોરોના વાયરસનો રોગચાળો ફેલાય તે પહેલાંથી જ વૈશ્વિક અર્થવ્યવસ્થા ધીમી પડી રહી છે. હવે આ રોગચાળાને કારણે વૈશ્વિક અર્થવ્યવસ્થાની સ્થિતિ વધુને વધુ ગંભીર બની ગઈ છે અને ૨૦૨૦ માટે ગંભીર આર્થિક સંકળામણ નિશ્ચિત છે. વર્લ્ડ બેંક અને આઈએમએફની વાર્ષિક બેઠક દરમિયાન વિકાસ સમિતિની બેઠકને સંબોધન કરતાં જ્યોર્જિવાએ કહ્યું કે આ વર્ષના પહેલા ભાગમાં વૈશ્વિક અર્થવ્યવસ્થામાં નબળાઈને ટાળી શકાશે નહીં.

રોકડ લેવડ દેવડ થઈ ઓછી

લોકડાઉન વચ્ચે માર્ચમાં આરટીજીએસ ટ્રાન્ઝેક્શનમાં ૩૪ ટકાનો વધારો જોવા મળ્યો

મુંબઈ

કોરોના વાયરસ મહામારીના સંક્રમણને રોકવામાં માટે માર્ચ મહિનાથી દેશવ્યાપી લોકડાઉન શરૂ કરવામાં આવ્યું, લોકડાઉન પછી ડિઝિટલ ટ્રાંજેક્શનમાં વધારો થયો છે. ભારતીય રિઝર્વ બેંકના ડેટા મુજબ, માર્ચમાં બેંકોના રિયલ ટાઈમ ગ્રોસ સેલટમેન્ટ ટ્રાંજેક્શનમાં ૩૪ ટકાનો વધારો જોવા મળ્યો છે. માર્ચમાં આરટીજીએસના માધ્યમથી ૧૨૦.૪૭ લાખ કરોડ રૂપિયાનું ટ્રાન્જેક્શન કરવામાં આવ્યું છે. જ્યારે ફેબ્રુઆરી ૨૦૨૦માં આ આંકડા ખાલી ૮૯.૯૦ લાખ કરોડ રૂપિયા જ હતા.

રિપોર્ટ મુજબ બેંક ઈન્ડસ્ટ્રીના સુત્રોએ કહ્યું કે લોકડાઉનમાં કેશ અને તેના આધારિત સેવામાં ઘટાડો જોવા મળ્યો છે. ડેબિટ અને ક્રેડિટ કાર્ડ દ્વારા એટીએમથી કેસ નીકાળવામાં પણ ઘટાડો જોવા મળ્યો છે. કોરોના વાયરસના પ્રકોપ વધવાથી મલ્ટીનેશનલ કોર્પોરેશન્સ અને નાની કંપનીઓના કર્મચારીઓને ઘરથી કામ કરવા અને સોશિયલ ડિસ્ટેંસિંગ નિયમોના પાલન કરવાના કારણે માર્ચના ત્રીજા અને ચોથા સપ્તાહમાં ડિઝિટલ ફાઈનેંશિયલ ટ્રાંજેક્શનમાં વધારો જોવા મળ્યો છે.

રિપોર્ટ મુજબ માર્ચમાં દેશભરના કુલ ૫૫૨.૨૬ કરોડ ડિજિટલ ટ્રાંજેક્શન થયા. જેમાં ૧૦૭.૭૮ કરોડ મહિનાના પહેલા વીકમાં અને ૯૫.૫૭ કરોડ ટ્રાંજેક્શન બીજા સપ્તાહમાં કરવામાં આવ્યા. ડેટા મુજબ ત્રીજા અને ચોથા સપ્તાહમાં ટ્રાંજેક્શન ૧૨૪.૭૩ કરોડ અને ૨૨૪.૧૬ કરોડનો ઉછાળો જોવા મળ્યો. સરકારે ૨૪ માર્ચથી ૩૧ દિવસનું દેશવ્યાપી લોકડાઉન લાગુ કર્યું છે. અને તેને હવે ૩ મે સુધી લંબાવ્યું છે.

ફેબ્રુઆરી ૨૦૨૦ના બદલે માર્ચના ત્રીજા અને ચોથા સપ્તાહમાં ડિજિટલ પેમેન્ટ્સમાં ૧૫ ટકાનો વધારો જોવા મળ્યો છે. જાન્યુઆરીમાં પ્રતિદિન ૧૬.૮ કરોડ અને ફેબ્રુઆરી ૧૬.૨ કરોડની સામે માર્ચમાં પ્રતિદિવસ ડિજિટલ ટ્રાંજેક્શન વધીને ૧૮.૫ કરોડ સુધી પહોંચ્યું છે.

દિલ્હીના તુગલકાબાદમાં એકસાથે ૩૯ લોકો કોરોના પોઝિટિવ

ન્યુ દિલ્હી

દેશની રાજધાની દિલ્હીમાં કોરોના વાયરસનો આંકડો ખૂબ જ ઝડપી વધી રહ્યો છે. સરકાર તરફથી પણ તમામ સુરક્ષાના બંદોબસ્ત કરવા છતા પણ લોકો લોકડાઉનનુ ઉલ્લંઘન કરી રહ્યા છે. દિલ્હીમાં કોરોનાના કુલ દર્દીનો આંકડો ૨ હજારને પાર કરી ગયો છે. આ વચ્ચે દક્ષિણી દિલ્હીના તુગલકાબાદ વિસ્તારમાંથી એક હેરાન કરી આપનાર મામલો સામે આવ્યો છે.

ખરેખર, તુગલકાબાદ એક્સટેન્શનમાં ૩૯ લોકો એકસાથે કોરોના પોઝિટિવ મળી આવ્યા છે. આટલી મોટી સંખ્યામાં કોરોના પોઝિટિવના દર્દીઓના મળવાથી વિસ્તારમાં ડરનો માહોલ છે. જાણકારી પ્રમાણે, સૌથી પહેલા આ વિસ્તારમાં ૩ લોકોને કોરોનાના સંક્રમણની પુષ્ટી થઈ ગઈ છે. જેમાંથી એક પરચૂણ દુકાનનો માલિક પણ હતો. આ દુકાનદારના સંપર્કમાં આવવાથી બાકી લોકોમાં પણ સંક્રમણ ફેલાઈ ગયો છે. ત્યારબાદ અહીંયાની ગલી નંબર ૨૬ અને ૨૭ માં ૯૪ લોકોની મેડિકલ તપાસ કરવામાં આવી હતી. જેમંથી વધુ ૩૬ લોકો કોરોના પોઝિટિવ મળી આવ્યા હતા.

કોરોના મામલે પાકિસ્તાની મંત્રીની અજીબોગરીબ સલાહ!

ઈસ્લામાબાદ

કોરોના વાયરસના પ્રકોપે આખા વિશ્વને પ્રભાવિત કર્યું છે. આ વાયરસને ફેલાતો રોકવા માટે, સ્વાસ્થ્ય અધિકારી લોકોને સામાજિક અંતર રાખવા માટે, હાથને સારી રીતે ધોવા માટે, સ્વચ્છતા રાખવા માટે અને ફેસ પર માસ્ક પહેરવા મો અને પોતાના હાથ તેમજ ચહેરાને ગંદા હાથોથી સ્પર્શ ન કરવા માટેની સલાહ આપતા હોય છે.જો કે દુનિયાભરમાં કેટલાક લોકો એવા છે કે જેમની પાસે કેટલાક તાત્કાલિક ઉપાયો છે. પાકિસ્તાન સરકારના એક મંત્રી ડો. ફિરદોસ આશિક અવાનનો એક વીડિયો સામે આવ્યો છે. આ વીડિયોમાં તેમણે લોકોને અજીબો ગરીબ સલાહ આપી છે. તેમની આ સલાહને લઈને તેમની ખૂબ મજાક ઉડી રહી છે.

વીડિયોમાં ફિરદોસ કહે છે કે, તમારા પગને પણ પ્રોટેક્ટ કરવા જરુરી છે. માત્ર ચહેરાને જ પ્રોટેક્ટ કરશો તો વાયરસ નીચેથી આવશે એટલે કે પગથી ચહેરા સુધી આવશે. આપણ એક મેડિકલ સાયન્સ છે અને આપણે આના માટે સાથે મળીને કામ કરવાનું છે.

ટ્વીટર પર આ વીડિયોને ૧૮ એપ્રીલના રોજ શેર કરવામાં આવ્યો છે કે જેને અત્યારસુધીમાં ૮૦,૦૦૦ થી વધારે લોકોએ જોયો છે. સાથે જ ૪ હજારથી વધારે લાઈક્સ અને હજારથી વધારે રીટ્વીટ્સ થયા છે. ટ્વીટર પર લોકોએ પોતાની પ્રતિક્રિયાઓ આપી છે.

સુપ્રીમ કોર્ટનો ચુકાદો

પ્રતિનિધિત્વ તપાસ્યા વગર પ્રમોશનમાં અનામત નહીં

ન્યુ દિલ્હી

સુપ્રીમ કોર્ટે એસસી - એસટીને પ્રમોશનમાં અનામત અને સીનીયોરીટી રીઝલ્ટ બાબતે મહત્વપૂર્ણ ચુકાદો આપતા કહ્યું છે કે રાજય સરકાર પૂરતું પ્રતિનિધિત્વ ચકાસ્યા વગર પ્રમોશનમાં અનામતની સાથે સીનીયોરીટી રીઝલ્ટ ન આપી શકે. સુપ્રીમ કોર્ટે એમ નાગરાજ અને જરનૈલસિંહના કેસમાં બંધારણીય બેંચના જૂના ચુકાદાઓનો હવાલો આપતા કહ્યું કે, પ્રમોશનમાં અનામતની સાથે સીનીયોરીટી રીઝલ્ટ આપતા પહેલા પુરતું પ્રતિનિધીત્વ તપાસવું પડશે.

કોર્ટે શુક્રવારે પ્રમોશનમાં અનામત અંગેના આ કેસમાં રાજય સરકારના આદેશને યોગ્ય ગણાવનારા અધિકારીઓની અરજી રદ કરી હતી. આ ચુકાદો જસ્ટીસ મોહન એમ શાંતનગૌડર અને આર સુભાષ રેડ્ડીની બેંચે ઓરીસ્સા હાઈકોર્ટના ચુકાદાને યોગ્ય ઠેરવતા આપ્યો છે.

મહારાષ્ટ્રમાં કોરોનાએ રેકોર્ડ તોડ્યો, એક જ દિવસમાં ૫૫૨ કેસ નોંધાયા

મુંબઈ

સમગ્ર દેશ હાલ કોરોના વાઈરસ સામે જંગ લડી રહ્યું છે, પરંતુ આ જીવલેણ મહામારીએ મહારાષ્ટ્રને સૌથી વધુ અસર કરી છે. મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકાં સૌથી વધુ પોઝિટિવ કેસો સામે આવ્યાં છે. મહારાષ્ટ્રના અલગ-અલગ ભાગોમાં છેલ્લા ૨૪ કલાકમાં ૫૫૨ નવા કોરોના પોઝિટિવ કેસો સામે આવી ચૂક્યાં છે, જ્યારે આ દરમિયાન બીમારીના કારણે ૧૨ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે.

જણાવી દઈએ કે, મહારાષ્ટ્રમાં કોરોના વાઈરસના કારણે અત્યાર સુધીમાં કુલ ૨૨૩ લોકો મોતને ભેટ્યા છે. જે સમગ્ર દેશમાં કોઈ એક રાજ્યમાં સૌથી વધુ છે. મહારાષ્ટ્રમાં કોરોનાના કુલ પોઝિટિવ કેસો ૪૨૦૦ સુધી પહોંચી ચૂક્યાં છે. જ્યારે રાજ્યના પાટનગર મુંબઈમાં જ ૨૭૨૪ લોકો કોરોના પોઝિટિવ મળી આવ્યા છે, જ્યારે ૧૩૨ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. જો કે રાહતના સમાચાર એ પણ છે કે, રાજ્યમાં ૫૦૭ જેટલા દર્દીઓએ કોરોનાને માત આપીને સ્વસ્થ થઈ ચૂક્યાં છે. મહારાષ્ટ્ર સ્વાસ્થ્ય વિભાગના જણાવ્યા પ્રમાણે, કોરોના પોઝિટિવ કેસો સતત વધવાનું કારણ મોટી સંખ્યામાં લોકોનું કરવામાં આવી રહેલું ટેસ્ટિંગ છે.

દિલ્હી એમ્સમાં દાખલ હતા,સવારે ૧૦ કલાકે અંતિમ શ્વાસ લીધા

ઉ.પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના પિતા આનંદસિંહ બિષ્ટનું નિધન

ન્યુ દિલ્હી

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના પિતા આનંદ સિંહ બિષ્ટનું નિધન થયું છે. તેઓ લાંબા સમયથી બીમાર હતા. દિલ્હીની એમ્સમાં સારવાર ચાલતી હતી. યુપી સરકારે આનંદ સિંહ બિષ્ટના નિધનની પુષ્ટિ કરી છે.

યુપીના એડિશનલ ચીફ સેક્રેટરી (હોમ) અવનીશ અવસ્થીએ કહ્યું કે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના પિતાનું આજે સવારે ૧૦:૪૪ વાગ્યે સ્વર્ગવાસ થયા છે. અમે તેમના નિધન પર શોક સંવેદના પ્રકટ કરીએ છીએ.

ઉત્તરાખંડમાં પૌડી જિલ્લાના યમકેશ્વરના ગામ પંચુર નિવાસી આનંદ સિંહ બિષ્ટ (૮૯)ની ગયા મહિને ખૂબ જ તબિયત ખરાબ થયા બાદ તેમણે દિલ્હીના એમ્સ લાવ્યા હતા. અહીં તેમને એમ્સના એબી વોર્ડમાં રખાયા હતા. ગેસ્ટ્રો વિભાગના ડૉકટર વિનીત આહજાની ટીમ તેમની સારવાર કરી રહી હતી. રવિવારના રોજ અચાનક ફરીથી તેમની તબિયત બગડી હતી.

આનંદ સિંહ બિષ્ટને લાંબા સમયથી લીવર અને કિડીનીની સમસ્યા હતી. ડૉકટર્સ તેમનું ડાયાલિસીસ પણ કરતા હતા. પૌડીમાં તબિયત ખરાબ થયા બાદ તેમને પહેલાં જોલીગ્રાન્ટની હિમાલયન હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. અહીં તબિયત ના સુધરતા તેમને એર એમ્બ્યુલન્સથી દિલ્હી લવાયા. આનંદ સિંહ બિષ્ટ ઉત્તરાખંડમાં ફોરેસ્ટ રેન્જર હતા અને તેઓ ૧૯૯૧માં રિટાયર થયા ત્યારબાદથી તેઓ પોતાના ગામમાં આવીને વસ્યા હતા.

યોગી પિતાના અંતિમ સંસ્કારમાં સામેલ નહિ થાય,લખ્યો ભાવુક પત્ર

ઉત્તર પ્રદેશનાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પોતાના પિતા આનંદ સિંહ બિષ્ટનાં અંતિમ સંસ્કારમાં સામેલ નહીં થઈ શકે. પિતાનાં નિધન પર સીએમ યોગીએ એક પત્ર લખ્યો છે. તેમણે કહ્યું કે વૈશ્વિક મહામારી કોરોના વાયરસની વિરુદ્ધ ચાલી રહેલી લડાઈનાં કારણે હું અંતિમ સંસ્કારમાં સામેલ નહીં થઈ શકુ. લોકડાઉન બાદ દર્શનાર્થે જઈશ.

સીએમ યોગી આદિત્યનાથે પોતાના પત્રમાં લખ્યું છે કે, 'પિતાજીનાં કૈલાશવાસી થવા પર મને ભારે દુ:ખ અને શોક છે. તેઓ મારા પૂર્વાશ્રમનાં જન્મદાતા છે. જીવનમાં ઈમાનદારી, કઠોર પરિશ્રમ અને નિ:સ્વાર્થ ભાવથી લોક મંગળ માટે સમર્પિત ભાવની સાથે કાર્ય કરવાનાં સંસ્કાર બાળપણમાં તેમણે મને આપ્યો. અંતિમ ક્ષણોમાં તેમના દર્શનની હાર્દિક ઈચ્છા હતી.

પાકિસ્તાને ભારતમાં મુસ્લમાનો પ્રત્યે ભેદભાવ હોવાનું કહેતા ભારતે જડબાતોડ જવાબ આપ્યો

ઈસ્લામાબાદ/ન્યુ દિલ્હી

પાકિસ્તાન તરફથી ફરી હવે પેતરાબાજી શરૂ થઈ ગઈ છે. હવે તેણે ભારતમાં મુસલમાનો સાથે ભેદભાવ થતુ હોવાનું રટણ ચાલુ કર્યું છે. આ આરોપને ભારતે ફગાવી દીધો છે. પાકિસ્તાનના પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે જ્યારે સમગ્ર વિશ્વ કોરોનાવાયરસ સામે લડી રહ્યું છે ત્યારે ભારત સરકાર જાણીજોઈને મુસલમાનોને નિશાન બનાવી રહી છે. ભારત સરકાર તરફથી વિદેશ મંત્રાલયે તેના જવાબમાં કહ્યું કે આ વિચિત્ર વાત છે અને પોતાના ઘરની પિરસ્થિતિ સંભાળી ન શક્યા તેથી અસફળતા સામે ધ્યાન ભટકાવવાનો આ પેંતરો છે.

વિદેશ મંત્રાલય તરફથી પ્રવક્તા અનુરાગ શ્રીવાસ્તવે કહ્યું કે કોરોના વાયરસ સામે લડાઇ પર ધ્યાન આપવાની જગ્યાએ પાકિસ્તાન તેના પડોશી દેશો વિરુદ્ધ આધારહીન આરોપ લગાવી રહ્યું છે. પાકિસ્તાનના નેતૃત્વને ત્યાંના અલ્પસંખ્યકો પર ધ્યાન આપવું જોઈએ જ્યાં હકીકતમાં ભેદભાવ કરવામાં આવી રહ્યો છે.

ઈમરાન ખાને એક ટ્વીટ કરીને કહ્યું હતું કે કોરોના સામે મોદી સરકારની નીતિઓના કારણે હજારો લોકો રસ્તાઓ પર ભટકી રહ્યા છે અને ભૂખથી તડપી રહ્યા છે. લોકોની નારાજગીથી ધ્યાન હટાવવા માટે મોદી સરકાર જાણી જોઈને મુસલમાનોને ટાર્ગેટ કરી રહી છે. ઈમરાને મોદી સરકારની વિચારધારાની સરખામણી જર્મનીના નાઝીવાદ સાથે કરી હતી.

અફઘાનિસ્તાન રાષ્ટ્રપતિ કાર્યાલયમાં ૨૦ જેટલા કર્મચારીઓ કોરોના પોઝિટિવ

કાબૂલ

અફઘાનિસ્તાનના રાષ્ટ્રપતિ કાર્યાલયમાં લગભગ ૨૦ જેટલા કર્મચારીઓ કોરોના વાયરસથી સંક્રમિત હોવાનું ખુલ્યુ છે. હાલમાં એ જાણકારી નથી આવી કે, રાષ્ટ્રપતિ અશરફ ગની આ કર્મચારીઓના સંપર્ક આવ્યા છે કે, નહીં. જો કે, રાષ્ટ્રપતિ ભવને આ અંગે કોઈ ટિપ્પણી કરવાથી મનાઈ કરી છે. રાષ્ટ્રપતિ ગનીએ ખાસ કરીને લોકોથી દૂર રહેવાનું નક્કી કર્યું છે. અમુક ગણ્યા ગાંઠ્યા લોકો સાથે જ મુલાકાત થાય છે. ગની એટલા માટે પણ સાવધાની રાખી રહ્યા છે કેમ કે, તેમની ઉંમર પણ ૭૦ વર્ષ છે અને તેમને પહેલા પણ કેન્સર થઈ ચુક્યુ છે.



તુર્કીમાં કોરોનાનો હાહાકાર: સંક્રમિતોનો આંકડો વધીને ૮૨ હજારને પાર

અંકારા

કોરોનાએ સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવી દીધો છે. કોરોનાના કેસની સંખ્યા મામલે મિડલ ઈસ્ટમાં તુર્કીએ ઈરાનને પણ પછાડી દીધું છે. જી હા તુર્કીમાં કોરોનાના દર્દીઓની સંખ્યા વધીને ૮૨૩૨૯ થઈ ગઈ છે. ઈસ્તંબુલમાં છેલ્લાં ૨૪ કલાકમાં ૩૭૮૩ કેસ વધ્યા છે અને ૧૨૧ દર્દીઓના મોત થયા છે. આ સાથે દેશમાં કુલ મૃત્યુઆંક વધીને ૧,૮૯૦ થઈ ગયો છે.

તુર્કીના સ્વાસ્થ્ય મંત્રી ફહાર્ટિન કોકાએ કહ્યું કે મધ્ય-પૂર્વમાં કોરોનાના કેસ બાબતે અમે પહેલી વાર પડોશી દેશ ઈરાનથી આગળ નીકળ્યા છીએ. દેશમાં અત્યાર સુધીમાં કોરોનાના ૧૦,૪૫૩ દર્દી સાજા થઈ ચૂક્યા છે. ૨૪ કલાકમાં ૪૦,૫૨૦ લોકોના ટેસ્ટિંગ થયા. અહીં ૩૧ શહેરમાં લૉકડાઉન વધુ ૧૫ દિવસ લંબાવાયું છે.

ઈરાનના સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યાનુસાર અત્યાર સુધીમાં ૮૦ હજારથી વધુ લોકો કોરોનાની ઝપટમાં આવી ચૂક્યા છે. કુલ કેસ ૮૦,૮૬૮ થયા છે. સ્વાસ્થ્ય મંત્રાલયના પ્રવક્તા કિનુશ જહાનપુરે કહ્યું કે છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાથી ૭૩ મોત થઈ ચૂક્યા છે, જે સાથે દેશમાં કુલ મૃત્યુઆંક ૫,૩૦૧ થયો છે.

૪૧ આફ્રિકન દેશ પાસે ૨૦૦૦થી પણ ઓછા વેન્ટિલેટર

આફ્રિકન દ્વીપસમૂહ પર હવે કોરોનાનું સંકટ ઘેરાવા લાગ્યું છે. અહીં સૌથી મોટી ચિંતા એ છે કે કોરોના સામે લડવા માટે સારવારની સુવિધા નથી. ૪૧ આફ્રિકન દેશમાં ૨ હજારથી પણ ઓછા વેન્ટિલેટર છે. ૧૦ દેશ પાસે તો એક પણ નથી. ૧.૧૦ લાખની વસતીવાળા સુદાનમાં ૫ ઉપરાષ્ટ્રપતિ છે જ્યારે કુલ વેન્ટિલેટર માત્ર ૪ છે. સેન્ટ્રલ આફ્રિકન રિપબ્લિક પાસે ૫૦ લાખની વસતી વચ્ચે ૩ વેન્ટિલેટર છે. લાઈબેરિયામાં ૬ વેન્ટિલેટર છે, જેમાંથી એક અમેરિકન દૂતાવાસ માટે રિઝર્વ છે. ૨૦૦૦થી પણ ઓછા વેન્ટિલેટર પર સરકારી હોસ્પિટલોમાં કરોડો લોકોની સારવારની જવાબદારી છે.

બ્રિટનના વડાપ્રધાને કોરોના વાઈરસમાંથી સ્વસ્થ થયા બાદ ચાર્જ સંભાળ્યો

લંડન

દક્ષિણ પૂર્વ ઈંગ્લેન્ડ ચેકર્સની હોસ્પિટલમાં કોવિડ-૧૯ની સારવાર લીધા બાદ સ્વસ્થ થયેલા ઈંગ્લેન્ડના વડાપ્રધાન બોરીસ જોહન્સને સરકારની કામગીરી સંભાળી લીધી છે. બોરીસ જોહન્સને વિદેશ પ્રધાન સહિતના તેમના કેબિનેટને સૂચનાઓ આપવાનું શરૂ કર્યું છે. તેઓ હાલ ડાઉનિંગ સ્ટ્રીટથી દૂર રહે છે.

કોવિડ-૧૯ના સંક્રમણથી સ્વસ્થ થયા બાદ બોરીસ જોહન્સનને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. હવે તેઓ સરકાર ચલાવવા સક્રિય બન્યા છે.

ઉલ્લેખનિય છે કે, ગત રવિવારે હોસ્પિટલમાંથી રજા મળ્યા બાદ પહેલીવાર બોરીસ જોહન્સને તેના સલાહકારો સાથે રૂબરૂ બેઠક યોજી હતી.

ગોવા બાદ વધુ એક રાજ્ય મણિપુર કોરોના મુક્ત થયુ

ઈમ્ફાલ

કોરોના સામે ચાલી રહેલા યુદ્ધની વચ્ચે સારા સમાચાર આવી રહ્યા છે. ગોવા બાદ મણિપુર હવે કોરોના વાયરસનાં ચેપથી મુક્ત એવું બીજું રાજય બન્યું છે. મુખ્યમંત્રી એન બિરેન સિંહે ટ્વીટ કરીને આ માહિતી આપી છે. તેમણે કહ્યું હતું કે, મણિપુરને કોરોનાથી મુક્ત કરી દેવામાં આવ્યુ છે આ કહેવું જ આનંદકારક લાગે છે. તેમણે કહ્યું કે, તમામ દર્દીઓ સ્વસ્થ થઈ ગયા છે અને તેમનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે.

મુખ્ય પ્રધાન એન બિરેન સિંહે કહ્યું કે, રાજ્યમાં કોરોના વાયરસનાં કોઈ નવા કેસ નોંધાયા નથી. આ પહેલા એક રાહત ત્યારે મળી જ્યારે ગોવાનાં મુખ્યમંત્રી પ્રમોદ સાવંતે રવિવારે ટ્વિટ કર્યું કે ગોવા હવે કોરોના વાયરસથી મુક્ત છે, ત્યાંના તમામ ચેપગ્રસ્ત દર્દીઓ હવે સંપૂર્ણ સ્વસ્થ થઈ ગયા છે. સીએમ પ્રમોદ સાવંતે કહ્યું હતું કે, ૩ એપ્રિલ, ૨૦૨૦ થી રાજ્યમાં કોરોના વાયરસનો કોઈ નવો કેસ થયો નથી. કોરોના સંક્રમણની ચેનને તોડવામાં દેશનાં આ બે રાજ્યો પૂર્ણતઃ સફળ સાબિત રહ્યા છે. દેશમાં લોકડાઉનનો બીજો તબક્કો ૩ મે સુધી અમલમાં છે.

કોરોનાનું કોકડું ઉકેલવા ટ્રમ્પ અમેરિકી નિષ્ણાંતોની ટીમ વુહાન મોકલવાની તૈયારીમાં

વોશિંગ્ટન

કોરોના વાયરસની મહામારીએ દુનિયામાં એક પ્રકારની બેચેની ઉભી કરી દીધી છે. અમેરિકા સતત આ મહામારી માટે ચીનને જવાબદાર ગણાવી રહ્યું છે અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ આર-પારની લડાઈના મૂડમાં છે. હવે આ મહામારીની તપાસને લઈ અમેરિકા ચીનમાં પોતાના કેટલાંક એક્સપર્ટસને મોકલવા માંગે છે જેથી કરીને આ બીમારીની ઉપજની તપાસ કરી શકાય. ટ્રમ્પે સંકેત આપી દીધા કે તેઓ ચીનમાં પોતાના એક્સપર્ટસ મોકલવા માંગે છે જેથી કરીને કેસની તપાસ કરી શકાય.

ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં પ્રેસ કોન્ફરન્સ દરમ્યાન ચેતવણી આપી હતી કે ચીનને તેની સજા ભોગવવી જ પડશે. અમેરિકન રાષ્ટ્રપતિએ કહ્યું કે અમે ચીની અધિકારીઓ સાથે ઘણા સમય પહેલાં વાત કરી હતી કે અમે અંદર જવા માંગીએ છીએ. અમે જોવા માંગીએ છીએ કે વુહાનમાં શું થઈ રહ્યું છે, શું ચાલી રહ્યું છે. પરંતુ તેઓ અમારું સ્વાગત કરવા માટે તૈયાર નથી.

ચીનને લઈ ટ્રમ્પે કહ્યું કે જ્યારે ચીનની સાથે ટ્રેડ ડીલ થઈ તો હું ખૂબ ઉત્સાહી હતું, પછી ચીનથી આ બીમારી આવી, હવે વિષય ચિંતાનો થઈ ગયો છે. ઉલ્લેખનીય છે કે અમેરિકાએ પોતાના સ્તર પર આ વાયરસને લઈ તપાસ શરૂ કરી દીધી છે. અમેરિકા એ વાતની સચ્ચાઈ શોધી રહ્યું છે કે શું કોરોના વાયરસનો જન્મ વુહાનની એક લેબથી થયો હતો.

અમેરિકન રાષ્ટ્રપતિ સતત કોરોના વાયરસને ચાઈનીઝ વાયરસ કહેતા આવ્યા છે, હવે તેઓ એક પ્લેગની સંજ્ઞા આપી રહ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે અમારી તપાસમાં જે પણ સામે આવશે અમે તેના આધાર પર એકશન લઈશું.

દિલ્હીમાં કન્ટેન્ટમેન્ટ ઝોનમાં લોકોએ ચિકન બિરયાની, ગરમ સમોસા, મીઠાઈઓની માંગ કરી

ન્યુ દિલ્હી

દિલ્હીના કોરોના વાઈરસથી પ્રભાવિત કન્ટેન્ટમેન્ટ ઝોન અને ક્વૉરન્ટીન સેન્ટરોમાંના અધિકારીઓ લોકોની વિવિધ માંગોથી હેરાન છે. આ વિસ્તારના લોકો તેમની પાસે ચિકન બિરયાની, મટન, મિઠાઈઓ અને ગરમ સમોસાની માંગ કરી રહ્યાં છે. નરેલાના ક્વૉરન્ટીન સેન્ટરમાં તૈનાત એક અધિકારીએ નામ ન છાપવાની શરત પર જણાવ્યું કે કેટલાક લોકોએ તેમની પાસે ચિકન બિરયાની અને મટનની માંગણી કરી છે. દક્ષિણ દિલ્હીમાં ૯ કન્ટેન્ટમેન્ટ ઝોન છે. બીજા અધિકારીએ આ અંગે જણાવ્યું કે કેટલાક લોકોએ અહીં તેમની પાસે ગરમ સમોસાની માંગણી કરી હતી. આ સિવાય અધિકારીઓએ જણાવ્યું કે પૂર્વ અને મધ્ય દિલ્હીના કન્ટેન્ટમેન્ટ ઝોનના કેટલાક લોકોએ મીઠાઈઓની માંગણી પણ તેમની પાસે કરી હતી.

એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે અમે આવી માંગ પુરી ન કરી શકીએ. જ્યારે કોઈ એરિયાને સીલ કરીને તેને કન્ટેન્ટમેન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યો છે, એવામાં સંકટમાં અમારી ડ્યુટી શાકભાજી, પાણી અને દૂધ જેવી જરૂરી ચીજો ઉપલબ્ધ કરાવવાની છે. અમે અમારા ફીલ્ડ અધિકારીઓને કહ્યું છે કે આ પ્રકારની માંગણીઓની અવગણો. કન્ટેન્ટમેન્ટ ઝોનમાં કોઈ પણ વ્યક્તિને ઘરમાંથી બહાર જવાની પરવાનગી હોતી નથી. જ્યારે કોઈ વિસ્તાર કન્ટેન્ટમેન્ટ ઝોન જાહેર થાય છે તો પ્રશાસન અને પોલીસ અધિકારી એક વોટ્સઅપ ગ્રુપ તૈયાર કરે છે, એમા લોકો જણાવે છે કે તેમને કઈ-કઈ ચીજોની જરૂર છે. પછીથી અધિકારીઓ તેમની માંગ પુરી કરે છે.

૧ અઠવાડિયાની ડ્યૂટી અને ૧ અઠવાડિયાની રજા અપાશે
પ.બંગાળમાં તમામ સ્વાસ્થ્યકર્મીઓ સરકારી હેડક્વાર્ટરમાં જ રહેશે

કોલકાત્તા

કોરોના વાયરસની મહામારીના કારણે દેશ સહિત આખું વિશ્વ તેના સંકટથી ઘેરાયેલું છે. ભારતમાં પણ ઉત્તરોત્તર કોરોનાના કેસમાં વધારો થઈ રહ્યો છે. ત્યારે કોરોના સામેની જંગમાં લડતા સ્વાસ્થયકર્મી જે દિવસ-રાત એક કરી રહ્યા છે. આવા જ સ્વાસ્થયકર્મીઓ સાથે ઘણી-બધી જગ્યાએથી તેમની સાથે થતો દુર્વ્યવહાર અને તેમના પર હુમલાની ઘટના સામે આવી છે.

પશ્ચિમ બંગાળ સરકારે આ અંગે એક મહત્વનો નિર્ણય કર્યો છે. સરકારે સ્વાસ્થયકર્મીઓ માટે જાહેરાત કરી છે કે, હવે તમામ સ્વાસ્થયકર્મીઓ સરકારી હેડકવાટરમાં જ રહેશે. તેમને તમામ સુવિધા અહીં જ આપવામાં આવશે અને તમામ સ્વાસ્થયકર્મીને ૧ અઠવાડિયાની ડ્યૂટી અને ૧ અઠવાડિયાની રજા આપવામાં આવશે.

વડોદરામાં પણ કોરોના વિકરાળ રૂપ, વધુ એક મહિલાના મોટ સાથે કુલ મૃતાંક ૮ થયો

મહેસાણા

સમગ્ર ગુજરાતમાં કોરોના પોઝિટીવની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે, સાથે સાથે કોરોનાથી મૃત્યુ પામનારા લોકોની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. અમદાવાદ બાદ વડોદરામાં પણ કોરોનાના કારણે સ્થિતી ભયંકર બનતી જણાય છે. ત્યારે આજે વડોદરામાં કોરોનાથી વધુ એક દર્દીનું મોત થયુ છે. શહેરના ફતેપુર વિસ્તારમાં રહેતી મહિલા દર્દીનો રિપોર્ટ પોઝિટીવ આવ્યો હતો. જે બાદ તેનું સારવાર દરમ્યાન મોત થયું છે. ૫૫ વર્ષિય આ મહિલાનું કોરોનાની બિમારીના કારણે મોત થયુ છે. આ સાથે જ વડોદરામાં ૮ મૃત્યાંક થયો છે. આપને જણાવી દઈએ કે, કોરોના વાયરસના કારણે વડોદરામાં અત્યાર સુધીમાં ૮ લોકોના મોત થયા છે. આ સાથે જ વડોદરામાં કુલ કેસની સંખ્યા ૧૮૬ને પાર પહોંચી ગઈ છે. જો કે, સારી વાત એ છે કે, ૮ લોકો આ બિમારીથી સાજા થઈ રજા આપી દેવામાં આવી છે.

૧૬ કરોડ લાભાર્થીઓને કુલ ૩૬,૬૫૯ કરોડ રૂપિયા ટ્રાન્સફર કરાયા: સરકાર

ન્યુ દિલ્હી

લૉકડાઉનમાં ૨૪ માર્ચથી ૧૭ એપ્રિલ સુધીના તબક્કા દરમિયાન ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (ડીબીટી)નો ઉપયોગ કરતા ૧૬.૦૧ કરોડ લાભકર્તાઓના બૅંક ખાતાઓમાં કુલ ૩૬,૬૫૯ કરોડ રૂપિયા કરતાં પણ વધુ રકમ ટ્રાન્સફર કરવામાં આવી હોવાનું નાણા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું.

મિનિસ્ટ્રીએ કહ્યું હતું કે 'કન્ટ્રોલર જનરલ ઑફ અકાઉન્ટ્સ (સીજીએ) દ્વારા પબ્લિક ફાયનૅન્શિયલ મૅનેજમેન્ટ સિસ્ટમ (પીએફએમએસ) મારફત આ રકમ ટ્રાન્સફર કરાઈ છે.'

જે સ્કીમ મારફત આ રકમ ટ્રાન્સફર કરવામાં આવી છે એમાં પીએમ-કિસાન, મહાત્મા ગાંધી નેશનલ એમ્પ્લોયમેન્ટ ગૅરન્ટી સ્કીમ (એમજીએનઆરઈજીએસ), નેશનલ સોશિયલ અસિસ્ટન્સ પ્રોગ્રામ (એનએસએપી), પ્રાઇમ મિનિસ્ટર્સ માતૃ વંદના યોજના (પીએમએમવીવાય), નેશનલ રુરલ લાઈવલીહૂડ મિશન (એનઆરએલએમ), નેશનલ હેલ્થ મિશન (એનએચએમ) તેમજ વિવિધ મંત્રાલયોની સ્કોલરશિપ સ્કીમ (નેશનલ સ્કોલરશિપ પૉર્ટલ મારફત)નો સમાવેશ છે.

એ ઉપરાંત, પીએમ ગરીબ કલ્યાણ યોજના મારફત પણ પેમેન્ટ કરવામાં આવ્યા છે. ૫૦૦ કરોડ રૂપિયા જન ધન અકાઉન્ટ્સના મહિલા ખાતા ધારકોમાં જમા કરવામાં આવ્યા હતા. ૧૩મી એપ્રિલ સુધીમાં કુલ મળીને ૧૯.૮૬ કરોડ મહિલા લાભાર્થીઓને કુલ મળીને ૯,૯૩૦ કરોડ રૂપિયા વહેંચવામાં આવ્યા હતા. કુલ ૧૭,૭૩૩ કરોડ રૂપિયાની રકમ પીએમ-કિસાન સ્કીમ હેઠળ કુલ ૮.૪૩ કરોડ લાભાર્થીઓને પહોંચી છે, જ્યારે મનરેગા (એમજીએનઆરઈજીએ) હેઠળ ૧.૫૫ કરોડ બૅંક ખાતાઓમાં ૫,૪૦૬ કરોડ રૂપિયા વહેંચવામાં આવ્યા છે.

તેલંગાણા સરકારે લૉકડાઉન સાત મે સુધી વધાર્યુ

હૈદરાબાદ

દેશમાં કોરોના વાયરસનો ચેપ વધ્યા બાદ તેલંગાણા સરકારે મોટો નિર્ણય લીધો છે. ૩ મે સુધી લોકડાઉન વધારવાના કેન્દ્ર સરકારના નિર્ણય બાદ રાજ્ય સરકારે આને ૭ મે સુધી લંબાવી દીધું છે. આ નિર્ણય અંગે કેસીઆર સરકારે કહ્યું છે કે અમે તેલંગાણામાં તા ૭ મે સુધી લોકડાઉન લંબાવી દીધું છે અને આ ૮ મેના રોજ સમાપ્ત થશે. આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, "તેલંગાણામાં આ વાયરસને કારણે ૧૮ લોકોનાં મોત નીપજ્યાં છે, જ્યારે આ રોગથી ૧૮૬ દર્દીઓ સાજા થયા છે. રાજ્યમાં ચેપગ્રસ્ત દર્દીઓની કુલ સંખ્યા ૮૪૪ છે". રાજ્ય સરકાર દ્વારા કહેવામાં આવ્યું છે કે તેલંગાણામાં અત્યાર સુધીમાં માત્ર ૬૪ વિદેશથી આવેલા લોકો જ કોરોના સંક્રમિત હોવાનું જણાયું છે. હવે અમે દિલ્હીના નિઝામુદ્દીન સ્થિત મરકજમાં જોડાનાર જમાતની મુસાફરીના ઈતિહાસની શોધ કરી રહ્યા છીએ. રાજ્ય સરકાર દ્વારા લોકડાઉન વધારવાના નિર્ણય અંગે કહેવામાં આવ્યું છે કે અમે સુનિશ્ચિત કરીશું કે આખા તેલંગાણામાં તેનો કડક અમલ થઈ શકે.

ગૃહમંત્રી શાહે રાજ્ય સરકારોને ત્રણ અગત્યના આદેશ આપ્યા
લોકડાઉનમાં છૂટ દરમ્યાન કોઈ પણ ગાઈડલાઈનનું ઉલ્લંઘન થવું જોઈએ નહિ

ન્યુ દિલ્હી

લોકડાઉનમાં ઢીલની વચ્ચે ગૃહ મંત્રી અમિત શાહે રાજ્ય સરકારોને ત્રણ અગત્યના આદેશ આપ્યા છે. ગૃહ મંત્રાલયે તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશને કહ્યું કે લોકડાઉનમાં છૂટ દરમ્યાન કોઈપણ ગાઈડલાઈનનું કોઈ પણ સ્થિતિમાં ઉલ્લંઘન થવું જોઈએ નહીં, કારણ કે કેટલાંક રાજ્યોની ફરિયાદ આવી રહી છે કે ઉલ્લંઘન થઈ રહ્યું છે.

આ સિવાય ગૃહમંત્રાલયની તરફથી રાજ્યો અને કેન્દ્ર શાસિત રાજ્યોને રજૂ કરાયેલા આદેશમાં કહ્યું છે કે આંતર મંત્રીય સેન્ટ્રલ ટીમની રચના કરી છે જે એ સુનિશ્ચિત કરશે કે હેલ્થ વર્કર પર પ્રહારો ના થાય અને આ ટીમ જમીની સ્થિતિ પર તરત નિર્ણય લેશે. આ સિવાય કેરળ સરકારને પણ આદેશ રજૂ કરાયો છે.

ગૃહ મંત્રાલયે કેરળ સરકારને મોકલેલા આદેશમાં વાળંદની દુકાનો સહિત અન્ય દુકાનો ખોલવાની પ્રક્રિયાને કેન્દ્રીય ગાઈડલાઈન્સનું ઉલ્લંઘન ગણાવ્યું અને જવાબ આપવાનું કહ્યું છે. જો કે કેરળ સરકારે રેસ્ટોરાં, બુક સ્ટોર, નાની દુકાનો, નાના અંતર માટે શહેરો કે કસબામાં બસ યાત્રા, ફોર વ્હિલ વાળી ગાડીઓની પાછલી સીટ પર બે પેસેન્જર સહિત કેટલીય છૂટનું એલાન કર્યું છે.

આની પહેલાં ગૃહમંત્રાલયે રાજ્યોને નિર્દેશ આપ્યો હતો કે મજૂર જ્યાં છે ત્યાં જ રહે અને તેમના ખાવા-પીવાનો બંદોબસ્ત કરો. ગૃહમંત્રાલયે ઈ-કોમર્સ કંપનીઓને લઈને સ્પષ્ટતા કરી છે કે તેમને ઓરેન્જ કે ગ્રીન ઝોનમાં માત્ર જરૂરી વસ્તુઓની ડિલિવરીની જ મંતૂરી મળશે. તો વિમાન કંપનીઓને પણ છૂટ આપી છે કે તેઓ ૪ મેથી ડોમેસ્ટિક કે ઈન્ટરનેશનલ ઉડાનોનું બુકિંગ નેકસ્ટ આદેશ મળવા સુધી ના લે.

મહેસાણામાં લેવાયેલાં ૧૨૪ શંકાસ્પદ નમૂનામાંથી ૧૧૫ નેગેટિવ આવતા તંત્રમાં હાશકારો

મહેસાણા

કોવિડ-૧૯ વાયરસ સંક્રમણને પગલે આજદિન સુધી મહેસાણા જિલ્લામાં ૧૨૪ શંકાસ્પદ નમૂના લેવામાં આવ્યા છે. જે પૈકી ૧૧૫ નમૂના નેગેટિવ અને ૦૨ કેસ પોઝિટિવ આવ્યા હતા. જ્યારે ૦૭ કેસનું પરિણામ હાલમાં પેન્ડીંગ છે. મહેસાણા જિલ્લામાં આજ દિન સુધી નોંધાયેલ કુલ ૦૫ પોઝેટીવ કેસ પૈકી ૦૨ નમૂના વડનગર જીએમઈઆરએસ ખાતે લેવાયા હતા. જેનું પરિણામ પોઝિટિવ આવ્યુ હતું. જ્યારે અન્ય બે પૈકી ૦૧ શંકાસ્પદ નમૂનો ગાંધીનગર સિવિલ હોસ્પિટલથી અને ૦૧ નમૂનો એસ.વી હોસ્પિટલ અમદાવાદથી લેવાયો હતો. આ ઉપરાંત ૦૧ સેમ્પલ પ્રતિ નિયુક્તિ પર અમદાવાદ ગયેલા કર્મચારીનું અમદાવાદ ખાતે સેમ્પલ લઈ બી.જે.મેડીકલ કોલેજ ખાતે મોકલાયું હતું.

૧૯ એપ્રિલે જાહેર થયેલા પોઝીટીવ કેસમાં નેશનલ હેલ્થ મિશન હેઠળ તાલુકા હેલ્થ કચેરી મહેસાણા હસ્તકના આર.બી.એસ.કે ટીમમાં ફરજ બજાવતા તબીબો અને ટીમના કર્મચારીઓને ૦૯ એપ્રિલથી ૧૮ એપ્રિલ સુધી અમદાવાદ ખાતે કોરોનાગ્રસ્ત વિસ્તારમાં વિવિધ કામગીરી અન્વયે મોકલવામાં આવ્યા હતા. જેમાંથી એક તબીબનું સેમ્પલ ૧૭ એપ્રિલ ૨૦૨૦ના રોજ લેવામાં આવેલ હતું. જે સેમ્પલનું પરીણામ ૧૯ એપ્રિલે પોઝીટીવ આવ્યુ હતું. મહેસાણા જિલ્લામાં ૩૫ લોકો ગર્વમેન્ટ ક્વોરેન્ટાઈન ફેસીલીટીમાં અને ૨૦ લોકો પ્રાઈવેટ ક્વોરેન્ટાઈન ફેસીલીટીમાં છે. મહેસાણા જિલ્લામાં લોકડાઉન તથા જાહેરનામાનો ભંગ બદલ અત્યાર સુધીમાં ૩૯૭૮ ફરીયાદો નોંધાઇ છે.

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

તંત્રી લેખ

નિયંત્રણ હેઠળ કામ શરૂ

દુનિયાના તમામ દેશો આજે કોરોનાની સામે લડી રહ્યા છે. જો કે તમામની સામે સમસ્યા એક જ છે. આ સમસ્યા છે જે લોકોની સામે જાન બચાવવાના પ્રયાસમાં કદી તમામ કામો ઠપ્પ ન પડી જાય. આ દુવિધાને અમેરિકાના સંબંધમાં સૌથી સારી રીતે સમજી શકાય છે. જ્યાં ટ્રમ્પે દેશના જુદા જુદા રાજ્યોને મુક્ત કરવાના પોતાના વિવાદાસ્પદ નિવેદનના કારણે ચર્ચામાં છે. જો કે તેમનો હેતુ જીવનને વહેલી તકે પાટા પર લાવવા સાથે સંબંધિત છે. અમારે ત્યાં કોરોનાની સામે લડાઈમાં મુખ્ય રણનિતી એ રહી છે કે સંપૂર્ણ લોકડાઉનને પાળવામાં આવે. કોરોનાની ચેન તોડીને તેની ગતિને ધીમી કરી દેવામાં આવે. આ જ રણનિતી હેઠવ ૨૫મી માર્ચથી ૧૪મી એપ્રિલ સુધી અને ત્યારબાદ બીજા તબક્કામાં ત્રીજી મે સુધી લોકડાઉનની જાહેરાત કરવામાં આવી છે. જો કે વડાપ્રધાન મોદી પણ આ બાબતને સારી રીતે સમજે છે કે લોકડાઉનનના કારણે પરિણામ પણ કોરોના જેટલા જ ઘાતક રહી શકે છે. અર્થવ્યવસ્થા તો તમામ દેશોની ભાંગી પડી છે. ભારત માટે પણ તે ચિંતાજનક બાબત છે. દેશવાસીઓની તરત સમસ્યાઓ તરફ ધ્યાન આપવામાં આવે તો દરરોજની જરૂરી ચીજવસ્તુઓની ખાતરી કરવા માટે તેમના સપ્લાય ચેઈને જાળવી રાખવા માટેની બાબત પણ જરૂરી છે. આને ધ્યાનમાં રાખીને જ વડાપ્રધાને લોકડાઉનના બીજા તબક્કામાં બે હિસ્સા કરી દીધા છે. દેશમાં લોકડાઉનના ખાસ તબક્કાની શરૂઆત થઈ રહી છે. જેને ખાસ સેવાઓ અને ખાસ કારોબારને કઠોર શરતો હેઠળ શરૂ કરવામાં આવી છે. કોરોનાની તીવ્રતાના આધાર પર જુદા જુદા વિસ્તારોને રેડ, ઓરેન્જ, ગ્રીન ઝોનમાં વિભાજિત કરવામા આવ્યા છે. આ ઝોન આધારિત કામગીરીને મંજુરી આપવામાં આવી છે. સૌથી મોટી બાબત એ છે કે તમામ સરકારી ઓફિસ ખુલી ગયા છે. સમજવાની બાબત એ જરૂરી છે કે આ તબક્કામાં સામાન્ય નાગરિકોની સાથે સાથે પોલીસ અને વહીવટીતંત્ર માટે પણ અલગ અલગ પડકાર રહેનાર છે. લોકડાઉન તોડનાર લોકોની ઓળખ કરવાની બાબત હવે પોલીસ માટે મુશ્કેલરૂપ બનનાર છે. લોકડાઉનમાં નજરે પડનાર વ્યક્તિ પોતાની જાન પર ખેલીને ફરજ અદા કરવા જાય છે કે પછી રોડ પર ફરવા માટે જાય છે તે બાબત હવે પોલીસને વધારે હેરાન કરનાર છે. આ પ્રકારની સ્થિતી હવે તમામ જગ્યાએ થનાર છે. આના કારણે પોલીસને કેટલી તકલીફ થઈ રહી છે તે બાબત જાણવા માટેની બાબત ઉપયોગી રહી શકે છે. સૌથી પહેલા તો પોલીસને સહકાર આપવા માટે કોઈ પણ વ્યક્તિ નિયમો મુજબ ચાલે તે જરૂરી છે. કારણ કે લાભ ઉઠાવવાના પ્રયાસમાં કોરોના વાયરસને હવા મળી શકે છે. આના કારણે અન્ય લોકો પણ સકંજામાં આવી શકે છે. નિયમોને પાળીને હાલમાં ઘરમાં રહેવામાં આવે તે જરૂરી છે. કેટલીક શરતો સાથે ગ્રામ્ય વિસ્તારોમાં પણ તમામ પ્રવૃતિ હવે શરૂ થઈ રહી છે. સાથે સાથે મેન્યુફેકચરિંગ અને નિર્માણની પ્રવૃતિઓ પણ કેટલાક વિસ્તારમાં શરૂ થવા જઈ રહી છે. આ તબક્કો ખુબ સાવધાનીવાળો રહી શકે છે. સરકારની પણ આમાં કસોટી થનાર છે. ખાસ કરીને વહીવટીતંત્ર સામે નવા પડકારો રહેનાર છે.

પોલીસ અને વહીવટીતંત્ર સામે અનેક નવી સમસ્યા રહેશે : સરકારી ઓફિસો ખુલ્યા

કોરોના સંકટ વચ્ચે રાજનેતાઓ વિચિત્ર સ્થિતીમાં મુકાયા છે...

કોરોનાને ધર્મ ગુરૂઓનો ટેકો મળ્યો

પુજા સ્થળો પર સામાન્ય રીતે લોકો પોતાની ચિંતાને દુર કરવાના ઈરાદા સાથે પહોંચે છે પરંતુ આજે એવુ લાગી રહ્યુ છે કે ભગવાને પોતે પણ પોતાને ક્વાન્ટાઈન કરી લીધા છે. ધર્મગુરૂઓ અને ધાર્મિક ભાવનાઓને ભડકાવવા માટે સૌથી આગળ રહેલા રાજનેતાઓ પણ હાલમા એક પ્રકારની વિચિત્ર સ્થિતીમાં મુકાઈ ગયા છે. આ વિચિત્ર સ્થિતી એ છે જ્યારે રાજનેતાઓને પોતાના સમર્થકોને પુજા અર્ચના સ્થળ અને અન્ય ધાર્મિક સ્થળથી દુર રહેવા માટે અપીલ કરવાની ફરજ પડી રહી છે. હાલમાં એક બાબત સ્પષ્ટપણે ઉભરીને સપાટી પર આવી છે કે જ્યા પણ ધાર્મિક સમાગમના કાર્યક્રમો પર પ્રતિબંધ મુકવામાં વિલંબ થયો છે ત્યાં કોરોના વાયરસના કેસો દુનિયામાં અતિ ઝડપથી ફેલાઈ ગયા છે. ધાર્મિક કાર્યક્રમની અવધારણા સોશિયલ ડિસ્ટેન્સિંગના બિલકુલ વિરુદ્ધમાં છે. સીએનએન રીપોર્ટમાં હાલમાં દર્શાવવામાં આવ્યુ હતુ કે ઈરાનમાં એક લોકપ્રિય મસ્જિદના મૌલવીએ કોરોનાને ધ્યાનમાં લઈને લોકોને મસ્જિદમાં ન જવા માટે કહ્યુ હતુ. સાથે સાથે ઘરમાં નમાજ અદા કરવા માટે કહ્યુ હતુ. આ અપીલના કારણે મોટી સંખ્યામાં લોકો ભડકી ઉઠ્યા હતા. લોકોએ આ મૌલવીને જાનથી મારી નાંખવાની ધમકી આપી દીધી હતી. અંતમાં આ મૌલવીને પદથી દુર કરવામાં આવ્યા હતા. નવા મૌલવીએ આવતાની સાથે જ મસ્જિદમાં નમાજ અદા કરવાની મંજુરી આપી દીધી હતી. ત્યારબાદ ૧૬૦૦ લોકો મસ્જિદમાં એકત્રિત થયા હતા અને નમાજ અદા કરી હતી. ઈરાનમાં બે પવિત્ર સ્થળ રહેલા છે. જ્યાં શિયા મુસ્લિમો ભારે શ્રદ્ધા સાથે પહોંચે છે. મશહદ શહેર અને કુમ શહેરમાં ફાતિમા મસુમેહ તીર્થસ્થાનનુ ખાસ મહત્વ રહેલુ છે. પરંપરા મુજબ પહેલા શ્રદ્ધાળુઓ અહીં જમીનને સ્પર્શ કરે છે અને ત્યારબાદ પ્રવેશ કરે છે. આ બંને શહેરોમાં ઘુસવા પર ઈરાન સરકારે ૧૭મી માર્ચના દિવસે પ્રતિબંધ મુકી દીધો હતો. પરંતુ અલ્લાહ કોરોનાથી બચાવશે તેમ કહીને શ્રદ્ધાળુઓ તીર્થસ્થાનમાં ઘુસી ગયા હતા. ઈરાનની પોલીસે બળ પ્રયોગ કરીને તેમને ત્યાંથી ખદેડી મુક્યા હતા. આ ઘટનાઓની અસર એ થઈ હતી કે ઈરાનમાં કોરોના પિડિતની સંખ્યામાં સતત વધારો થતો ગયો હતો. તમામ લોકો સારી રીતે જાણે છે કે મધ્યપૂર્વના દેશોમાં સૌથી વધારે મોત ઈરાનમાં જ થયા છે. ઈઝરાયેલમાં પણ કોરોના અસરગ્રસ્ત યહુદીઓમાં ૩૫ ટકા તેમનુ છે. જે સિનેગોગ (યહુદીઓના પુજા સ્થળ) પોતે ગયા અથવા તો તે લોકોને મળ્યા ત્યાં ચિંતા વધી છે. દેશના કેટલાક અંધવિશ્વાસી લોકો સરકારના નિર્દેશોને પાળી રહ્યા નથી. તેમના આદેશ અને નિયમોનુ ઉલ્લંઘન કરી રહ્યા છે. સાથે સાથે લોકોને કહી રહ્યા છે કે અબ્રાહમ તેમને બચાવી લેશે.વિશ્વના જુદા દેશોમાં આવા ધાર્મિક કાર્યક્રમ થયા હતા. મલેશિયામાં ફેબ્રુઆરીમાં તબલીગી જમાતની એક આંતરરાષ્ટ્રીય સભા થઈ હતી. જેમાં ૧૬૦૦ લોકો સામેલ થયા હતા. ત્યારબાદ તેના કેટલાક પ્રચારક આસપાસના દેશો જેમ કે ભારત અને પાકિસ્તાન આવ્યા હતા. આ સભા આ તથ્ય છતાં આયોજિત કરવામાં આવી હતી કે તે પહેલા ૩૦મી જાન્યુઆરીના દિવસે જ વિશ્વ આરોગ્ય સંગઠને કોરોનાને લઈને હેલ્થ ઈમરજન્સી જાહેર કરી દીધી હતી. દિલ્હીમાં થયેલી તબલીગી જમાતની બેઠકમાં સામેલ થયેલા લોકો પૈકી મોટા ભાગના લોકો કોરોના વાયરસગ્રસ્ત નિકળ્યા હતા. જમાતના નેતૃત્વની આ બિન જવાબદારીવાળા કૃત્યના કારણે તેની કિંમત એવા તમામ લોકો ભોગવી રહ્યા છે જે બેઠકના ભાગીદારોને મળ્યા હતા. સામાન્ય મુસ્લિમ પણ પ્રજાના રોષનો શિકાર થઈ રહ્યા છે. જેમના તબલીગી જમાત સાથે કોઈ લેવાદેવા નથી. આ કાર્યક્રમનુ આયોજન એ વખતે કરવામાં આવ્યુ હતુ જ્યારે દિલ્હીમાં કોમી તોફાન થઈ ગયા હતા. કટ્ટર હિન્દુ સંગઠન મુસ્લિમ વિરોધી પ્રચારમાં જોડાયેલા હતા. તબલીગી જમાતે આનુ કામ સરળ બનાવ્યુ હતુ. આ બાબત પણ ગળે ઉતરી રહી નથી કે એક વધુ કાર્યક્રમનુ આયોજન કેમ થવા દીધુ હતુ. કારણ કે સ્થળથી દસ કિલોમીટરના અંતરે પોલીસ સ્ટેશન પણ છે. તબલીગી જમાત સાથે સંબંધિત એક કાર્યક્રમ માર્ચમાં પાકિસ્તાનમાં થનાર હતો પરંતુ પાકિસ્તાનની સરકારે છેલ્લી ઘડીએ આ કાર્યક્રમ રદ કરી દીધો હતો. કમનસીબ બાબત એ રહી કે જ્યાં સુધી પ્રતિબંધ લાગુ કરવામાં આવ્યા ત્યાં સુધી કેટલાક તબલીગી પાકિસ્તાનના લાહોરમાં પહોંચી ગયા હતા. જેથી કેસો વધી ગયા હતા. અલ્લાહ અમને મસ્જિદ ન છોડવા માટે સલાહ આપે છે. અમે તબીબોની સલાહ માનીશુ નહીં આવા શબ્દો તો મૌલાના સાદના જ હોઈ શકે છે. તમામ મુસ્લિમોના આવા શબ્દો હોઈ શકે તેમ નથી. સાઉદીમાં તો ૨૦મી માર્ચના દિવસે મક્કા અને મદીનામાં ધાર્મિક સ્થળોને તાળા મારી દેવામાં આવ્યા હતા. સાવચેતીના પગલા લેવાયા હતા.



વિશ્વમાં જ્યાં પણ ધાર્મિક કાર્યક્રમો પર બ્રેક મુકવામાં વિલંબ થયો છે ત્યાં કોરોના વાયરસે ઝડપથી પગ પેસારો કરી દીધો છે

અમેરિકા, ઈટાલી, બ્રિટન,સ્પેનમાં કેસો વધાર્યા

સન્ડે માસ પ્રેયરથી કેસ વધ્યા

અમેરિકા, બ્રિટન, ઈટાલી, સ્પેન, દક્ષિણ કોરિયા અને અન્ય કેટલાક દેશોમાં દરેક સન્ડેના દિવસે યોજાનાર માસ પ્રેયરના કારણે કોરોનાના કેસોમાં ઝડપથી વધારો થયો હતો. કોરોનાના કેસો વધારી દેવામાં તેની ચાવીરૂપ રહેલી છે. તમામ લોકોને આ અંગે માહિતી નથી કે માર્ચ મહિનાના અંતિમ રવિવારના દિવસે અમેરિકી રાજ્ય લુઈસિયાનામાં ૧૬૦૦ લોકો ચર્ચની માસ પ્રેયરમાં સામેલ થયા હતા. જ્યાં લોકો એકબીજાને ગળે મળ્યા હતા. હાથ મિલાવ્યા હતા. એકબીજાને ચુંબન કર્યા હતા. આ માસ પ્રેયરમાં આ તમામ ગતિવિધી જોવા મળી હતી. ભાગીદારોનો વિશ્વાસ હતો કે ગોડ તેમને બચાવી લેશે. દક્ષિણ કોરિયાના પાટનગર સિયોલમાં ૨૨મી ફબ્રુઆરીના દિવસે ચર્ચ બંધ કરી દેવાના નિર્ણય સામેના વિરોધમાં એક પ્રચંડ રેલી કાઢવામાં આવી હતી. માનવતા આજે એક એવા ખતરાનો સામનો કરી રહી છે જે આ જોતો નથી કે સામેવાળી વ્યક્તિ આસ્તિક છે કે પછી નાસ્તિક છે. હિન્દુ છે કે મુસ્લિમ છે. આ તથ્ય જ જનતાને અંધવિશ્વાસ અને અંધ શ્રદ્ધા પર વિજય મેળવી લેવામાં મદદ કરી શકે છે. અમને એક તાર્કિક સમાજની રચના કરવાની દિશામાં પહેલ કરવાની જરૂર છે. હિન્દુ ધર્મની વાત કરવામાં આવે તો લોકડાઉનની વચ્ચે રામનવમી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. યુપીના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ પોતે અયોધ્યા પહોંચી ગયા હતા. તેઓએ સોશિયલ ડિસ્ટેન્સિંગની ચિંતા કર્યા વગર પુજા અર્ચના કરી હતી. ત્યા હાજર રહેલા અયોધ્યા મંદિર ટ્રસ્ટના અધ્યક્ષ આચાર્ય પરમહંસે કહ્યુ હતુ કે ભગવાન રામ તમામ લોકોન કોરોનાની સામે રક્ષમ આપનાર ચે. ૧૬-૧૭મી માર્ચ સુધી સિદ્ધિ વિનાયક મંદિર, ઉજ્જેનના મહાકાળેશ્વર મંદિર અને શિરડીમાં સાંઈ મંદિર ખુલ્લા રહ્યા હતા. તિરુપતિ વેંકટેશ્વર મંદિર અને વૈષ્ણોદેવી મંદિર પણ શ્રદ્ધાળુઓ માટે ખુલેલા રહ્યા હતા. વારાણસીના કાશી વિશ્વનાથ મંદિરમાં પણ ૨૦મી માર્ચ સુધી શ્રદ્ધાળુઓ આવતા રહ્યા હતા. પંજાબના એક ગ્રંથી બલદેવસિંહ રાગી પોતાની કીર્તન મંડળીને લઈને ઈટાલી અને જર્મની ગયા હતા. ત્યાંથી કોરોના લઈને આવ્યા હતા. આ બાબત તંત્રથી છુપાવી હતી. ત્યારબાદ આનંદપુર સાહિબમાં હોળીના અવસર પર આયોજિત કાર્યક્રમમાં મંડળી પહોંચી ગઈ હતી. આ મંડળીએ ત્યારબાદ કોરોનાના રૂપમાં પ્રસાદ તમામને આપી દીધો હતો. જેના કારણે જ પંજાબમાં કેસોમાં એકાએક વધારો થઈ ગયો છે.



આ વાયરસ એવા છે જેના વગર માનવી જીવી શકે તેમ પણ નથી

કેટલાક વાયરસ એવા છે જે જરૂરી

કોરોના વાયરસ હાલમાં ભલે દુનિયામાં હાહાકાર મચાવે છે. દુનિયામા ભલે તેના કારણે ભારે ખૌફ છે. પરંતુ ખુબ ઓછા લોકો આ બાબતતી વાકેફ છે કે શરીરમાં કેટલાક એવા વાયરસ પહેલાથી જ રહેલા છે. આ એવા વાયરસ છે જેમના કારણે જ આજે અમે જીવિત રહ્યા છીએ. જો આ પ્રકારના વાયરસ શરીરમાં ન હોય તો માનવી જીવી શકે તેમ નથી.કોરોના વાયરસ ભલે અમને ફફડાટમાં મુકે છે પરંતુ વાયરસ અમારા માટે મહત્વપૂર્ણ છે. અમે અહીં કોરોના વાયરસની વાત કરી રહ્યા નથી. દુનિયાભરમાં અનેક પ્રકારના વાયરસ રહેલા છે. તે પૈકી કેટલાક તો શરીરમાં રહે છે. કેટલાક વૈજ્ઞાનિક શોધના તારણ પણ સપાટી પર આવી ચુક્યા છે. જેમાં કહેવામાં આવ્યુ છે કે શરીરમાં કેટલાક વાયરસ રહેલા છે. આ વાયરસ શરીરમાં જુદી જુદી ભૂમિકા અદા કરે છે. કેટલાકના તો રોલ અમારા જન્મ પહેલા જ શરૂ થઈ જાય છે. છેલ્લા કેટલાક વર્ષોથી વૈજ્ઞાનિકો માનવી શરીરના ડીએનએ પર શોધ કરવામાં વ્યસ્ત છે., આ વૈજ્ઞાનિકોએ શોધી કાઢ્યુ છે કે ડીએનએમાં પણ વાયરસની વંશાવળી રહેલી છે. માનવીના જીનમાં વાયરસના આશરે એક લાખ નાના નાના કણો રહેલા છે. કેટલાક વૈજ્ઞાનિકો તો શોધના આધાર પર અહીં સુધી કહે છે કે અમે વાયરસના કારણે જ જીવિત રહેલા છીએ. થોડાક વર્ષો પહેલા ત્રણ દિવસના ભ્રુણમાં જેમાં કુલ આઠ કોશિકાઓ હતી. તેની અંદર માતા પિતાની આનુવાંશિક સામગ્રીની સાથે સાથે એચઈઆરવીકેના તત્વો હતા. આ ખબર નથી કે કેટલાક વર્ષોથી માનવીની અંદર છે. જોઆના વાયસક્કા નામના વૈજ્ઞાનિક માને છે કે આ કોશિકામાં વાયરસના અંશ મળી આવ્યા છે. જેને વાયરલ પ્રોટીન પ્રોડક્ટસ કહેવામાં આવે છે. તેમનુ કહેવુ છે કે આ વાયરસ પ્રોટીન બાકી વાયરસને ભ્રુણમાં ઘુસીને નુકસાન પહોંચાડતા રોકે છે. જેમાં ફ્લુ જેવી તકલીફ સામેલ છે. માનવામાં આવે છે કે આ આ નવા પ્રોટીન વાયરસ જ નવા વાયરસ જેવા કોરોનાથી નવજાત શિશુને બચાવવામાં મદદ કરે છે. આ પહેલા કેટલાક સંશોધનોમાં આ બાબત સપાટી પર આવી છે કે પ્લાસેન્ટા અટલે કે માતા અને બાળકને જોડનાર નાળ બનાવવામાં વાયરસની ચાવીરૂપ ભૂમિકા હોય છે. આની સાથે સાથે શોધ કરનાર ટીમ આ બાબત પણ હાલમાં અભ્યાસ કરી રહી છે કે સ્કીન બનાવવા, હાડકાનુ નિર્માણ કરવા, તેમજ અન્ય કામમાં કોઈ રીતે વાયરસની ભૂમિકા કેટલી રહેલી છે.આજ દુનિયાના દેશો કોરોનાના કારણે પરેશાન થયેલા છે. દુનિયાના ૨૧૦ દેશોમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૨૪૦૭૪૧૪ ઉપર પહોંચી ગઈ છે. જ્યારે કુલ મોતનો આંકડો ૧૬૫૦૭૩ ઉપર પહોંચી ગયો છે. દુનિયાના દેશોમાં ૫૪ હજારથી વધારે લોકો હજુ પણ ગંભીર બનેલા છે. જેના કારણે મોતનો આંકડો હજુ ખુબ ઉપર પહોંચી શકે છે. એકલા અમેરિકામાં મોતનો આંકડો ૪૦ હજારથી ઉપર પહોંચી ગયો છે. દુનિયાના ૨૧૦ કરતા વધારે દેશો કોરોનાના કારણે મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. તેમના અર્થતંત્ર ભાંગી પડવાના આરે પહોંચી ગયા છે. અમેરિક અર્થતંત્રને પણ ભારે નુકસાન થયુ છે. તમામ દેશો પગલા લઈ રહ્યા છે પરંતુ હાલમાં બિનઅસરકારક સાબિત થઈ રહ્યા છે. વિશ્વમાં કોરોનાની સ્થિતી કેટલી ખતરનાક છે તેનો અંદાજ આના પરથી જ લગાવી શકાય છે કે ૫૫ હજાર કરતા વધારે લોકો હજુ ગંભીર સ્થિતીમાં છે. મોતના આંકડાના મામલામાં અમેરિકા, સ્પેન, ઈટાલી, ફ્રાંસ, બ્રિટન, બેલ્જિયમ સૌથી આગળ રહ્યા છે. આ તમામ દેશોમાં મોટી સંખ્યામાં લોકોએ કોરોના વાયરસના કારણે દમ તોડી દીધા છે. આ તમામ પ્રકારના હચમચાવી મુકે તેવા કોરોનાના આંકડા વચ્ચે કેટેલાક એવા વાયરસની વાત કરવામાં આવી છે જે શરીરની અંદર રહે છે. તેમના વગર જીવન મુશ્કેલ હોયછે. કોરોના વાયરસને લઈને પણ વૈજ્ઞાનિકો હાલમાં અભ્યાસમાં લાગેલા છે. તેના તોડને શોધી કાઢવાના પ્રયાસ દુનિયાના તમામ દેશો કરી રહ્યા છે. જેમાં ભારતના વૈજ્ઞાનિકો પણ સામેલ રહેલા છે. વેક્સીન નિર્માણમાં પણ વૈજ્ઞાનિકો લાગેલા છે. એમ માનવામાં આવે છે કે આ વર્ષના અંત સુધી કોરોના વાયરસને રોકવા માટે વેક્સીન તૈયાર કરી લેવામાં આવનાર છે. હાલમાં દુનિયાના દેશો દિન રાત એક કરીને મહામારીને રોકવાના પ્રયાસમાં લાગેલા છે.



કોરોના વાયરસના કારણે ભલે હાલમાં તમામ લોકોમાં વ્યાપક ખૌફ છે પરંતુ શરીરમાં કેટલાક વાયરસ પહેલાથી જ રહેલા હોય છે

કાજલને અજય નહીં પણ પહેલાથી ગમતો હતો અક્ષય કુમાર



મુંબઈ

ફિલ્મ ઈન્ડસ્ટ્રીની વાર્તાઓ અને તેની સાથે સંકળાયેલા સ્ટાર્સ કહાની ક્યારેય જુની થતી નથી. કાજોલ અને કરણ જોહરની મિત્રતા વિશે સમગ્ર બોલિવૂડ ઈન્ડસ્ટ્રી જાણે છે. ૯૦ ના દાયકાની આ મિત્રતા બોલીવુડ માટે એક ઉદાહરણ છે. ૯૦ ના દાયકાની કરણ જોહર અને કાજોલની એક એવી કહાની છે, જે લોકડાઉનના આ દિવસોમાં ફરી તાજી થઈ છે. એક શોમાં, બંનેએ એક બીજા વિશે ઘણા મોટા ખુલાસા પણ કર્યા હતા. એક સમય હતો જ્યારે કાજોલ અક્ષય કુમારની દીવાની હતી. જ્યારે કાજોલ અને કરણ જોહર પહેલી વખત કપિલ શર્મા શોમાં પહોંચ્યા ત્યારે કરણે એક રસપ્રદ વાત કહી હતી. કરણે કહ્યું કે, 'હું કાજોલને ફિલ્મ હિનાની પ્રીમિયર પાર્ટીમાં મળ્યો હતો.અક્ષય પર કાજોલનો મોટો ક્રશ હતો અને તે પાર્ટીમાં તે અક્ષયને શોધી રહી હતી. હું તેમાં કાજોલને સપોર્ટ કરતો હતો. જોકે અમને અક્કી મળ્યો ન હતો, પરંતુ અમારી મિત્રતા શરૂ થઈ. અમે બંને દક્ષિણ મુંબઈમાં રહેતા હતા અને ત્યારબાદ અમારી મિત્રતા વધુ મજબૂત બની.

અક્ષય કુમાર અને કાજોલે પણ 'યે દિલ્લગી' ફિલ્મમાં સાથે કામ કર્યું હતું. આ ફિલ્મમાં મુખ્ય અભિનેતા તરીકે સૈફ અલી ખાન પણ હતો. 'દેખો જરા દેખો' ગીત એકદમ પ્રખ્યાત હતું. આ ગીતમાં કાજોલ અને અક્ષય કુમારે સાથે ડાન્સ કર્યો હતો. શોમાં કરણે જણાવ્યું હતું કે કાજોલ જ્યારે ૧૫ વર્ષની હતી અને તે ૧૭ વર્ષનો હતો ત્યારે બન્નેની પ્રથમ મુલાકાત એક 'ફિલ્મી' પાર્ટીમાં થઈ હતી, જ્યાં કાજોલ તેની માતા તનુજા સાથે હાજર હતી, જેમાં કરણ પણ શામેલ હતો. હું થ્રી પીસ સૂટ પહેરીને આ પાર્ટીમાં ગયો, મેં વિચાર્યું કે જો તે કોઈ ફીલ્મી પાર્ટી છે, તો તમારે તેના માટે જવું જોઈએ. તનુ આન્ટી, જે કાજોલની માતા છે. તે અમારા પારિવારિક મિત્ર હતા.

પાપા અને મમ્મી વર્ષોથી તનુ આન્ટીને ઓળખતા હતા. મને અને કાજોલને મળાવવામાં આવ્યા. તનુ આન્ટીએ અમારા બંનેને મળાવીને કહ્યું કે આ કરણ, યશ અને હિરોનો દીકરો છે અને આ કાજોલ છે. કાજોલ મને ઉપરથી નીચે તરફ જોઇ અને હસવા લાગી. મેં જોઇ લીધું હતું કે તે મારી પર હસી રહી છે. હું કરી પણ શુ શકું તનુ આન્ટીએ મને ડાન્સ કરવાની સલાહ આપી. જ્યારે હું ડાન્સ કરવા જઈ રહ્યો હતો ત્યારે કાજોલ મને જોઈને હસી રહી હતી. વર્ષ ૨૦૧૬માં શિવાય અને એક દિલ હે મુશ્કેલના રિલીઝ દરમિયાન કાજોલ અને કરણ વચ્ચે અણબનાવ થઇ ગયો હતો. જોકે, વર્ષ ૨૦૧૭માં કરણ જોહરના જુડવા બાળકો યશ અને રુહીએ જન્મ લીધો તો તે બાળપણના મિત્ર ફરીથી એક થઇ ગયા.

કોરોના સંકટ: લોકડાઉનમાં કેટરિના ઘેર બેઠાં કરી રહી છે ફિલ્મો સાઈન



મુંબઈ

કેટરિના કૈફ અત્યારે તેના આગામી પ્રોજેક્ટ્સ પર ધ્યાન આપી રહી છે અને તેના પર હોમવર્ક કરવું શરૂ કરી દીધું છે. તેમાંથી તેના એક પ્રોજેક્ટનું નામ છે 'ટેલિફોન ભૂત', જેનું ફરહાન અખ્તરની કંપની નિર્માણ કરી રહી છે.

કહેવાય છે કે ફિલ્મમાં કેટરિના સાથે વિકી કૌશલ ફાઇનલ થયો છે. ખાસ વાત એ છે કે અત્યારે લૉકડાઉનના કારણે કેટરિના ઘરમાં રસોઈ બનાવવી, ઝાડુ-પોચા કરવા અને વાસણ ઘસવા સાથે સાથે તેની ફિલ્મોનું કામ પણ કરી રહી છે. લૉકડાઉન પછી કેટરિના રોહિત શેટ્ટીની અક્ષય કુમાર સાથેની 'સૂર્યવંશી' ફિલ્મમાં જોવા મળશે. 'સૂર્યવંશી'માં કેટરિના કૈફ અને અક્ષય કુમાર ૧૦ વર્ષ પછી સાથે કામ કરી રહ્યા છે. આ ઉપરાંત કેટ તેના આગામી પ્રોજેક્ટ્સ બહુ સમજી-વિચારીને પસંદ કરવા માગે છે.

જામિયા વિદ્યાર્થીઓની ધરપકડ પર મહેશ ભટ્ટ સહિત બોલિવૂડ સેલેબ્સે વ્યક્ત કરી નારાજગી



મુંબઈ

નાગરિકતા સંશોધન કાયદા વિરુદ્ધ પ્રદર્શનમાં કથિત રીતે હિંસા ફેલાવવાના આરોપમાં જામિયા મિલિયા ઈસ્લામિયા યુનિવર્સિટીના બે વિદ્યાર્થીઓની ધરપકડ કરવામાં આવી છે. આ ધરપકડ પર બોલિવૂડના ઘણાં સેલેબ્સે વિરોધ પ્રગટ કર્યો છે અને કહ્યું છે કે વિરોધ કરવો એ ગુનો નથી.

બોલિવૂડ સેલેબ્સે એક પત્ર રિલીઝ કરીને દિલ્હી પોલીસની આકરી ટીકા કરી છે. આટલું જ નહીં આ નિવેદનમાં પોલીસના આ પગલાંને પૂરી રીતે અમાનવીય તથા લોકશાહી વિરુદ્ધનું ગણાવ્યું હતું. કોરોનાવાઈરસ આખા દેશમાં ફેલાયેલો છે ત્યારે કોઈને પોલીસ સ્ટેશન સુધી બોલાવવા તથા તેમને કસ્ટડીમાં મોકલી દેવા તે વાત યોગ્ય નથી.

આ પત્રમાં મહેશ ભટ્ટ, વિશાલ દદલાની, વિશાલ ભારદ્વાજ, અનુરાગ કશ્યપ, હંસલ મહેતા, અપર્ણા સેન, સુશાંત સિંહ, મલ્લિકા દુઆ, રત્ના પાઠક, ઝિશાન અયુબ, નીરજ ઘાયવાન, કોંકણા સેન શર્મા, અભિષ મેથ્યુ, સબા સિંહ આઝાદ તથા નંદિતા દાસ સહિતના સેલેબ્સે સહી કરી છે. આ પત્રને સંગીતકાર અંકુર તિવારીએ સોશિયલ મીડિયામાં શેર કર્યો છે અને કેપ્શન આપ્યું હતું કે વિરોધ પ્રદર્શન કરવું એ ગુનો નથી.

સંજય દત્તની પત્ની અને બાળકો દુબઈમાં ફસાયા

મુંબઈ

સંજય દત્તની પત્ની માન્યતા અને તેમના બે બાળકો શાહરાન અને ઈકરા અત્યારે કોરોના વાઇરસલૉકડાઉનના કારણે દુબઈમાં અટકી ગયા છે. આથીસંજય દત્ત કહે છે, હું તેમની સાથે સંપર્કમાં છું, પણ તેમને બહુ મિસ કરું છું અને તેમની સલામતીની મને બહુ ચિંતા છે. ભૂતકાળમાં મેં મારી જિંદગીનો કેટલોક સમય લૉકડાઉનમાં વીતાવ્યો છે. તે સમયે અને અત્યારે પણ મને એક જ વસ્તુ સતાવે છે કે હું મારા કુટુંબને બહુ મિસ કરું છું, એમ પોતાના જેલના દિવસોને યાદ કરતા તેણે કહ્યું હતું. વધુ વાત કરતા તેણે કહ્યું હતું કે ટેક્નોલોજી આપણા માટે આશીર્વાદરૂપ છે કે હું તેમને દિવસમાં કેટલીયે વાર જોઈ શકું છું અને તેમની સાથે વાત કરી શકું છું. હું તેમને ખૂબ જ મિસ કરું છું.

આવા સમયે તમને જીવન ઘણું શીખવાડી દે છે. સમયની કિંમત, તમારા



કુટુંબીજનોનું મૂલ્ય, જીવનનું મહત્ત્વ બધા જ વિશે વિચારો આવવા લાગે છે. આપણે આપણને મળતા આશીર્વાદને યાદ કરવા જોઈએ અને તેની અવગણના ન કરવી જોઈએ. હું મારા બાળકો અને પત્ની સાથે વાત તો કરું છું, પણ સામે હાજર હોય ને દૂરથી વાત કરીએ તેમાં બહુ ફરક હોય છે. એક પિતા અને પતિ તરીકે મને તેમની સલામતીની બહુ ચિંતા થાય છે, મને ખબર છે કે તેઓ બહુ સલામત અને સાજા-નરવાં છે છતાં પણ. અત્યારે લૉકડાઉનના સમયમાં હું મારી આગામી ફિલ્મો માટે તૈયારી પણ કરી રહ્યો છું.

મને મારી જિંદગી સાદાઈથી જીવવી ગમે છે અને મારા કુટુંબ અને કામ પર વધારે ફોકસ કરવું ગમે છે. મારા બાળકો સાથે વાતો કર્યા કરવી પણ મને બહુ ગમે છે. અત્યારે મારા બાળકો મને તેમની સતત ચટર-પટર વાતો અને મસ્તીથી બહુ આશ્ચર્યમાં નાંખી દે છે. વિડિયો કોલ્સ પણ કરીને મને આનંદિત કરી મૂકે છે. સંજય દત્ત છેલ્લે આશુતોષ ગોવારીકરની પીરિયડ ડ્રામા 'પાણીપત'માં દેખાયો હતો, જેમાં તેની સાથે અર્જુન કપૂર અ ક્તિ સેનોન હતા. તેણે તેમાં અહેમદ શાહ અબ્દાલીનો રોલ કર્યો હતો, જેમાં પાણીપતના ત્રીજા યુદ્ધની વાર્તા હતી.

લોકડાઉનમાં ટીવી પર પ્રસારિત કરાયેલ રજનીકાંતની 'દરબાર' ફિલ્મે મેળવ્યા રેકોર્ડબ્રેક દર્શકો



મુંબઈ

અત્યારે રાષ્ટ્રવ્યાપી લૉકડાઉનને કારણે મનોરંજન ચેનલો આઈકોનિક જૂના ટીવી શૉઝ અને લોકપ્રિય ફિલ્મો પ્રસારિત કરીને દર્શકોને મનોરંજન પૂરું પાડે છે. આ કટોકટીના સમયમાં દર્શકો માટે આ સૌથી મોટું સમય પસાર કરવાનું સાધન છે. આથી જ રજનીકાંત-નયનતારાની એકશન-થ્રિલર ફિલ્મ 'દરબાર'નાહિન્દી વર્ઝનનું એક ચેનલ પર પ્રસારણ થયું ત્યારે ફિલ્મે રેકોર્ડબ્રેક દર્શકો મેળવ્યા હતા. તે ફિલ્મથી ચેનલની ટીઆરપી વધી ગઈ હતી.

તે પછીના ક્રમે કેજીએફ ચેપ્ટર વન, સલમાન ખાનની 'શાદી કરકે ફસ ગયા યાર'નો નંબર આવે છે. વિશ્વ ટેલિવિઝન પ્રીમિયર પર 'જુરાસિક વર્લ્ડ' ફિલ્મને સૌથી વધુ દર્શકો મળ્યા હતા. તેના પછી વેંકટેશની 'ચોરી મેરા કામ'ને મળ્યા હતા. જોકે, એક ખાસ વાત એ છે કે 'દરબાર'નું હિન્દી વર્ઝન બૉક્સઓફિસ પર નિષ્ફળ ગયું હતું,

જ્યારે તે થિયેટરમાં રિલીઝ થઈ હતી. તે સંપૂર્ણપણે હિન્દી ફિલ્મ હતી, પણ સર્જકોએ તેનું સારી રીતે પ્રમોશન નહોતું કર્યું. તે ફિલ્મ અંગે કંઈ ચર્ચા પણ નહોતી થઈ. આથી તેને દર્શકો નહોતા મળ્યા. આજે પબ્લિસિટીના જમાનામાં દર્શકોને ખબર તો પડવી જોઈએ ને કે ફિલ્મ રિલીઝ થઈ છે. સુનીલશેટ્ટી તેમાં વિલન હતો. ફિલ્મે ફક્ત રૂ. ૩.૮૧ કરોડનું જ કલેકશન કર્યું હતું.

કોરાના સંકટમાં કિંગ ખાનની મદદના દેશ સહીત WHOએ કર્યા વખાણ

મુંબઈ

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને બોલિવૂડ કિંગ એટલે શાહરૂખ ખાનનો આભાર માન્યો છે. શાહરૂખ ખાન હાલ કોરોના વાયરસથી પરેશાન લોકોને સંભવ મદદ કરવાની કોશિશ કરી રહ્યો છે. સાથે જ લોકોની વચ્ચે કોવિડ-૧૯ અંગે જાગૃતતા ફેલાવી રહ્યો છે. ડબલ્યુએચઓએ કોરોના વાયરસ વિરુદ્ધ જંગ લડી રહેલા સ્વાસ્થ્ય કર્મીઓ અને આ દરમિયાન જરૂરિયાતમંદોને સેવા આપી રહેલા લોકો માટે એક આયોજન કર્યું. આ આયોજનમાં શાહરૂખ ખાન સહિત દુનિયાભરના લોકોએ ભાગ લીધો અને કોરોના વિરુદ્ધ લડત લડી રહેલા લોકોનો ઉત્સાહ વધાર્યો ઉર્ઝ તરફથી આયોજીત કરવામાં આવેલા કાર્યક્રમનું નામ વન વર્લ્ડ ટુગેધર એટ હોમ હતું. આ એક વર્ચુઅલ કાર્યક્રમ ગેર-લાભદાયી સંગઠન ગ્લોબલ સિટીજનની મદદથી રાખવામાં આવ્યું હતું. આ આયોજનમાં



રહેલા દરેક કલાકારોએ ઘરે બેઠા જ ખાસ પરફોર્મન્સ આપ્યું.

આયોજનમાં સામેલ થનારા લોકોને WHOના મહાનિદેશક ડો. ટેડ્રોસ અધાનોમ ઘેબ્રેયેસસે આભાર વ્યક્ત કર્યો છે. તેમણે ટ્વિટર પર શાહરુખ ખાન માટે લખ્યું શાહરૂખ ડબલ્યુએચઓ અને ગ્લોબલ સિટીજનની સાથે એકજૂથતા બતાવવા અને વન વર્લ્ડ ટૂગેધર એટ હોમનો ભાગ બનવા માટે આભાર.. એક જૂથતાથી આપણે કોવિડ૧૯નો દુનિયામાંથી સફાયો કરી શકીએ છીએ.

ડો. ટેડ્રોસ અધાનોમ ઘેબ્રેયેસસે તેમના ટ્વિટમાં કહ્યું છે કે તેમના પરફોર્મન્સ દરમિયાન શાહરૂખ ખાનના દર્શકોને દર એ વ્યક્તિની મદદ કરવાની અપીલ કરી છે જે ઘરમાં રહેવા દરમિયાન મુશ્કેલીમાંથી પસાર થઈ રહ્યા છે. શાહરૂખ ખાને કહ્યું કે ૧૩૦ કરોડની આબાદી વાળો દેશ ભારતમાં લોકડાઉન છે. આ દેશમાં સૌથી કમજોર લોકોને કોરોના વાયરસની માર પડી રહી છે. તે સિવાય શાહરૂખ ખાને કોરોનાને લઈને ઘણી વાતો કરહી છે. ઉલ્લેખનીય છે કે વન વર્લ્ડ, ટુગેધર એટ હોમ કાર્યક્રમમાં શાહરૂખ ખાન સિવાય લેડી ગાગા, ધ રોલિંગ સ્ટોન્સ, જોન લીજેન્ડ , બિલી ઈલિશ, એલ્ટન જોન સહિત ઘણા મોટા સંગીતકારોએ પણ ઘરમાં બેસીને પરફોર્મન્સ આપ્યું, આ દરેક લોકોએ ઘરમાંથી રહી ગીત ગાયા અને વીડિયો પણ બનાવ્યા આ વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યો છે.

કોરોનાને પગલે વર્લ્ડ કપને એક વર્ષ માટે સ્થગિત કરી દર્શકો વગર ટૂર્નામેન્ટ રમાડી શકાય

ટી-૨૦ વર્લ્ડ કપને લઈને ICC ઓગસ્ટ સુધીમાં નિર્ણય લેશે

નવી દિલ્હી

કોરોનાવાયરસના કારણે જૂન સુધી તમામ સ્પોર્ટ્સ ઈવેન્ટ્સ રદ્દ અથવા સ્થગિત કરવામાં આવી છે. આ વર્ષે ઑસ્ટ્રેલિયામાં થનાર ટી-૨૦ વર્લ્ડ કપના સમયસર આયોજન પર પણ જોખમ છે. આ ટૂર્નામેન્ટ ૧૮ ઓક્ટોબરથી ૧૫ નવેમ્બર દરમિયાન થવાની છે. જોકે દુનિયાભરમાં પરિસ્થિતિ જોતા ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ ટી-૨૦ ઉતાવળમાં આ અંગે નિર્ણય લેવા માંગતુ નથી. જો પરિસ્થિતિ ન સુધરે તો વર્લ્ડ કપને એક વર્ષ માટે સ્થગિત કરવાની અથવા દર્શકો વગર ટૂર્નામેન્ટ રમાડી શકાય છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, કોરોના સંકટના કારણે ક્રિકેટ ઓસ્ટ્રેલિયાની આર્થિક સ્થિતિ ખરાબ થઈ ગઈ છે. વર્લ્ડ કપ પહેલા ઑસ્ટ્રેલિયા-ઈંગ્લેન્ડ વચ્ચે મહત્ત્વની સીરિઝ રમાવવાની છે. જ્યારે વર્લ્ડ કપ પહેલા ભારતીય ટીમ ઓસ્ટ્રેલિયા પ્રવાસે ૩ ટી-૨૦ પણ રમવા જવાની છે. વર્લ્ડ કપ પછી ભારત યજમાન ઓસ્ટ્રેલિયા સામે ૪ ટેસ્ટ અને ૩ વનડેની સીરિઝ પણ રમવાનું છે.

એક ઈંગ્લિશ ન્યૂઝપેપરે વિશ્વસનીય સૂત્રોના હવાલે લખ્યું કે, "આઈસીસી ઓગસ્ટના અંતમાં વર્લ્ડ કપ અંગે નિર્ણય લેશે. અત્યારે કંઈપણ સ્પષ્ટ નથી. આઈસીસી માટે લોકોનું સ્વાસ્થ્ય વધુ જરૂરી છે. જોકે થોડા સમયમાં વર્તમાન સ્થિતિ સુધરે તો શુ કઈ થશે? શુ એવું બની શકે છે કે આઈસીસી એ પોતે ટી-૨૦ વર્લ્ડ કપને મે સુધી સ્થગિત કરી દીધો હોય? આ બાબતે અત્યારે કઈ કહી શકાય નહિ. આઈસીસી માટે વર્લ્ડ કપ અંગે નિર્ણય કરવો અઘરો છે. જોકે અત્યારે, આઈસીસી ના નિર્ણય પહેલા આપણે કોઈ અનુમાન ન લગાવવું જોઈએ.

પ્રસિદ્ધ બેસ ગિટારિસ્ટ મેથ્યૂ સેલિગમેનનું ૬૪ વર્ષની કોરોનાને કારણે નિધન

નવી દિલ્હી

પ્રસિદ્ધ બેસ ગિટારિસ્ટ મેથ્યૂ સેલિગમેનનું ૬૪ વર્ષની ઉંમરે કોરોના વાયરસને કારણે નિધન થયું છે. તેમણે ૧૯૮૫માં લાઈવ એડમાં દિવંગત સંગીત આઈકોન ડેવિડ બોવીની સાથે પરફોર્મ કર્યું હતું. ૧૯૮૦ના દાયકામાં ન્યૂ વેવના દ્રશ્યમાં સેલિગમેનને તેમની ભૂમિકા માટે ઓળખવામાં આવે છે. તેઓ ધ સોફ્ટ બોયઝ અને ધ થઓમ્પસન ટ્વિન્સના સભ્ય હતા, જે થોમસ ડોલ્બીની સાથે સહયોગ કરી રહ્યાં હતા. ડેલીમેલના રિપોર્ટ અનુસાર, ડોલ્બીએ સેલિગમેનના મૃત્યુની પુષ્ટિ કરી અને કહ્યું કે, સ્ટારની યાદમાં યૂટ્યૂબ પર એક લાઈવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. તો કોરોના વાયરસે વિશ્વમાં કહેર મચાવ્યો છે. ભારતમાં અત્યાર સુધી ૧૭ હજારથી વધુ કેસ સામે આવી ચુક્યા છે. તો ૫૦૦ કરતા વધુ લોકોના મોત થયા છે.

કોરોના: બેટ્સમેન મુશફિકુર રહીમ બેટની હરાજી કરી રાહત ફંડમાં આપશે યોગદાન

ઢાકા

હાલ ભારત સહિત સમગ્ર વિશ્વ કોરોના મહામારીનો સામનો કરી રહ્યું છે. સમગ્ર વિશ્વમાં ૨૪ લાખ કરતા વધારે લોકો આ મહામારીનો ભોગ બન્યા છે. જેમાંથી ૧,૬૫,૦૦૦ લોકોના મોત થયા છે. કોરોના મહામારી સામે લડવા આમ આદમીથી લઈ સેલિબ્રિટી સહિત તમામ લોકો સામે આવ્યા છે.

આ દરમિયાન બાંગ્લાદેશના વિકેટ કિપર બેટ્સમેન મુશફિકુર રહીમે તેના બેટની હરાજી કરીને તેનાથી થનારી આવક કોવિડ-૧૯ રાહત ફંડમાં આપવાનો નિર્ણય લીધો છે. રહીમે ૨૦૧૩માં આ બેટથી શ્રીલંકા સામે બેવડી સદી ફટકારી હતી. રહીમે કહ્યું, આ હરાજી ઓનલાઈન થશે અને જોઈએ તેની કેટલી કિંમત ઉપજે છે. હરાજીની રકમનો ઉપયોગ ગરીબો માટે ખર્ચ કરવામાં આવશે.

બાંગ્લાદેશ તરફથી અત્યાર સુધીની કુલ ટેસ્ટમાં કુલ ૫ બેવડી સદી બેટ્સમેનોએ ફટકારી છે. જેમાંથી ત્રણ તો મુશફિકુર રહીમે લગાવી છે, જ્યારે બાકીની એક-એક ઓલરાઉન્ડર શાકિબ અલ હસન અને તમીમ ઈકબાલે લગાવી છે. આ પહેલા બાંગ્લાદેસના સ્ટાર ઓલરાઉન્ડર શાકિબ અલ હસને ટીમના સાથીઓને બેટ, જર્સી અને અન્ય વસ્તુઓની હરાજી કરીને સંકટના સમયમાં ગરીબ લોકોને મદદ કરવાની અપીલ કરી હતી. ૨૦૧૯ની વર્લ્ડકર વિજેતા ઈંગ્લેન્ડની ટીમના ખેલાડી જોસ બટલરે ફાઈલનમાં પહેરેલી જર્સી હરાજી કરીને ૬૫,૧૦૦ પાઉન્ડ એકત્ર કર્યા હતા.

પાલઘર મોબ લિંચિંગને ફરહાન અખ્તર-અનુપમ ખેરે ગણાવ્યું જઘન્ય અપરાધ

મુંબઈ

મહારાષ્ટ્રના પાલઘર જિલ્લામાં થયેલા મોબ લિંચિંગનો સોશિયલ મીડિયામાં ઘણો જ વિરોધ થઈ રહ્યો છે. બોલિવૂડ સેલેબ્સે પણ આના પર તીખી પ્રતિક્રિયા આપી છે. અનુપમ ખેર, ફરહાન અખ્તર તથા ઝીશાન અયૂબે ઘટનાની નિંદા કરી છે.

અનુપમ ખેરે ટ્વીટ કરી હતી, પાલઘરમાં ત્રણ સાધુઓનું મોબ લિંચિંગ થતાં ઘણું જ દુ:ખ થયું અને આ ભયભીત કરનાર છે. અંત સુધી વીડિયો જોઈ શક્યો નહીં. આ શું થઈ રહ્યું છે? આ શા માટે થઈ રહ્યું છે, માનવતાનો આ જઘન્ય અપરાધ છે. ફરહાન અખ્તરે ટ્વીટ કરીને કહ્યું હતું, પાલઘરમાં થયેલી હિંસાની નિંદા કરું છું. ભીડતંત્રનું સમાજમાં કોઈ સ્થાન નથી. આશા છે કે હત્યારાઓની ધરકપડ કરી લેવામાં આવી છે અને ન્યાય પણ જલ્દી મળી જશે.

ઝીશાન અયૂબે કહ્યું હતું, પાલઘરમાં લિંચિંગ થયા પછી પણ આપણે માનતા હોઈએ કે આપણામાં માણસાઈ જેવું બાકી છે તો માફ કરજો હું તમારી આ વાત સાથે સહમત નથી. આ દેશને તમે લોકોએ નફરતથી સળગાવી દીધો છે પણ ગભરાશો નહીં, આપણે દેશને બચાવવા માટે એકબીજા સાથે લડતા રહીશું.

ફ્લિંટોફે મારું ગળું કાપવાની ધમકી આપ્યા બાદ મેં ફટકારી ૬ સિક્સઃ યુવરાજસિંહ



નવી દિલ્હી

વિશ્વની એક તૃતીયાંશ વસ્તી કોરોનાવાયરસને કારણે લોકડાઉન હેઠળ છે. ભારતમાં ૩ મે સુધી લોકડાઉન વધારવામાં આવ્યું છે. એવામાં દરેક રમતો સ્પર્ધાઓ રદ અથવા મુલતવી રાખવામાં આવી છે. ખેલાડીઓ સોશિયલ મીડિયા દ્વારા ચાહકો સાથે જોડાઈ રહ્યા છે. આ વચ્ચે યુવરાજસિંહે એક યુટ્યુબ ચેનલને આપેલા ઇન્ટરવ્યુમાં ખુલાસો કર્યો હતો કે કેવી રીતે તેણે ૨૦૦૭ ના ટી ૨૦ વર્લ્ડ કપમાં છ સિક્સર ફટકારી હતી. તેણે તે મેચમાં એન્ડ્રુ ફ્લિન્ટોફ સાથેની ચર્ચા વિશે પણ ખુલીને રજૂઆત કરી હતી.

યુવરાજે કહ્યું કે ઈમાનદારીથી કહું તો મારા મગજમાં ક્યારેય ૬ સિક્સ પર ધ્યાન હતું જ નહીં. મારી જે ચર્ચા એન્ડ્રુ ફ્લિન્ટોફની સાથે થઈ તેનાથી મને ગુસ્સો આવી ગયો, મને તેની ઓવરમાં સારા બોલ પર સતત બે ફોર મારી દીધી. તેને સારું લાગ્યું નહીં. ઓવર ખતમ થયા બાદ હું બીજી એન્ડ પર ધોનીની સાથે વાત કરવા જઈ રહ્યો હતો. ત્યારે તેણે મને કહ્યું કે બેકાર શૉટ હતા. તે બાદ અમારા બન્નેમાં બોલાચાલી થઈ. એકબીજાને ઉધું-સીધું કહ્યું. તે બાદ ફ્લિંટોફે મને કહ્યું બહાર આવ ગળું કાપી દઈશ. તે બાદ મેં કહ્યું કે આ બેટ જોઈ રહ્યો છે ને, બહારની વાતતો પછી, ખબર છેને બેટ ક્યાં જશે. તે બાદ વચ્ચે એમ્પાયર આવી ગયા.

મેં તેમણે કહ્યું કે ફ્લિંટોપે બોલાચાલી શરૂ કરી. તે પછી હું ખૂબ જ ઉત્સાહિત થઈ ગયો અને બોલને ગ્રાઉન્ડની બહાર મારવાનો વિચાર શરૂ કર્યો. સદભાગ્યે મેં સ્ટુઅર્ટ બ્રોડનો પહેલો બોલ ફટકાર્યો. આજે પણ જ્યારે હું તે પહેલો શૉટ જોઉં છું, ત્યારે હું માનતો નથી કે તે આટલી લાંબી સિક્સ કેવી રીતે વાગી ગઈ. તે પછી બીજી અને ત્રીજી સિક્સર ફટકારી હતી. ચોથી સિક્સ પોઈન્ટ પર ગઈ. મેં આજ સુધી ક્યારેય પોઈન્ટ પર ચોગ્ગો પણ નથી ફટકાર્યો અને સિક્સર થઈ ગઈ. યુવીએ આગળ કહ્યું, 'કોલિંગવુડ કેપ્ટન હતો.

તેણે બ્રોડને કહ્યું કે તે ઓફ સ્ટમ્પથી બહાર નાખ્યો. તે મને પાંચમો બોલ રાઉન્ડ સ્ટમ્પ કરવા માંગતો હતો. પરંતુ છેલ્લી વખતે તે સ્ટમ્પ ઉપર આવ્યો. જ્યારે તેઓએ આ નિર્ણય લીધો, ત્યારે મેં વિચાર્યું કે તેઓ ભૂલ કરી રહ્યા છે કારણ કે લેગ સાઇડ નાની હતી. બોલ બેટની નીચે ગયો અને બાઉન્ડ્રીની બહાર ગયો. છઠ્ઠા બોલ પર મારું ધ્યાન એવું હતું કે મારે આ તક ગુમાવવી ન જોઈએ. તે પછી હું વિશ્વાસ કરી શક્યો નહીં કે મેં છ સિક્સર ફટકારી છે. "યુવરાજને ઈંગ્લેન્ડના દમિત્રી મસ્કરેન્હાસે તે જ વર્ષે પાંચ સિક્સર ફટકારી હતી. યુવીની છ છગ્ગા ફટકાર્યા પછી તેની તરફ જોયું.

સોફિયાની ન્યૂડ તસવીર પર વિવાદ, ગુનો નોંધાયો



નવી દિલ્હી

પૂર્વ બિગ બૉસ કન્ટેસ્ટન્ટ અને એક્ટ્રેસ સોફિયા હયાત ફરી એકવાર વિવાદમાં સપડાઇ છે. સોફિયાનો વિવાદ આ વખતે સોશ્યલ મીડિયા પરથી બહાર આવ્યો છે, કેમકે સોફિયાએ કેટલીક ન્યૂડ તસવીરો શેર કરી છે જેનાથી હિન્દુ ધર્મની લાગણીઓને દુભાવવાની કોશિશ કરવાનો આરોપ લાગ્યો છે. સોફિયાએ પોતાની કેટલીક ન્યૂડ તસવીરો શેર કરી છે, જેમાં તે ન્યૂડ થઈને ?ની પેન્ટિંગની સામે પૉઝ આપી રહી છે. સોફિયાએ પોતાના ફોટોના કેપ્શનમાં પહેલા આલ્બર્ટ આઈન્સ્ટાઈનની વાત લખી. અને પછી ? અને ભગવાન શિવના વિશે વાત કરી હતી. સોફિયાના આ સ્ટેટમેન્ટથી સોશ્યલ મીડિયા પર તેના વિરુદ્ધ ધાર્મિક ભાવના ભડકાવવાનો આરોપ લાગ્યો હતો. આ તસવીરો બાદ એક ટ્વીટર યૂઝરે જાહેરાત કરી કે તેને સોફિયા વિરુદ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરી દીધી છે. યૂઝરે કહ્યું કે, તેને આવુ એટલા માટે કર્યુ કેમકે સોફિયાએ હિન્દુ ભગવાનનુ અપમાન કર્યુ છે.

તેને લખ્યુ મે હિન્દુ ભગવાનોનુ અપમાન કરવા અને ધાર્મિક ભાવનાઓને દુભાવવા માટે સોફિયા હયાત વિરુદ્ધ ઓનલાઈન ફરિયાદ દાખલ કરાવી છે. હું આશા રાખીશ કે સરકાર તેના વિરુદ્ધ મોટી એક્શન લેશે. ઉલ્લેખનીય છે કે થોડાક દિવસે પહેલા તેને ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કરીને કહ્યું હતુ કે તે હિન્દુ ધર્મ અને ઈસ્લામ ધર્મને પ્રેમ કરે છે. સોફિયા અગાઉ પણ વિવાદમાં આવી ચૂકી છે.

નૅટવેસ્ટ ટ્રોફીની જીતની ઉજવણી ગાંગુલીએ શર્ટ કાઢી ફરકાવીને કરી હતી

નૅટવેસ્ટ ટ્રોફીમાં લૉર્ડ્સમાં ભારતનો ઇંગ્લૅન્ડ સામે અવિસ્મરણીય વિજય



દિલ્હી

ઇંગ્લૅન્ડમાં લૉર્ડ્સના મેદાન પર ૧૯૮૩માં ભારતે વેસ્ટ ઇન્ડિઝ સામે વર્લ્ડ કપની ફાઇનલની ઐતિહાસિક જીત મેળવી ત્યાર પછી ભારતીયો માટે ક્રિકેટના આ મક્કા ગણાતા સ્થળે અત્યંત રોમાંચક ફાઇનલ જીતવાનો અવસર ૨૦૦૨ની સાલમાં (૧૯ વર્ષે) નૅટવેસ્ટ ટ્રોફીમાં આવ્યો હતો જેમાં ખુદ ઇંગ્લિશ ટીમને સૌરવ ગાંગુલી ઍન્ડ કંપનીએ ફાઇનલમાં પરાસ્ત કરીને બહુમૂલ્ય ટ્રોફી જીતી લીધી હતી. વધુ ફ્લૅશબૅકમાં જઈએ તો વર્ષ ૨૦૦૨ની ત્રીજી ફેબ્રુઆરીએ વાનખેડેમાં ભારત સામેની વન-ડે સિરીઝની છઠ્ઠી અને આખરી વન-ડે રમાઈ હતી જે સેક્ધડ-લાસ્ટ બૉલમાં જીતીને ઇંગ્લૅન્ડે શ્રેણી ૩-૩થી સમકક્ષ કરી લીધી હતી. ઑલરાઉન્ડર ઍન્ડ્રયુ ફ્લિન્ટોફે જાવાગલ શ્રીનાથના રૂપમાં ભારતની આખરી વિકેટ લીધા પછી વિજયના સેલિબ્રેશનમાં શર્ટ કાઢીને ફરકાવ્યું હતું અને ભારતીયોનું તેમના જ ઘરઆંગણે શરમાવવાનો દેખીતો પ્રયાસ કર્યો હતો.

સામાન્ય રીતે આવું ફૂટબૉલ અને બીજી રમતોમાં બનતું હોય છે, પણ આ કિસ્સામાં ક્રિકેટમાં ફ્લિન્ટોફે આ કરતૂત કરી એટલે તે ચર્ચાસ્પદ થઈ ગયો હતો. આ લેખમાં આપણે જે વાત કરવાની છે એમાં એવું બન્યું કે સૌરવ ગાંગુલીએ ૨૦૦૨ની ૧૩મી જુલાઈએ લૉર્ડ્સમાં ભારતે ઇંગ્લૅન્ડ સામે આખરી ઓવરમાં નૅટવેસ્ટ ટ્રોફીની ફાઇનલ જીતી ત્યાર પછી બાલ્કનીમાં ઊભા-ઊભા જીતના જોશમાં શર્ટ કાઢીને ફરકાવ્યું હતું. ભારતીય ક્રિકેટના ઇતિહાસમાં ગાંગુલીની આ ક્ષણ અનેરી ઘટના તરીકે લખાઈ છે. એ સમયના નવા ખેલાડીઓ યુવરાજ સિંહ અને મોહંમદ કૈફ માટે એ યાદગાર ટુર્નામેન્ટ બની હતી. ઇંગ્લૅન્ડે માર્કસ ટ્રેસ્કોથિકના ૧૦૯ રન અને કૅપ્ટન નાઝિર હુસેનના ૧૧૫ રન તેમ જ ફ્લિન્ટોફના ૪૦ રનની મદદથી ૫૦ ઓવરમાં પાંચ વિકેટે ૩૨૫ રન બનાવ્યા હતા. ભારતના સાત બોલરોમાંથી ઝહીર ખાનને ત્રણ તથા આશિષ નેહરા અને અનિલ કુંબલેને એક-એક વિકેટ મળી હતી. ભારતે જવાબમાં ૪૯.૩ ઓવરમાં (ત્રણ બૉલ બાકી રાખીને) ૮ વિકેટે ૩૨૮ રન બનાવ્યા હતા જેમાં મોહંમદ કૈફના અણનમ ૮૭ રન, યુવરાજ સિંહના ૬૯ રન, ગાંગુલીના ૬૦ રન અને વીરેન્દર સેહવાગના ૪૫ રનનો સમાવેશ હતો. ફ્લિન્ટોફ, રોની ઈરાની અને ઍશ્લી જાઈલ્સે બે-બે વિકેટ લીધી હતી. ડૅરેન ગૉફને ૬૩ રનમાં એક પણ વિકેટ નહોતી મળી. કૈફને મૅન ઑફ ધ મૅચનો અને ટ્રેસ્કોથિકને મૅન ઑફ ધ ટુર્નામેન્ટનો અવૉર્ડ આપવામાં આવ્યો હતો.

કોવિડ-૧૯ની વેક્સીન તૈયાર ન થાય ત્યાં સુધી ટોક્યો ઓલિમ્પિક ગેમ્સનું આયોજન અવાસ્તવિક



લંડન

ગ્લોબલ હેલ્થ એક્સપર્ટનું કહેવું છે કે જ્યાં સુધી કોવિડ-૧૯ની વેક્સીન તૈયાર ન થાય ત્યાં સુધી ટોક્યોમાં યોજાનાર ઓલિમ્પિક ગેમ્સનું આયોજન 'ખુબ અવાસ્તવિક' છે. પ્રોફેસર દેવી શ્રીધરે કહ્યું કે, ઓલિમ્પિક રમત સમય પર યોજાવા માટે વેક્સીનનું હોવું જરૂરી છે. શ્રીધરે સાથે કહ્યું કે, તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે કે રસીનો શોધ જલદી કરી લેવામાં આવશે.

તેમણે કહ્યું, વૈજ્ઞાનિકો પાસેથી અમે ઘણું સાંભળી રહ્યાં છીએ કે તે સંભવ બની શકે છે. મેં વિચાર્યું હતું કે એક-દોઢ વર્ષ થશે, પરંતુ સાંભળવા મળી રહ્યું છે કે જલદી આવી શકે છે. તેમણે કહ્યું, જો આગામી વર્ષ સુધી રસી હાંસિલ કરી લેવામાં આવે તો મને લાગે છે કે રસી સંભવ છે. આ વેક્સીન ગેમ ચેન્જર, પ્રભાવી, સસ્તા ભાવ પર ઉપલબ્ધ થશે.

જો આપણે વૈજ્ઞાનિક સભળતા મળશે નહીં તો મને લાગે છે કે ઓલિમ્પિકનું આયોજન ખુબ મુશ્કેલ છે. ઘાતક કોરોના વાયરસને કારણે તમામ રમત સ્પર્ધાઓ સ્થગિત અથવા રદ્દ કરી દેવામાં આવી છે. તેની અસર એથલેટિક્સ, ફુટબોલ, ક્રિકેટ સાથે જોડાયેલ તમામ રમત ઇવેન્ટ પર પડી છે. આ વાયરસથી વિશ્વભરમાં લાખો લોકો પ્રભાવિત છે અને ભારત સહિત ઘણા દેશમાં લોકડાઉન ચાલી રહ્યું છે.

લાંબી સિક્સની ચેલેન્જમાં રિચર્ડ્સએ યુવા ખેલાડી ઈન્ઝમામ ઉલ હકને હંફાવ્યો હતો



ઈસ્લામાબાદ

પાકિસ્તાની ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન ઈન્ઝમામ ઉલ હકે કહ્યું કે, આજના સમયમાં ભલે વધારે સ્કોરના મેચ થાય છે. પણ વેસ્ટ ઈન્ડિઝના પૂર્વ ક્રિકેટર વિવિયન રિચર્ડસ જેવી આક્રામકતા કોઈ પણ ખેલાડીમાં જોવા નથી મળતી. ઈઝમામ ઉલ હકે પોતાના યુટ્યૂબ વીડિયોમાં કહ્યું કે, હું એકવાર મહાન રિચર્ડસ સાથે બેટીંગ કરી રહ્યો હતો. એ મારી પાસે આવ્યા અને કહ્યું જોવા માંગુ છું કે આપણા બંન્નેમાંથી કોણ લાંબી સિક્સ ફટકારી શકે. હું હસ્યો અને કહ્યું, બિલ્કુલ, મને લાગ્યું કે એ નિવૃત ખેલાડી છે અને હું તેમનાથી ઘણો યુવા એટલે મને મારા પર ભરોસો હતો.

ઈન્ઝમામે આગળ કહ્યું કે, પહેલી ઓવરમાં તેમણે સિક્સર મારી જે પાર્કિંગમાં ગઈ. એ પછી મેં સિક્સ મારી તો ડ્રેસિંગ રૂમ પરથી ગઈ. મેં ખુશ થતા કહ્યું કે મેં લાંબી સિક્સ મારી છે. તેમણે હસીને કહ્યું, ખેલ હજુ ક્યાં પૂર્ણ થયો છે. પાકિસ્તાનના પૂર્વ કેપ્ટને આગળ કહ્યું કે, ત્રીજી ઓવરમાં રિચર્ડસે વધુ એક સિક્સ મારી જે ડ્રેસિંગ રૂમ પરથી થઈ ત્યાં બનેલા એક ઘર પાછળ ગઈ. એ પછી તેમણે સત્તત ત્રણ સિક્સર ફટકારી. નિવૃતિ બાદ પણ રિચર્ડ્સ એ સ્તરની રમત રમી રહ્યા હતા. તેમણે કહ્યું કે, આજની રમતમાં મોટા સ્કોર ધરાવતી રમત હોવા છતાં મને રિચર્ડ્સ જેવી આક્રામકતા નથી દેખાતી.

મુખ્યમંત્રીએ રાજકોટ, ભાવનગરના સાંસદો-ધારાસભ્યો સાથે કોરોના ને લઈ કર્યો સંવાદ

ગાંધીનગર

ગુજરાતમાં કોરોના વાયરસનો પ્રકોપ અને લૉકડાઉન ચાલી રહ્યું છે. સરકાર તથા સ્થાનિક તંત્ર કોરોના વાયરસને રોકવા માટે અનેક પ્રયાસો કરી રહ્યાં છે. આ માટે મુખ્યપ્રધાન વિજય રૂપાણીએ પણ કોરોનાથી વધુ પ્રભાવિત જિલ્લાઓ અને મહાનગરોના પ્રજાકીય પ્રતિનિધિઓની સાથે વીડિયો કોન્ફરન્સથી સંવાદ શરૂ કર્યું છે. આજે વિજય રૂપાણીએ રાજકોટ જિલ્લા અને ભાવનગર જિલ્લાના સાંસદો અને ધારાસભ્યો સાથે ચર્ચા કરી હતી. સીએમે સ્થાનિક સ્તરેથી ફીડબેક મેળવ્યા અને જરૂરી માર્ગદર્શન પણ આપ્યું હતું.

વિજય રૂપાણીએ ખાસ કરીને નગરપાલિકા મહાનગરપાલિકા વિસ્તાર સિવાય ના વિસ્તારોમાં ઉદ્યોગ એકમો શરૂ થઈ રહ્યા છે ત્યારે ત્યાં પણ સોશિયલ ડિસ્ટેન્સિંગના નોર્મસ જળવાય તેની સૂચના આપી હતી. એટલું જ નહિ કામદારો શ્રમિકો માટે કામકાજ ના સ્થળે એટલે કે ઉદ્યોગ એકમ માં જ રહેવા જમવા વગેરેની વ્યવસ્થા રહે તેવી જે સૂચનાઓ રાજ્ય સરકારે આપી છે. તેનું પાલન થાય તે જોવા જનપ્રતિનિધિઓને તાકીદ કરી હતી.

ખાસ કરીને વેરાવળ શાપર હડમતાલા પડાળા અને અલંગના ઉદ્યોગો શરૂ થઈ રહ્યા છે તેમાં આ કાળજી લેવાય તે માટે તેમણે ખાસ ભાર મૂક્યો હતો. ભાજપા પ્રદેશ અધ્યક્ષ અને વિધાયક જીતુ ભાઈ વાઘાણી રાજ્યમંત્રી વિભાવરી બહેન દવે, સાંસદ મોહન ભાઈ કુંડારિયા, ભારતી બહેન શિયાળ રમેશ ભાઈ ધડુક અને ધારાસભ્યો ગોવિંદ ભાઈ પટેલ, અરવિંદ ભાઈ રૈયાણી, લાખાભાઈ વગેરે પોત પોતાના ક્ષેત્રોમાંથી આ વીડિયો કોન્ફરન્સમાં જોડાયા હતા અને મુખ્યમંત્રીને પોતાના વિસ્તારોની કોરોના પ્રભાવિત સ્થિતિ તેમજ રાજ્ય સરકારના લેવાય રહેલા પગલાઓથી અવગત કર્યા હતા.

બરોડા ક્રિકેટ ટીમના કોચિંગ ડાયરેક્ટર તરીકે ડેવ વોટમોર

વડોદરા

કોચ તરીકે સમગ્ર વિશ્વમાં લોકપ્રિય બનેલા ડેવ વોટમોરની બરોડા ક્રિકેટ એસોસિયેશનના કોચિંગ ડાયરેક્ટર તરીકે વરણી કરવામાં આવી છે. વોટમોરના કોચિંગ હેઠળ શ્રીલંકાએ ૧૯૯૬માં વન-ડે ક્રિકેટ વર્લ્ડ કપ જીત્યો હતો. બરોડા ક્રિકેટ એસોસિયેશનના સેક્રેટરી અજિત લેલેએ આ અંગે રવિવારે સત્તાવાર જાહેરાત કરી હતી. ડેવ વોટમોર આ અગાઉ ઘણી ટીમના કોચ રહી ચૂક્યા છે અને છેલ્લી રણજી સિઝનમાં તેઓ કેરળની ટીમના કોચ હતા. ડેવ વોટમોર બરોડાની રણજી ટીમના કોચ બને તેવી અટકળ છેલ્લા કેટલાક દિવસથી થતી હતી જેને રવિવારે સત્તાવાર સમર્થન મળ્યું હતું. અગાઉ ૨૦૦૮માં ભારતની અંડર-૧૯ ક્રિકેટ ટીમ મલેશિયામાં યોજાયેલા જુનિયર વર્લ્ડ કપમાં ચેમ્પિયન બની ત્યારે વિરાટ કોહલીની ટીમના કોચ ડેવ વોટમોર જ હતા. અજિત લેલેએ જણાવ્યું હતું કે ડેવ વોટમોરની રણજી ટીમના કોચ તરીકે વરણી કરવામાં આવી છે અને બે વર્ષ માટે તેઓ ડાયરેક્ટર ઓફ કોચિંગ રહેશે.

ગુજરાતમાં કોરોના પહેલા પાનાથી ચાલુ

કરવામાં આવી છે. રાજયમા ખાસ કોરોના હોસ્પિટલો પણ ઉભી કરવામાં આવી છે જેમાં તમામ પ્રકારની સુવિધાઓ રાખવામાં આવી છે. લોકડાઉનની સ્થિતિ પ્રવર્તી રહી છે. તમામ નિષ્ણાતોના કહેવા મુજબ ગુજરાતમાં કોરોના વાયરસના કેસો વધી રહ્યા છે ત્યારઅહીં રાહત મળે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. અમદાવાદના જુદા જુદા ઝોનમાં સઘન કામગીરી ચાલી રહી છે. હોમ કોરેન્ટાઇનમાં રહેલા દર્દીઓની સંખ્યા ૨૦૧૯૯ રહી છે. જ્યારે સરકારી ફેસિલીટીમાં કોરોન્ટાઇન રહેલા દર્દીઓની સંખ્યા ૩૩૦૩ રહી છે. કુલ કોરોન્ટાઇન દર્દીઓની સંખ્યા ૨૩૭૪૯ રહી છે. ગુજરાતના સૌથી વધારે અસરગ્રસ્ત વિસ્તારમાં અમદાવાદ છે. ત્યારબાદ વડોદરા અને સુરતમાં પણ મોટી સંખ્યામાં કેસો છે.

અમેરિકામાં ૨૪ કલાકમાં પહેલા પાનાથી ચાલુ

અર્થવ્યવસ્થા પર તેની મોટી અસર જોવા મળી રહી છે. મોટી સંખ્યામાં લોકોએ તેમનો રોજગાર ગુમાવ્યો છે.

લગભગ ૨૨ મિલિયન લોકોએ તેમની નોકરી ગુમાવી છે અને આ લોકોએ પોતાને બેરોજગાર જાહેર કર્યા છે અને સરકારી મદદ માટે વિનંતી કરી છે. વળી, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે અમે મોટી સંખ્યામાં ટેસ્ટ કરી રહ્યા છીએ અને અમને આશા છે કે ટૂંક સમયમાં જ અમે આર્થિક પ્રવૃત્તિ ફરીથી શરૂ કરીશું. વળી, અમેરિકામાં એક વિભાગ છે જે લોકડાઉનને દૂર કરવાની માંગ કરી રહ્યું છે અને તે માટે દેખાવો કરી રહ્યું છે. આ લોકો ઘરે રહેવાના સરકારનાં નિર્ણયનો વિરોધ કરી રહ્યા છે.

મહારાષ્ટ્રના પાલઘર પહેલા પાનાથી ચાલુ
શું છે સંપૂર્ણ ઘટનાક્રમ?

મળતી માહિતી પ્રમાણે, પાલઘર જિલ્લામાં દાભડી ખાનવેલ રોડ સ્થિત એક આદિવાસી ગામમાં શુક્રવારે આશરે ૨૦૦ લોકોએ આ ત્રણેયને ચોર સમજીને તેના પર પથ્થરમારો કર્યો હતો અને તેના વાહન રોકવા લાગ્યા હતા. જ્યારે આ લોકોએ પોતાનું વાહન રોક્યું તો તો ટોળાએ તેમને ઉતારીને લાકડીથી રોડ પર મારવાનું શરૂ કરી દીધું હતું. ટોળું ઉગ્ર હતું તો તેણે પોલીસ પર પણ હુમલો કરી દીધો હતો. હુમલામાં પોલીસના વાહનોને પણ નુકસાન પહોંચાડ્યું હતું. ગ્રામીણોના હુમલામાં કાસા પોલીસ સ્ટેશનના અધિકારીઓ સિવાય જિલ્લાના એક સીનિયર પોલીસ અધિકારી પણ ઈજાગ્રસ્ત થયા હતા. કુલ મળીને આ ઘટનમાં પાંચ પોલીસકર્મીને ઈજા પહોંચી હતી. તો આ ઘટનાસ્થળે બે સાધુ અને એક ડ્રાઇવરનું મોત થયું હતું.

કેનેડા શૂટઆઉટ પહેલા પાનાથી ચાલુ

રીતે હાજર રહેલી એક મહિલાની પણ ધરપકડ કરવામાં આવી છે. નોવા સ્કોટિયાના પ્રીમિયર સ્ટીફન મૈકનીલે કહ્યું કે શહેરના ઈતિહાસમાં આ પ્રકારની હિંસાનો આ પહેલો મામલો છે.

દેશમાં ૨૪ કલાક પહેલા પાનાથી ચાલુ

૧૪૭૮ થઈ છે. એક જ દિવસમાં રાજસ્થાનમાં ૧૨૭ કેસ નોંધાયા તો ૨૦૫ લોકો સાજા થયા અને ૨૩ લોકોના મોત થયા છે. મધ્યપ્રદેશમાં કુલ કોરોનાના પોઝિટિવ કેસની સંખ્યા ૧૪૦૭ થઈ છે. એક જ દિવસમાં ૫ કેસ નોંધાયા અને ૧૩૧ સાજા થયા તો ૭૨ લોકોના મોત થયા છે.

૩૦થી વધુ પત્રકાર પહેલા પાનાથી ચાલુ

મોટાભાગના મામલામાં કોઈપણ લક્ષણ જોવા મળ્યા નથી. હવે આ તમામને ઘરમાં જ ક્વોરનટીનમાં મોકલી દેવામાં આવ્યા છે.

કેટલાક લોકોના ટેસ્ટ રિપોર્ટ હજુ મળ્યા નથી. બીજી બાજુ શહેરના સ્લમ એરિયા ધારાવીમાં પણ કોરોના પોઝિટિવના દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. ધારાવીમાં કોરોનાના ૨૦ નવા કેસો સપાટી ઉપર આવી ચુક્યા છે જેથી અહીં પોઝિટિવ દર્દીઓની સંખ્યા ૧૩૮ સુધી પહોંચી છે. છેલ્લા ૨૪ કલાકમાં ધારાવીમાં કોઈનું મોત થયું નથી પરંતુ હજુ સુધી ૧૧ લોકો કોરોના વાયરસના સકંજામાં આવી ચુક્યા છે અને તેમના મોત થઈ ચુક્યા છે. મુંબઈ અને પુણે મહારાષ્ટ્રમાં હોટસ્પોટ ગણાતા વિસ્તારોમાં સામેલ રહ્યા છે અને અહીં સૌથી વધારે કેસો પણ નોંધાયા છે. મુંબઈમાં ઈલેક્ટ્રોનિક મિડિયાના પત્રકારો કોરોનાગ્રસ્ત આવતા પત્રકાર જગતમાં પણ ચિંતાનું મોજુ ફરી વળ્યું છે અને ચકાસણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

શરતોને આધિન છૂટછાટમાં રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં ૪૦૦૦ હજાર જેટલા ઉદ્યોગો શરૂ થયા

અમદાવાદમાં ૭૦૦, રાજકોટમાં ૬૦૦, વડોદરામાં ૨૦૦, કચ્છમાં ૭૫૦, મોરબીમાં ૪૦૦, ભરૂચમાં ૪૫૦ ઉદ્યોગો કાર્યરત થયા છે

ગાંધીનગર

ગુજરાતમાં કોરોના વાયરસના અત્યાર સુધી ૧૮૫૧ કેસ સામે આવ્યા છે. તો આ મહામારીથી કુલ ૬૭ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. કોરોનાના ડામવા માટે રાજ્ય સરકાર અનેક મહત્વપૂર્ણ નિર્ણય લઈ રહી છે. હવે સરકારે કોરોનાને રોકવા માટે અધિકારીઓની મોટી ટીમ કામે લગાડી છે. અન્ય વિભાગોમાં ફરજ બજાવતા સચિવોને જુદી-જુદી જવાબદારીઓ સોંપવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. આ માહિતી મુખ્યમંત્રીના સચિવ અશ્વિની કુમારે પત્રકાર પરિષદમાં આપી હતી. મુખ્યપ્રધાને વિજય રૂપાણીએ અમદાવાદ શહેરમાં વધતા કેસો સંદર્ભે સારવાદની કામગીરીને વધુ સઘન બનાવવા માટે નિર્ણયો કર્યા છે.

તેમણે વધુ ટેસ્ટિંગ કરવા પર ભાર મુકવાનું કર્યું છે. આ માટે તેમણે મુખ્ય સચિવ અનિલ મૂકીમ અને મુખ્યમંત્રીના અગ્રસચિવ કૈલાસનાથન સાથે ચર્ચા કરી હતી. સરકારે કૃષિ વિભાગના અધિક મુખ્ય સચિવ પૂનમચંદ પરમારને વેન્ટિલેટર પર આવેલા દર્દીઓનું મોનિટરિંગ કરવાની જવાબદારી સોંપી છે. ડોક્ટરો સાથે કોઓર્ડિનેટ કરવાની જવાબદારી પણ તેમની રહેશે. તો પ્લાઝ્મા દ્વારા દર્દીઓને કઈ રીતેબચાવી શકાય અને તેના પ્રોટોકોલના અમલ સહિતની જવાબદારી પૂનમચંદને આપવામાં આવી છે. તો શહેરી વિકાસ વિભાગના અધિક મુખ્ય સચિવ મુકેશ પુરીને એસવીપી હોસ્પિટલની જવાબદારી સોંપવામાં આવી છે.

પંચાયત વિભાગના સચિવ એકે રાકેશને નગરપાલિકા વિસ્તાર સિવાયના અન્ય તમામ વિસ્તારમાં કોરોના નિયંત્રણના મોનિટરિંગની જવાબદારી સોંપવામાં આવી છે. અમદાવાદ મનપા સિવાયના તમામ વિસ્તારની જવાબદારી તેમની રહેશે. તો શિક્ષણ વિભાગના સચિવ વિનોદ રાવને વડોદરા વિસ્તારમાં કોરોના નિયંત્રણ માટેની જવાબદારી સોંપવામાં આવી છે. તો નીલ તોરણેને કિનડી કેન્સર હોસ્પિટલ અમદાવાદમાં આવેલ છે તેની જવાબદારી સોંપવામાં આવી છે. અન્ય સચિવ મનીષા ચંદ્રાને કોરોના વાયરસના ટ્રેકિંગ અને સંકલનની જવાબદારી વિશિષ્ટ અધિકારી તરીકે સોંપવામાં આવી છે.

તો દિલીપ રાણાને કોવિડ કેર સેન્ટર અમદાવાદની જવાબદારી સોંપવામાં આવી છે. તો અશ્વિની કુમારે આજથી ગ્રામ્ય વિસ્તારમાં ઉદ્યોગોને છૂટ આપવામાં આવી છે, આ છૂટછાટ શરતોને આધિન છે. આ તમામની જવાબદારી ઉદ્યોગ સચિવ એમ કે દાસને આપવામાં આવી છે. તેમણે માહિતી આપતા કહ્યું કે, રાજ્યમાં ૪૦૦૦ જેટલા ઉદ્યોગો શરૂ થયા છે. અમદાવાદમાં ૭૦૦, રાજકોટમાં ૬૦૦, વડોદરામાં ૨૦૦, કચ્છમાં ૭૫૦, મોરબીમાં ૪૦૦, ભરૂચમાં ૪૫૦ ઉદ્યોગો કાર્યરત થયા છે.

લોકડાઉનમાં ફસાયેલો રશિયન પરિવાર પોતાને દ્વારકામાં અનુભવે છે સુરક્ષિત

દેવભૂમિ દ્વારકા

યાત્રાધામ દેવભૂમિ દ્વારકામાં દેશ-વિદેશના લોકો ભગવાન શ્રીકૃષ્ણના દર્શને આવતા હોય છે. ત્યારે થોડા દિવસ પહેલા છેલ્લા છ મહિનાથી ભારત ભ્રમણે આવેલ એક રશિયન દંપતી પોતાના નાના બાળકની સાથે દ્વારકા પહોંચ્યા હતા. પરંતુ ત્યારબાદ કોરોના વાયરસની સ્થિતિને કારણે સમગ્ર દેશમાં લૉકડાઉન લગાવવામાં આવ્યું હતું. જેથી આ પરિવાર દ્વારકામાં ફસાય ગયો હતો. આ રશિયન પરિવાર દ્વારકાના એક બ્રાહ્મણ પરિવારની સાથે જ રોકાયા છે. તો હવે દ્વારકાના સરકારી તંત્ર અને આરોગ્યની ટીમ વ્રજધામ સોસાયટીમાં રહેતા રશિયન પરિવારની મુલાકાત લીધી હતી. આ રશિયન મહિલાને છ મહિનાનો ગર્ભ પણ છે.

તેના પતિ અને એક બાળક પણ તેની સાથે છે. હાલ તેઓ અહીં પોતાને સુરક્ષિત માની રહ્યાં છે. તેમણે કહ્યું કે, રશિયા કે દિલ્હીમાં પણ સ્તથિતિ સારી નથી. તેથી તેમણે હાલ દ્વારકામાં રહેવાનું પસંદ કર્યું છે. આ રશિયન દંપતી દ્વારકાધીશના ભક્ત પણ છે. તેઓ બીજી વખત અહીં આવ્યા છે. તેમણે કહ્યું કે, અમે મોસ્કો અને રશિયાની એમ્બેસી સાથે પણ સંપર્કમાં છીએ. હાલ તેઓ ભારતના મહેમાન છે તેથી તંત્ર પણ તેમનું ખાસ ધ્યાન રાખી રહ્યું છે.

મોરબી લૉકડાઉનમાં બર્થ ડે પાર્ટી પડી ભારે, ૧૨ યુવકોની કરાઈ ધરપકડ

મોરબી

મોરબીમાં લોકડાઉન વચ્ચે જાહેરમાં બર્થ ડે પાર્ટી યોજાઈ હોવાની ઘટના સામે આવી છે. આ પાર્ટીના ફોટા સોશિયલ મીડિયામાં મૂકવામાં આવતા પોલીસને પાર્ટી વિશે માલુમ પડ્યું હતું અને તુરંત જ પાર્ટીમાં હાજર ૧૨ શખ્સોની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે દાખલો બેસાડવા માટે તમામ યુવકોને જેલની હવા ખવડાવી હતી. પ્રાપ્ત થતી વિગત મુજબ મોરબીના બોરીયાવાસમાં રહેતા અલ્તાફ ઉર્ફે અલુ અકબરભાઈ ફકીર નામના શખ્સનો બર્થ ડે હોવાથી તા. ૭ એપ્રિલના રોજ જાહેરમાં બર્થ ડે સેલિબ્રેશન કરવામાં આવ્યું હતું.

જોકે, જે તે સમયે આ તમામ લોકો પોલીસની નજરથી બચી ગયા હતા. પરંતુ આ સેલિબ્રેશનના ફોટો તેઓએ સોશિયલ મીડિયામાં મૂક્યા હતા. આ તસવીરો પોલીસને ધ્યાને આવી ગયા હતા. આ ફોટાને આધારે એ ડિવિઝન પોલીસે કાલિકા પ્લોટ તથા બોરીયાવાસના ૧૨ શખ્સોની ધરપકડ કરીને તેઓની સામે ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

નોંધનીય છે કે હાલ લોકડાઉન ચાલી રહ્યું છે ત્યારે કામ વગર બહાર નીકળવા ઉપર પણ પ્રતિબંધ છે. આવા સમયે લોકડાઉનનો ભંગ કરનારા સામે પોલીસ કડક હાથે કાર્યવાહી કરી રહી છે.

તંત્રની અનેક વિનંતી છતાં લોકો ચોરી છૂપીથી લોકડાઉનનો ભંગ કરે છે. બીજા કોઈ લોકો આવું ન કરે તે માટે પોલીસે દાખલો બેસાડવા માટે કાર્યવાહી કરી છે. લૉકડાઉન મામલે હાલ પોલીસની ખાસ ટેક્નિકલ ટીમ સોશિયલ મીડિયા અને શહેરના સીસીટીવી કેમેરા ઉપર બાજ નજર રાખી રહી છે.

૧૨ આઇસોલેશન વોર્ડમાં, ચારના મોત

ભાવનગરમાં ૧૦ વર્ષથી ૯૨ વર્ષ સુધીના ૩૨ કેસમાંથી ૫૦ ટકા દર્દી સાજા થયા

ભાવનગર

ભાવનગરમાં અત્યાર સુધીમાં કોરોના પોઝિટિવના ૩૨ કેસ નોંધાયા છે. જેમાંથી ચારના મોત થયા અને ૧૦ વર્ષથી ઓછીથી લઈને ૯૨વર્ષની વય ધરાવતા ૧૬ રિકવર થતાં ડિસ્ચાર્જ આપવામાં આવ્યો છે. હજુ ૧૨ દર્દી આઈસોલેશન વોર્ડમાં સારવાર હેઠળ છે. તેની હિસ્ટ્રી પર નજર કરીએ તો જેમાં ભાવનગર ગ્રામ્યના બે કેસ જેમાં જેસરના ઉગલવાણ ગામની મહીલાનું મોત થયું જે સુરતથી આવી હતી. શિહોરનો યુવાન વડોદરા નાગરવાડા ગયો હતો અને રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. ઘોઘાની બાળાને પોઝિટિવ રિપોર્ટ આવ્યો હતો પણ તેના માતા-પિતા બાઈક પર તેને લઈને સાંઢીયાવાડમાં આવન જાવન કરતાં હતાં તેથી ક્યાં ગણવું તે અવઢવ છે.

ભાવનગરમાં તા. ૨૫ માર્ચ સુધી એક પણ કેસ હતો નહીં. પ્રથમ કેસ ભાવનગરનાં રૂવાપરી રોડ જોગીવાડ ઈન્ડિયા હાઉસમાં રહેતા અબ્દુલ કરીમભાઈ દિલ્હી તબલીઘના કાર્યક્રમમાં ગયા હતા. તા. ૨૫ માર્ચે સર.ટી.હોસ્પિટલમાં દાખલ થયા અને રાત્રે મોત થયું હતું. સવારે તેમનો પ્રોઝિટિવ રિપોર્ટ આવ્યો હતો. ભાવનગરમાં કોરોનાનો કહેર શરૂ થયો જે જોગીવાડની ટાંકી, સાંઢીયાવાડ, ભીલવાડા, રાણીકા લીમડીવાળી સડક, કાજીવાડ, જૂની માણેકવાડી, વડવા સીદીવાડ, વડવા માઢીયાફળી અને જે આગળ વધીને અમીપરા વિસ્તાર સુધી પહોંચી ગયો છે. મહાનગરપાલિકાના કમિશનરે વડવા સીદીવાડ, વડવા માઢીયાફળીમાં દસ હજાર વસ્તીના વિસ્તારને હોટસ્પોટ જાહેર કરવામાં આવ્યો છે. હવે અમીપરામાંથી પોઝિટિવ કેસ આવતા કલસ્ટર ક્વોરન્ટીન ઝોનમાં સુધારો કરી ૧૩૬૦૦ની આસપાસની જનસંખ્યા અને એરીયાને જાહેર કર્યા છે.

આજ સુધીમાં જે ૩૨ કેસ નોંધાયા છે તેમાંથી ગ્રામ્યના બે કેસ બાદ કરતાં ૩૦ કેસ ભાવનગર શહેરના છે. તંત્ર દ્વારા કોરોનાને મ્હાત આપવા માટે ડોર ટુ ડોર સર્વેની કામગીરી હોટસ્પોટ એરીયા જાહેર કર્યા છે. બેરીકેટ અને પતરા નાખી વિસ્તાર સીલ કર્યો છે. સીસીટીવી કેમેરા અને ડ્રોન કેમેરાથી બાજ નજર રાખવામાં આવી રહી છે. ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. માઈક્રો પ્લાનિંગ સાથે જબરજસ્ત મહેનત હોવા છતાં એપી સેન્ટર ગણાતા સાંઢીયાવાડ જોગીવાડની ટાંકીથી શરૂ થયેલો કોરોના અમીપરા સુધી પહોંચી ગયો અને ક્યાં અટકશે તે કહેવું હાલના સંજોગોમાં અશક્ય છે.

પાલનપરના એક ગામમાં વૃધ્ધના બેસણામાં કોરોના સકંજામાં સપડાયા વધુ બે ભાઈ-બહેન

બનાસકાંઠા

બનાસકાંઠા જિલ્લામાં કોરોના પોઝિટિવના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. જેમાં એક અઠવાડિયામાં પાલનપુર તાલુકાના ગઠામણમાં ૮ અને વાવ તાલુકામાં ૨ મળીને કોરોના વાયરસના કુલ ૧૦ પોઝિટિવ કેસ નોંધાયા છે. જોકે વાવના મીઠાવીચારણમાં કોરોનામાં સપડાયેલ બાળક સાત દિવસની સારવારના અંતે તંદુરસ્ત થઈ જતા તેને હોસ્પિટલમાંથી રજા આપી દેવાઈ છે. તો પાલનપરના ગઠામણ ગામે એક વૃધ્ધના બેસણામાં સંક્રમણ ફેલાવાના કારણે વધુ બે ભાઈ-બહેન કોરોનામાં સપડાતા ચકચાર મચી જવા પામી છે.

તીવ્ર ગતિએ વિશ્વભરમાં ફેલાઈ ચુકેલા કોરોના વાઈરસે પાલનપુર તાલુકાના નાના સરખા ગઠામણ ગામને જાણે બાનમાં લીધું હોય તેમ અહીં સાત દિવસમાં કોરોના પોઝિટિવના આઠ કેસ નોંધાતા લોકોમાં ભયજનક સ્થિતિ સર્જાઈ છે. ગઠામણમાં ગત સોમવારના રોજ કોરોના પોઝિટિવનો એક કેસ નોંધાયો હતો. જે બાદ કોરોનાગ્રસ્ત આધેડના પરિવારના ત્રણ સભ્યોનો રિપોર્ટ પણ કોરોના પોઝિટિવ આવ્યો હતો. જોકે ગામમાં કોરોનાનું સંક્રમણ ફેલાવાને લઈ એક નાની બાળકી અને એક શ્રમિકનો રિપોર્ટ પણ પોઝિટિવ આવતા ગઠામણમાં કોરોનાનો આંક ૬ થયો હતો. જે બાદ રવિવારે વધુ બે કેસ નોંધાતા કોરોનાનો આંક ૮ થવા પામ્યો છે.

જોકે ગામમાં તાજેતરમાં એક વધ્ધનું અવસાન થતા તેમના બેસણામાં આવેલ ગામના કોરોનાગ્રસ્ત જયંતીભાઈ નામના યુવકના સંક્રમણમાં આવવાના કારણે મૃતક વૃધ્ધનો ૩૫ વર્ષીય પુત્ર અને ૨૯ વર્ષીય પુત્રીનો રિપોર્ટ પણ કોરોના પોઝિટિવ આવતા તેમને સિવિલ હોસ્પિટલના આઈસોલેશન વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા છે. જોકે આ કોરોનાગ્રસ્ત પરિવારના સભ્યોના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે. જેને લઈ ગઠામણમાં એક સપ્તાહમાં જ કોરોના પોઝિટિવના ૮ કેસ નોંધાતા ગામલોકો ભયભીત થઈ ઉઠયા છે.

બનાસકાંઠા લોકડાઉન દરમિયાન લોકોને પેટ, છાતીના દુઃખાવામાં નોંધાયો વધારો


પાલનપુર

બનાસકાંઠામાં કોરોના વાયરસનું સંક્રમણ રોકવા માટે લોકડાઉન જાહેર કરાયેલું છે. લોકોની રોજિંદી રહેણી- કહેણી બદલાઈ હોવાથી તેમના સ્વાસ્થ્ય ઉપર પણ વિપરીત અસર થઈ રહી છે. જેમાં લોકડાઉનના સમયગાળામાં લોકોને પેટ-છાતીનો દુઃખાવો, આ ઉપરાંત શ્વાસ, તાવના કેસો પણ વધ્યા છે. જેમને ૧૦૮ દ્વારા ત્વરિત સારવાર આપવામાં આવી સ્વસ્થ કરાયા છે. કોરોના વાયરસના સંક્રમણ અટકાવવા માટે કોઈ દવા ન હોવાથી લોક ડાઉન અને સોશિયલ ડિસ્ટન્સ જ ઉપાય છે. છેલ્લા એક માસથી લોક ડાઉન કરી દેવામાં આવ્યું છે. બનાસકાંઠામાં પણ આ નિયમ લાગું કરાયો છે. જેને લોકો પાળી રહ્યા છે. અને ઘરમાં રહો સુરક્ષિત રહો સૂત્રને સાર્થક બનાવી રહ્યા છે. જોકે, સતત ઘરમાં રહેવાથી લોકોની દરરોજની રહેણી કહેણી નિત્યક્રમ બદલાઈ ગયો હોઈ તેની સ્વાસ્થ્ય ઉપર પણ વિપરીત અસર થઈ રહી છે. પરિણામ સ્વરૂપ લોકડાઉનના સમયગાળામાં લોકોને પેટ-છાતીનો દુઃખાવો, આ ઉપરાંત શ્વાસ, તાવના કેસો પણ વધ્યા છે. જેમને ૧૦૮ દ્વારા ત્વરિત સારવાર આપવામાં આવી સ્વસ્થ કરાયા છે. આ અંગે પાલનપુર ૧૦૮ના કિરણભાઈ પરમારે જણાવ્યું હતું કે, આવા દર્દીઓનો કોલ આવતાંની સાથે જ બનાસકાંઠા જિલ્લાના ઈએમઈ ભાસ્કરરાય નાયકના માર્ગદર્શન હેઠળ કોરોનાની મહામારી વચ્ચે જીવના જોખમે દર્દીઓના ઘરે જઈ તેમને ત્વરિત સારવાર આપી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવી રહ્યા છે.

કોરોનાગ્રસ્ત નેતા બદરુદ્દીન શેખની તબિયત વધુ લથડતા કોંગ્રેસમાં વધી ચિંતા

વડોદરા

અમદાવાદ કોર્પોરેશનના પૂર્વ વિપક્ષ નેતા બદરુદ્દીન શેખની તબિયત વધુ લથડી છે. બદરુદ્દીન શેખનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યા બાદ તેમને સારવાર માટે ખસેડાયા હતા.જ્યાં તેઓનીતબિયત વધુ લથડતા તેમને ૨ દિવસથી વેન્ટીલેટર પર રાખવામાં આવ્યા છે.ત્યારે વેન્ટીલેટર પર હોવા છતા બદરુદીન શેખની તબિયત વધુ લથડી છે. તેમને પ્લાઝમા ચડાવાની કામગીરી કરવાની હતી.



આ દરમિયાન તેમની તબિયત વધુ લથડતા કોંગ્રેસમાં ચિંતા વ્યાપી ગઈ છે. નોંધનીય છે કે કોંગ્રેસના મોટા નેતાઓ સતત બદરુદીન શેખના પરિવાર તેમજ ડોકટરના સંપર્કમાં છે. આરોગ્ય સચિવ ડો જયંતિ રવિનું કહેવું છે કે, આ તમામ કેસો અમદાવાદ,સુરત, વડોદરા માં હોટ સ્પોટ વિસ્તારમાંથી જ મળી આવ્યા છે. એટલું જ નહીં ,પણ વધુ પ્રમાણમા ટેસ્ટિંગ કરતા પોઝિટિવ દર્દીઓની ઓળખ થઈ રહી છે જેના કારણે ગભરાઈ જવાની જરૂર નથી. જોકે નવાઈની વાત એ છે કે, અમદાવાદ શહેરમાં આજે નોંધાયેલા ૧૪૦ કેસો માં એવું જોવા મળ્યું કે, ૧૫ કેસો જ એવા હતા જેમાં તાવ શરદી ખાંસી ના લક્ષણો જોવા મળ્યા હતા.

બાકીના ૧૨૫ દર્દીઓમાં કોરોનાના કોઈ લક્ષણો જોવા મળ્યા ન હતા. આજે દિવસ દરમ્યાન અમદાવાદમાં ૨૩૯, સુરત માં ૮૯ કેસ, વડોદરામાં ૨૮ રાજકોટમાં ૬ કેસ, ભરૂચમાં ૧, દાહોદમાં ૧, નર્મદામાં ૧, રાજકોટમાં ૫ કેસ, મહેસાણા જિલ્લામાં ૧, છોટાઉદેપુરમાં ૧, ભાવનગરમાં ૨, બનાસકાંઠામાં ૨, બોટાદમાં ૧ અને આણંદમાં ૧ કુલ મળીને ૩૬૮ કેસ નોંધાયા હતા.

કોરોનાની સારવાર ન કરે તે ખાનગી હોસ્પિટલના લાયસન્સ રદ્દ કરોઃ શૈલેષ પરમાર

ગાંધીનગર

ગુજરાતમાં કોરોના વાયરસનો તાંડવ જબરદસ્ત રીતે વ્યાપી રહ્યો છે. રાજ્યમાં અત્યાર સુધી કોરોના વાયરસના ૧૮૫૧ કેસ સામે આવી ચુક્યાં છે. ત્યારે રાજ્યમાં એવી કેટલીયે હોસ્પિટલો છે જે ઘણા દિવસથી બંધ છે અને કોરોના વાયરસના દર્દીઓની સારવાર કરી રહી નથી. આજે આ મુદ્દે કોંગ્રેસના નેતા શૈલેષ પરમારનું મોટું નિવેદન સામે આવ્યું છે. કોંગ્રેસના નેતા શૈલેષ પરમારે જણાવ્યું હતું કે ખાનગી હોસ્પિટલના લાયસન્સ કેન્સલ કરો. કોરોનાની સારવાર ન કરે તે લાયસન્સ રદ કરો. જે હોસ્પિટલોમાં કોરોનાના દર્દીઓની સારવાર નથી કરતા તેવી હોસ્પિટલના ડોક્ટરોને સરકારી હોસ્પિ.માં ડ્યુટી આપો. દેશમાં રાજ્ય જ્યારે વૈશ્વિક મહામારી વચ્ચે ઝઝૂમી રહ્યો હોય ત્યારે મોટી હોસ્પિટલ તાળા મારી રાખે તે કેવી રીતે ચલાવી લેવાય.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, કોંગ્રેસના નેતા શૈલેષ પરમારે કોરોનાના દર્દીઓનું ખાનગી હોસ્પિટલો નિદાન કે સારવાર ન કરવી પડે તેના માટે બંધ રાખી રહી છે. આ મુદ્દો હવે કોંગ્રેસના નેતા શૈલેષ પરમારે ઉઠાવ્યો છે. અને આવી કપરી પરિસ્થિતિમાં જે હોસ્પિટલો કોરોનાના દર્દીઓની સારવાર નથી કરી રહી તેવી ખાનગી મલ્ટી સ્પેશ્યલિટી હોસ્પિટલના લાયસન્સ રદ્દ કરવાની સરકારને અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, જો કોરોનાની સારવાર ન કરે તો તેવી હોસ્પિટલોની રાજ્યમાં કોઈ જરૂર નથી, તેમના લાયસન્સ તાત્કાલિક રદ્દ કરો. એટલું જ નહીં ખાનગી હોસ્પિટલના ડોક્ટરને સરકારી હોસ્પિટલમાં ડ્યુટી પણ આપવાની માંગણી સરકારને કરી હતી.



કોંગ્રેસના નેતા શૈલેષ પરમાર આકરે પાણીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં આવા સંજોગોમાં મોટી હોસ્પિટલ્સ તાળા મારી રાખે તે ના ચાલે. આ મુદ્દાને ગંભીરતાથી લઈને કોંગ્રેસના નેતા શૈલેષ પરમારે મુખ્યમંત્રી રૂપાણીની પત્ર લખ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, આજે અમદાવાદ પોલીસ કમિશ્નરે ગુલબાઈ ટેકરાની મુલાકાત લઈને સમીક્ષા કરી હતી.

કોરોના સામેની જંગમાં ૫૧ હજાર આપનાર ૯૯ વર્ષના રત્નાબાપનો પીએમ મોદીએ માન્યો આભાર

રાજકોટ

માળિયાહાટીના-મેંદરડાના પૂર્વ ધારાસભ્ય રત્નાબાપા ઠુંમરે ૧૭ એપ્રિલના રોજ કલેક્ટર કચેરીએ પોતાના મરણમૂડીના ૫૧ હજાર કોરોના સામેની લડાઈમાં દાનમાં આપ્યા હતા. રત્નાબાપાએ અધિક કલેક્ટરને પોતાનો દાનનો ચેક મુખ્યમંત્રી રાહત ફંડમાં અપર્ણ કર્યો હતો. રત્નાબાપાના દાનની વાત છેક દિલ્હી સુધી પહોંચી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી રહી ન શક્યા અને આજે જૂનાગઢ રહેતા રત્નાબાપાન દીકરાને ફોન કરી વાત કરી હતી.



મોદીએ બાપાને કહ્યું કે અમને યાદ કરો છો? તો બાપાએ કહ્યું યાદ તો કરીએ ને. આજે આવેલી મહામારી સામે તમે લડી રહ્યા છો અને દેશની સેવા કરો છો. ત્યારે મોદીએ કહ્યું હતું કે, બાપા અમે તમને બહુ જ યાદ કરીએ છીએ. તમને જાણીને આશ્ચર્ય થશે કે ૯૯ વર્ષના આ દાદા ૧૯૭૫થી ૧૯૮૦ના સમયગાળા દરમિયાન મેંદરડા અને માળિયાહાટીનાના ધારાસભ્ય પણ રહી ચૂક્યા છે. અત્યંત સાદગીપૂર્ણ જીવન જીવતા રત્નાબાપાએ ધારાસભ્ય તરીકે પોતાનો પગાર પણ નથી લીધો અને પેન્શન પણ નથી લીધું.

ધારાસભ્ય હતા ત્યારે પણ સરકારી બસમાં જ સામાન્ય મુસાફર તરીકે મુસાફરી કરી છે. ૫૧૦૦૦નો ચેક જૂનાગઢના એડિશનલ કલેક્ટરને અર્પણ કર્યો ત્યારે રત્નાબાપાએ કહ્યું, 'સાહેબ, હું વૃદ્ધ છું એટલે આવેલા સંકટ સામે લડાઈ લડવામાં મારું શરીર તો કામમાં આવે એમ નથી પણ મારી થોડી ઘણી બચત હતી તે દેશને કામમાં આવે એટલે અર્પણ કરું છું.' ભારતમાં જ્યારે અનાજની તંગી હતી ત્યારે તત્કાલીન વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીએ ભારતના લોકોને અઠવાડિયામાં એક દિવસ એક ટંકનું ભોજન છોડવા માટે અપીલ કરી હતી. રત્નાબાપાએ ત્યારથી દર સોમવારે એક ટંક જમવાનું છોડી દીધું છે જે નિયમ ૯૯ વર્ષની જૈફ વયે તૂટવા નથી દીધો.

લાયન્સ કલબ ઓફ વિરમગામ અને તાલુકા હેલ્થ ઓફિસના સંયુક્ત ઉપક્રમે પોલીસકર્મીઓનો મેડિકલ કેમ્પ યોજાયો



કોરોના વોરિયર્સ એવા પોલીસ ડિપાર્ટમેન્ટની સેવા કરવાનો આનંદ અનેરો હોય છે : હરિવંશ શુક્લ

વંદના નીલકંઠ વાસુકિયા
વિરમગામ

લાયન્સ ક્લબ ઓફ વિરમગામ સંચાલીત હોસ્પીટલ અને તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામ સંલગ્ન અર્બન હેલ્થ સેન્ટર વિરમગામના સંયુક્ત ઉપક્રમે રૂરલ પોલીસ સ્ટેશન હાંસલપુર ખાતે પોલીસ જવાનોનો મેડિકલ કેમ્પ રાખવામાં આવ્યો હતો. જેમાં આંખ દાંત બ્લડ પ્રેશર ડાયાબિટીસ તાવ શરદી ઉધરસ અને થર્મલ સ્કીનીંગ તપાસવામાં આવ્યા હતા. આશરે ૬૦ પોલીસ કર્મીઓ એ આ સેવાકીય કેમ્પમાં લાભ લીધો હતો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત લાયન્સ પ્રમુખ હરિવંશ શુક્લ એ જણાવ્યું હતું કે, કોરોના વોરિયર્સ એવા પોલીસ ડિપાર્ટમેન્ટની સેવા કરવાનો આનંદ અનેરો હોય છે.

અરવલ્લી, બનાસકાંઠા, મહીસાગર અને પંચમહાલમાં નવા કોરોના કેસો નોંધાયા હાહાકાર

અમદાવાદ

રાજયમાં કોરોના વાયરસનો તાંડવ જબરદસ્ત રીતે વ્યાપી રહ્યો છે. ગુજરાતમાં અત્યાર સુધી કોરોના વાયરસના ૧૭૦૦ કરતા વધુ કેસ સામે આવી ચુક્યાં છે. તો હવે અરવલ્લીના લીંબોદરા ગામ સીલ કરવામાં આવ્યું હોવાની માહિતી મલી રહી છે. અરવલ્લીના ઓઢા ગામનો ૩ કિ.મી.નો વિસ્તાર સીલ કરી દેતા ભારે અફડાતફડીનો માહોલ સર્જાયો છે. બંને ગામમાં ૧૫ – ૧૫ આરોગ્યની ટીમ કાર્યરત કરવામાં આવી છે. આ સિવાય આજે બનાસકાંઠા અને મહીસાગર જિલ્લામાં વધુ બે-બે પોઝિટિવ કેસ સામે આવ્યા છે. પાલનગુર અને સંતરામપુરથી આ કેસો સામે આવ્યા છે. આ સાથે બનાસકાંઠા જિલ્લામાં સંક્રમિતોની સંખ્યા ૧૨ પર પહોંચી છે તો મહીસાગરમાં અત્યાર સુધી પાંચ કેસ સામે આવ્યા છે.

બીજી બાજુ પંચમહાલને લઈને પણ એક મોટા સમાચાર મળી રહ્યા છે. આજે પંચમહાલમાં કોરોનાના વધુ ૨ કેસ પોઝિટિવ આવ્યા છે. પંચમહાલમાં એક જ પરિવારની બાળકી અને મહિલાને કોરોના પોઝિટીવ આવતા હડકંપ મચી જવા પામ્યો છે. આ કેસમાં એવું જાણવા મળી રહ્યું છે કે કોરોનાના દર્દીના સંપર્કમાં આવ્યા હોવાતી બાળકી અને મહિલાને કોરોનાનો ચેપ લાગ્યો છે. આ સાથે જ પંચમહાલમાં હવે કોરોનાના કુલ આંક ૧૧ પર પહોંચી ગયો છે. કુલ ૧૧ પોઝિટિવ કેસ પૈકી ૨ના મોત થઈ ચૂક્યા છે, જ્યારે ૯ એક્ટિવ કેસ જેઓની સારવાર ચાલી રહી છે.

અરવલ્લીના મેઘરજમાંથી મળતી માહિતી પ્રમાણે, મેઘરજમાં ૩ કોરોના પોઝિટિવ આવતા આરોગ્ય તંત્ર હરકતમાં આવી ગયું છે. મેઘરજના લીંબોદરામાં ૧ અને ઓઢામાં ૨ કેસ પોઝિટિવ નોંધાયા છે. જેના કારણે અરવલ્લીના બે મોટા ગામ લીંબોદરા અને ઓઢાને ક્લસ્ટર ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. લીંબોદરામાં અને ઓઢામાં આરોગ્ય વિભાગની ૧૫ – ૧૫ ટીમ કાર્યરત કરવામાં આવી છે. લીંબોદરા ગામ આખું સિલ કરાયું હોવાથી ચારેબાજુ ચર્ચા થઈ રહી છે. ઓઢા ગામના ૩ કિમીમાં આવતા ૧૩ ગામને પણ સિલ કરાયા હોવાની માહિતી મળી રહી છે. ત્રણે કોરોના પોઝિટિવ યુવકો અમદાવાદથી વતન આવ્યા હોવાનો ખુલાસો થયો છે. હાલ અરવલ્લીમાં કુલ કેસ ૧૦ થયા છે અને ૧નું મોત થયું છે. બનાસકાંઠા જિલ્લામાં વધુ બે કેસ સામે આવતા અત્યાર સુધી ૧૨ લોકો કોરોનાથી ઝપેટમાં આવ્યા છે. નવા બંને કેસ પાલનપુરના ગઠામણ ગામમાં આવ્યા છે. આ ગામમાં અત્યાર સુધી કુલ ૧૦ કેસ સામે આવ્યા છે. ગામ હાલ કોરોનાનું હોટસ્પોટ બની ગયું છે. કોરોનાને ડામવા માટે જિલ્લા વહીવટી તંત્ર ૨૪ કલાક કામે લાગ્યું છે. પરંતુ આ વધતા કેસો જરૂર ચિંતાનો વિષય છે. મહીસાગર જિલ્લાના સંતરામપુરમાં વધુ બે કેસો સામે આવતા કુલ સંક્રમિતોની સંખ્યા ૫ પર પહોંચી ગઈ છે. આ બે નવા કેસમાં એક જ પરિવારના બે સભ્યોનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. સસરા અને પુત્રવધુ કોરોના વાયરસનો શિકાર બન્યા છે. મહિલાની ઉંમર ૩૨ અને પુરૂષની ઉંમર ૬૦ વર્ષ છે. તો પરિવારના તમામ સભ્યોને આઈસોલેટ કરી દેવામાં આવ્યા છે.

વડોદરા પાલિકાના વધુ એક કર્મચારી કોરોનાની ઝપેટમાં આવતા ખળભળાટ

વડોદરા

ગુજરાતમાં દિવસે-દિવસે વધતા જતાં કોરોના વાયરસના કેસો ચિંતાનો વિષય બની ગયા છે. રાજ્યમાં ૧૭૦૦થી વધુ કેસો સામે આવ્યા છે તો વડોદરામાં ૧૮૦ કરતા વધુ કેસ સામે આવ્યા છે. આ દરમિયાન રાજ્યમાં ફરજ બજાવતા ઘણા સરકારી કર્મચારીઓ પણ કોરોનાનો શિકાર બન્યા છે. તો હવે વડોદરા મહાનગર પાલિકાના વધુ એક કર્મચારી કોરોનાની ઝપેટમાં આવી ગયા છે. હિસાબી શાખાના કર્મચારીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

વડોદરા મહાનગર પાલિકાની હિસાબી શાખાના કર્મચારીનો કોરોના વાયરસનો રિપોર્ટ પોઝિટિવ આવતા તંત્રમાં હડકંપ મચી ગયો છે. રવિવારે તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. કિશનવાડીમાં રહેલા કાંતિભાઈ સોલંકીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. તેમનો રિપોર્ટ પોઝિટિવ આવવાની સાથે પાલિકાની પીએફ કચેરીના ૭ કર્મચારીને હોમ ક્વોરેન્ટાઈન કરી દેવામાં આવ્યા છે. તો આ કોરોના પોઝિટિવ કર્મચારીની પાલિકાના ચીફ એકાઉન્ટન્ટ સાથે પણ ફાઈલ આપવા દરમિયાન મુલાકાત થઈ હતી.

લોકડાઉન ૨.૦માં મળેલી આંશિક રાહત પણ અમુક જગ્યાએ પ્રતિબંધ યથાવત

અમદાવાદ

ગુજરાતમાં આજથી લોકડાઉનમાં આંશિક છૂટછાટ આપવામાં આવી રહી છે પરંતુ કોરોનાએ અમદાવાદને રીતસર બાનમાં લીધુ છે ત્યારે અમુક જગ્યાએ લોકડાઉન નહીં પણ કર્ફ્યુ છે અને રીતસર સેવાઓ અને ધંધા, વેપાર ઉદ્યોગ બંધ રાખવામાં આવ્યા છે. ત્યારે શું શું ખુલી જશે એની તો જાણ છે પણ શું બંધ રહેશે તે જાણવું પણ જરૂરી છે.

વિશ્વભરમાં કોરોનાએ હાહાકાર મચાવ્યો છે. ગુજરાતને કોરોનાએ રીતસર બાનમાં લીધુ છે. એમાંય ૮૦ ટકા કેસ અમદાવાદમાં નોંધાઈ રહ્યા છે. ત્યારે આજથી કેટલાક ઉદ્યોગો અને સેવાઓને શરૂ કરી લોકડાઉનમાં આંશિક રાહત આપવામાં આવી છે પણ હજુ સંપૂર્ણ લોકડાઉન હટ્યુ નથી અને અમુક સેવાઓ તો બંધ જ છે. જે ૩જી મે સુધી ખુલે તેવી કોઈ જ સંભાવના નથી.

કઈ કઈ સેવા રહેશે બંધ

પેસેન્જર ટ્રેન સર્વિસ, વિમાન સેવા, રસ્તા પર સામાન્ય વાહનોની અવર-જવર, સ્કૂલ-કોલેજ-કોચિંગ સેન્ટર, ઔદ્યોગિક ગતિવિધી (જેને છૂટ નથી આપવામાં આવી), હોટલ સર્વિસ (જેને છૂટ નથી આપવામાં આવી), સિનેમા હોલ, મૉલ, શૉપિંગ કોમ્પ્લેક્સ, રેસ્ટોરન્ટમાં બેસીને જમવુ, રાજકીય-સામાજિક-ખેલ સાથે સંબંધિત કોઈ પણ કાર્યક્રમ પર રોક, ધાર્મિક કાર્યક્રમ પર રોક,, ધાર્મિક સ્થળ બંધ, અમદાવાદ શહેરમાં આવેલી GIDC બંધ રહેશે

રાજ્યભરમાં શરૂ થઈ રહેલા ઉદ્યોગ-ધંધાની વચ્ચે અમદાવાદ શહેરમાં આવેલી ઈંટ્ઢઝ બંધ રહેશે. કોરોનાના મહામારીને પગલે રાજ્યમાં કંપનીઓ છૂટ અપાઈ છે. જો કે અમદાવાદ કોર્પોરેશન વિસ્તારની હદમાં આવતી કંપનીઓ શરૂ નહીં થાય. જેમાં વટવા, નરોડા સહિતની ઈંટ્ઢઝ બંધ રહેશે.

ભાવનગરમાં વધુ એક યુવાનનો કોરોના રિપોર્ટ નેગેટીવ આવતા ૬ દર્દીઓને અપાઈ રજા

ભાવનગર

ભાવનગરની સર.ટી હોસ્પિટલમાંથી વધુ એક કોરોગ્રસ્ત દર્દીનો રીપોર્ટ નેગેટિવ આવતા ડિસ્ચાર્જ આપવામાં આવ્યો હતો. રૂવાપરી રોડ મોમીનવાડ મસ્જિદ પાસે રહેતા સાજીદભાઈ પરસડા (ઉ.વ.૪૩)ને તા.૮/૪/૨૦૨૦ના રોજ પોઝિટિવ રિપોર્ટ આવતા આઈસોલેશન વોર્ડમાં ખસેડવામાં આવ્યા હતા. અહીં તબીબોની સઘન સારવાર બાદ બેવાર રિપોર્ટ કરવામાં આવતા બંનેવાર નેગેટિવ આવતા ગઈકાલે રાત્રે રજા આપવા આવી હતી. એક જ દિવસમાં કોરોનાગ્રસ્ત છ દર્દીઓના રિપોર્ટ નેગેટિવ આવતા રજા આપવામાં આવી છે.

કોરોનાનો ભયઃ રાજકોટ સેન્ટ્રલ જેલના કેદીઓની પરિવાર સાથે વીડિયો કોલીંગથી વાત

રાજકોટ

રાજકોટની સેન્ટ્રલ જેલમાં ૧૧૦૦ની ક્ષમતા વચ્ચે ૧૩૦૦થી વધુ કેદીઓ સજા કાપી રહ્યા છે. ત્યારે કોઈ પણ કેદીઓને પોતાના પરિવાર સાથે મળવાનો સમય અપાતો હોય છે. પરંતુ કોરોનાના ભયને કારણે હાલ કેદીઓ વીડિયોકોલ મારફતે વાતચીત કરી રહ્યા છે. રોજની અરજીઓ આવે છે તે મુજબ પરિવારનો કોન્ટેક કરી વીડિયો કોલની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

રાજકોટ સેન્ટ્રલ જેલમાંથી અગાઉ પણ કોરોના વાઇરસના સંક્રમણને કારણે ૧૦૦થી વધુ કેદીઓને પેરોલ પર બે મહિલા માટે છોડી દેવામાં આવ્યા હતા. ત્યારે કાચા અનેપાકા કામના કેદીઓ હાલ જેલમાં છે તેની સાથે પરિવારજનોને વીડિયો કોલ મારફત વાત કરાવવાની વ્યવસ્થા કરાઈ છે.

અરવલ્લીના મેઘરજમાં યુવતીની છેડતી થતા પોલીસે હાથ ધરી તપાસ

મેઘરજ

ગુજરાતમાં કોરોના વાયરસના કહેર વચ્ચે ફરીથી ગુનાઓએ માથું ઉંચકવાનું શરૂ કર્યું છે. આજે અરવલ્લીના મેઘરજથી એક યુવતીની છેડતીના સમાચાર સામે આવતા હડકંપની સ્થિતિ પ્રવર્તી છે. આ ઘટનામાં જાણવા મળી રહ્યું છે કે, જામગઢના ફોરેસ્ટરે અરવલ્લીના મેઘરજ ગામની યુવતીની છેડતી કર્યાનો આરોપ લાગ્યો છે. જામગઢના ફોરેસ્ટરે યુવતીનો હાથ પકડીને છેડતી કર્યાનો આરોપ લાગતા ગામમાં ચર્ચાનો વિષય બન્યો છે. આ ઘટનાને પગલે મોટો હોબાળો થતા ઈસરી પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. આ ઘટનાની મળતી માહિતી પ્રમાણે, અરવલ્લી જિલ્લામાં મેઘરજ કરીને એક ગામ આવેલું છે. મેઘરજના નવાગામની એક યુવતી કોલેજમાં અભ્યાસ કરતી હતી. આ કોલેજીયન યુવતી સાથે જામગઢના ફોરેસ્ટરે છેડતી કરી હોવાનો આરોપ લાગ્યો છે. જામગઢના ફોરેસ્ટરે યુવતીનો હાથ પકડીને છેડતી કરી હોવાની વાત વાયુવેગે ગામમાં પ્રસરી જતા મોટો હોબાળો થયો હતો. ત્યારબાદ યુવતી અને તેના પિતા સાથે મળીને ઈસરી પોલીસ સ્ટેશન ગયા હતા. જ્યાં જામગઢના ફોરેસ્ટર પર છેડતીનો આરોપ લગાવીને સઘળી હકીકત પોલીસને જણાવી હતી.

AMC કમિશનરનો ઘટસ્ફોટ, એપ્રિલમાં કોરોનાનું ચોથું ચરણ શરૂ થયું

અમદાવાદમાં કોરોનાના નવા ૯૧ કેસ સાથે કુલ આંકડો ૧૨૦૦ને નજીક

અમદાવાદ

ગુજરાતમાં કોરોના વાયરસનો તાંડવ જબરદસ્ત રીતે વ્યાપી રહ્યો છે. રાજ્યમાં અત્યાર સુધી કોરોના વાયરસના ૧૮૫૧ કેસ સામે આવી ચુક્યાં છે. ત્યારે શહેરમાં કોરોનાની સ્થિતિ અંગે જણાવતા મ્યુનિસિપલ કમિશનર વિજય નેહરાએ જણાવ્યું કે, દિલ્હીની મરકઝમાં આવેલા લોકોને કારણે કોરોનાનો ફેલાવો વધુ થયો છે. ૧૫ માર્ચથી અમદાવાદમાં ત્રીજું સ્ટેજ શરૂ થયું હતું. કોરોનાનું હોટસ્પોટ બનેલા અમદાવાદમાં આજે ૯૧ કેસોમાંથી ૪૫ પુરુષ અને ૩૯ મહિલા દર્દીઓ સામે આવ્યાં છે. જ્યારે બેના મોત થયા છે. આ સાથે અત્યાર સુધીમાં કુલ દર્દી ૧૧૯૨ અને મૃત્યુઆંક ૩૪એ પહોંચ્યો છે. મ્યુનિસિપલ કમિશનરે શહેરમાં વધી રહેલા કોરોનાના કેસને લઈને લોકોને ઘરમાં સુરક્ષિત રહેવા અપીલ કરી હતી. તેમણે આજે જણાવ્યું કે, આપણી પાસે હજુ ૧૪ દિવસ લોકડાઉનના બચેલા છે જો આ સમયમાં આપણે ઘરમાં બેસી રહીને લોકડાઉનનું ચુસ્ત પાલન કરીશું તો આગામી સમયમાં આપણને વાંધો આવે તેમ નથી. કોરોના સામેના જંગમાં નહેરાએ જણાવ્યું હતું કે, આપણે જાન્યુઆરી, ફેબ્રુઆરી મહિનાથી તમામ રીતે સજ્જ થઈ ગયા હતા.

એક અભ્યાસ કરીને તમામ તૈયારીઓ પણ કરી દેવાઈ હતી. ગુજરાતમાં કોરોનાના દર્દીને ઉચ્ચકક્ષાની સુવિધા મળી રહે તેના માટે આગમચેતી તૈયારીઓ કરી લેવામાં આવી હતી. કોરોનાનો સામનો કરવા અમે જાન્યુઆરી મહિનાથી જ તૈયાર હતા. અમે પહેલેથી જ માસ્ક પણ ખરીદી લીધા હતા. ૨૪ જાન્યુઆરીએ તબીબોની મોટી ટ્રેનિંગ થઈ હતી. ૮ માર્ચ સુધીમાં સ્થિતિની ગંભીરતા સમજાઈ ગઈ હતી. ૧૫ માર્ચથી અમદાવાદમાં ત્રીજું સ્ટેજ શરૂ થયું. જયારે એપ્રિલમાં ચોથું ચરણ શરૂ થઈ ચૂક્યું છે. જો કે દિલ્હીની મરકઝમાં આવેલા લોકોને કારણે કોરોનાનો ફેલાવો વધુ થયો છે. બહારથી આવેલા લોકોને કારણે જે ડર અને પડકાર હતો તે સ્થિતિને પહોંચી વળ્યા છીએ. શાકભાજી અને રાશન વાળા પર અમારી નજર છે.

વિજય નેહરાએ ઉમેર્યું હતું કે, વૈશ્વિક મહામારી કોરાનાના કારણે અનેક દેશો તેની ચપેટમાં આવી ગયા છે. ત્યારે અન્ય દેશોની દુદર્શાને જોઈને અનુકરણ કરવાની કોશિશ ગુજરાતે કરી લીધી હતી. ગુજરાતમાં ૧૫ માર્ચથી કોરોનાનું ત્રીજુ ચરણ શરૂ થયું હતું. અને હાલ એપ્રિલમાં તેનું ચોથું ચરણ ચાલી રહ્યું છે. વિજય નેહરાએ જણાવ્યું હતું કે, ૩ મે પછી જ્યારે આપણે બહાર નીકળીએ તો તેની તૈયારી કેવી રાખવી? તેના પર વિશેષ વાત કરી હતી. પરંતુ હા તેમને ઉમેર્યું હતું કે, વિજય નહેરાએ જણાવ્યું હતું કે, આજે નોંધાયેલા તમામ નવા કેસોમાંથી ૬૬ કેસ હોટસ્પોટ વિસ્તારના છે. જેમાં ગાયકવાડ હવેલી, અસારવા, જમાલપુર, આસ્ટોડિયા, દહેરામપુરા, દરિયાપુર, બાપુનગર, જુહાપુરા. કાલુપુર, સરસપુર, શાહપુર, દાણીલીમડા સહિતના વિસ્તારો સામેલ છે. બે દિવસ બાદ અમદાવાદમાં કેસોનો આંકડો ૧૦૦થી ઓછો આવ્યો છે.

રાજયના આરોગ્ય વિભાગના અગ્રસચિવ ડો. જયંતી રવિએ કહ્યું કે, રાજ્યમાં હાલ સ્થિતિ કાબૂમાં છે, પરંતુ કોરોનાનો પીક હજુ આવ્યો નથી. એ સ્થિતિમાં વધારે લોકો સંક્રમિત થઈ શકે છે. હાલ જે કેસ છે એમાં ૮૦ ટકાને ચિહ્નો નથી, પાંચ ટકા ગંભીર ચિહ્નવાળા છે બાકીનાને થોડોક તાવ, શરદી, ખાંસી જેવા ચિહ્નો હોય છે. પરંતુ આ ચેપ ડાયાબિટીક, હૃદય રોગ, કિડની, શ્વાસ અને અન્ય કોઈ બીમારીવાળા દર્દીઓ માટે મોટાભાગે ઘાતક પુરવાર થતો હોય છે. આપણા મૃત્યુના કિસ્સામાં આ જ કારણ મોટાભાગે જોવા મળ્યું છે. તેમણે કબૂલ્યું કે, ક્લસ્ટર્સમાં સંક્રમણ એડવાન્સ સ્ટેજમાં છે પણ આ વાયરસ આગામી સમયમાં એના પીક ઉપર પહોંચશે ત્યારે સ્થિતિ કેવી હોઈ શકે છે એના માટે આપણે અત્યારથી તૈયારી રાખવી પડે.

અમદાવાદ સિવાય રાજ્યમાં અન્ય શહેરમો કોરોના પોઝિટિવ કેસમાં ઘટાડો

અમદાવાદ

રાજ્યમાં આજે કોરોનાના વધુ ૧૦૮ પોઝિટિવ કેસ નોંધાયા છે જેમાંછી અમદાવાદ ૯૧, અરવલ્લી ૬, કચ્છ, પંચમહાલ, રાજકોટ અને સુરત ૨-૨ , મહીસાગર, મહેસાણા અને વડોદરામાં ૧-૧ કેસ નોંધાયો છે. રાજ્યમાં કોરોનાના દર્દીઓનો આંકડો ૧૮૫૧એ પહોંચ્યો છે. ૧૪ વેન્ટિલેટર પર, ૧૬૬૨ લોકોની હાલત સ્થિર છે. રાજ્યમાં ૧૦૬ લોકોએ કોરોનાને મહાત આપી છે. સુરતમાં કોરોનાના નવા દર્દીઓની સંખ્યામાં ઘટાડો થયો છે. સુરતમાં આજે કોરોનાના માત્ર ૨ નવા કેસ નોંધાતા તંત્રને રાહત મળી છે. સુરતમાં કોરોનાના દર્દીઓની કુલ સંખ્યા ૨૪૪ થઈ ગઈ છે. સુરતમાં અત્યાર સુધી ૧૦ના મોત થયા છે જ્યારે ૧૧ દર્દી થયા સ્વસ્થ થઈને પોતાને ઘરે પરત ફર્યા છે.

વડોદરામાં રોજની સરખામણીએ આજે ઓછા કેસ નોંધાયા છે. વડોદરામાં છેલ્લા ૧૨માં માત્ર એક જ કેસ નોંધાયો છે. વડોદરામાં કુલ કેસની સંખ્યા ૧૮૧ થઈ છે. વડોદરામાં ૭ના મોત થઈ ચૂક્યા છે. વડોદરામાં આજે એકને રજા અપાઈ છે. વડોદરામાં અત્યાર સુધીમાં ૮ દર્દી કોરોનાને હરાવીને સાજા થઈ ચુક્યા છે.

રાજકોટમાં કોરોનાના આજે માત્ર ૨ કેસ નોંધાયા છે. રાજકોટમાં કોરોનાના કુલ દર્દીઓની સંખ્યા ૩૮ થઈ છે. ૯ દર્દી સાજા થઈ ચુક્યા છે. રાજકોટમાં હજુ સુધી કોરોનાથી એકપણ મોત થયુ નથી. અમદાવાદમાં કુલ ૧૧૯૨ કેસ નોંધાઈ ચુક્યા છે જેમાંથી ૩૪ લોકોના મોત થયા છે. આજે પણ ૨ વ્યક્તિના અમદાવાદમાં કોરોનાથી મોત થયા છે. જ્યારે ૨૯ જેટલા લોકો સાજા થઈને ઘરે જઈ ચુક્યા છે.

સરકાર દ્વારા અમદાવાદની ત્રણ ખાનગી હૉસ્પિટલને કોરોના સારવારની અપાઈ મંજૂરી

અમદાવાદ

અમદાવાદમાં કોરોના વાયરના દિવસેને દિવસે વધી રહેલા કેસ્સનેલઈને રાજ્યસરકાર તરફથી ત્રણ ખાનગી હૉસ્પિટલને સારવાર માટેની મંજૂરી આપવામાં આવી છે. આ અંગેઆરોગ્ય અગ્ર સચિવ ડૉક્ટર જયંતિ રવિએ માહિતી આપી હતી. કોરોનાને કારણે દર્દીઓ વધતા અમદાવાદની સ્ટર્લિંગ, ઉર્જા અને નારાયણ હૉસ્પિટલના કોરોનાની સારવારની છૂટ આપવામાં આવી છે. આ માટે શરત એટલી છે કે સારવાર માટે જે ખર્ચ થશે તે દર્દીઓ ચૂકવવો પડશે. એટલે કે જો કોઈ દર્દી પોતાના ખર્ચેસારવાર લેવા તૈયાર થાય તો ત્રણમાંથી કોઈ એક હૉસ્પિટલમાં જઈ શકેછે. આ માટે તમામ ખર્ચ દર્દીએ ભોગવવો પડશે. રવિવારે અમદાવાદની સિવિલ હૉસ્પિટલ ખાતે ૨૫ જેટલા કોરોના પોઝિટિવ દર્દીઓને રઝળાવ્યાનો બનાવ સામે આવ્યો હતો. દર્દીઓએ પોતાનો વીડિયો બનાવી મીડિયાને મોકલ્યા બાદ તંત્ર હરકતમાં આવ્યું હતું અને દર્દીઓનેહૉસ્પિટલમાં દાખલ કર્યા હતા. હવે હૉસ્પિટલ તરફથી દર્દીઓને સારું ભોજન મળતું હોય તેવો વીડિયો વહેતો કરવામાં આવ્યો છે. રવિવારના બનાવ બાદ હવે દર્દીઓના ફીડબેક સાથેનો વીડિયો શૂટ કરીને ટ્વિટર પર મૂકવામાં આવ્યો છે. જેમાં દર્દીઓ હૉસ્પિટલ અંગે સારો પ્રતિભાવ આપી રહ્યા છે. અમદાવાદ જિલ્લામાં કોરોના વાયરસને કારણે સૌથી વધારે ગંભીર પરિસ્થિતિ છે. જે પ્રમાણે સોમવારે ૨૦મી એપ્રિલ, ૨૦૨૦ના રોજ સવારે ૧૦ વાગ્યા સુધી જિલ્લામાં કોરોનાના કુલ ૧૧૯૨ પોઝિટિવ કેસ નોંધાયા છે. જેમાંથી ૩૪ લોકોનાં મોત થયા છે, જ્યારે ૨૯ લોકો સારવાર બાદ સાજા થયા છે.



કિમ બજારમાં અઠવાડિયામાં બે દિવસ સોમવાર અને ગુરુવાર ખુલ્લી હોવાથી સોમવારથી જ કિમની બજારમાં લોકોની ભીડ જોવા મળી શાકભાજી તેમજ જીવન જરૂરિયાત વસ્તુઓ ખરીદવા લોકો ઉમટી પડ્યા હતા. લોકડાઉનના નિયમનું ખુલ્લેઆમ ભંગ થતું જોવા મળ્યું હતું. સોસીયલ ડિસ્ટન્સીંગ ન જાળવતા લોકોમાં જાગૃતિનો અભાવ જોવા મળ્યો હતો.

નવસારી જિલ્લા પોલિસ દ્વારા લોકડાઉનનો ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરની કાર્યવાહી

નવસારી

કોરોના વાયરસની મહામારી વચ્ચે સંક્રમણને અટકાવવા નવસારી જિલ્લા પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત અમલ કરવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

નવસારી જિલ્લા પોલીસ વિભાગ દ્વારા પ્રાપ્ત થયેલી વિગતો અનુસાર તા.૧૭મી એપ્રિલના રોજ પોલીસ દ્વારા આ નિયમોનું ઉલ્લંઘન કરનારા ઈસમો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં કલમ ૧૮૮ ત્મ્ધ્ કલમ ૧૩૫ ગુજરાત પોલીસ એક્ટ ૧૯૫૧ હેઠળ ૨૪૭ સામે એફ.આઈ.આર. કરવામાં આવી છે તેમજ ૨૬૭ ની અટક કરવામાં આવી છે. તેમજ ધ એપીડેમીક ડીસીઝ એક્ટ ૨૦૦૫ હેઠળ ૧૨ ઈસમો સામે એફઆઈઆર કરવામાં આવી છે. અને ૪૮ વ્યકિતની અટક કરવામાં આવી છે. ૮૨ વાહનો ડીટેઈન કરાયા હતા. તા. ૧૭ એપ્રિલ સુધીમાં કુલ ૪૨૬૮ એફઆઈઆર કરવામાં આવી છે. તેમજ કુલ ૪૭૪૦ વ્યકિતઓની અટક કરવામાં આવી છે.

શહેરીજનોને લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ નવસારી જિલ્લા પોલિસ દ્વારા કરવામાં આવે છે.

સુરત શહેરમાં કોરોનાથી વધુ ત્રણના મોતઃ નવા બે કેસ પોઝિટિવ

લિંબાયતના સૈયદ નિયાઝ અહેમદ, બેગમપુરાના દયાકોર બેન રાણા અને લાલગેટ વિસ્તારના તાહિરા મલેકનું મોતઃ લિંબાયતની નુરબાનુ અને ગોડાદરાની સરિતા ખટીકનો રિપોર્ટ કોરોના પોઝિટિવ

સુરત

છેલ્લા ૧૨ કલાકમાં સુરત શહેરમાં કોરોના વાયરસના પોઝિટિવ બે દર્દીઓ નોંધાયા છે. જ્યારે પોઝિટિવ બે દર્દીઓ નોંધાયા છે. જ્યારે પોઝિટિવ દર્દી પૈકી બે મહિલા સહિત ત્રણ વ્યક્તિના મોત થયા છે. સુરત શહેરમાં કોરોના વાયરસ પોઝિટિવ ધરાવતા કુલ ૧૦ દર્દીનાં મોત થઈ ચુકયા છે.

સુરત મહાનગર પાલિકાના આરોગ્ય વિભાગના જણાવ્યા મુજબ કોરોના પોઝિટિવ આવેલા અને નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે કોરોન્ટાઈન કરાયેલા લિંબાયત રામનગરના સૈયદ નિયાઝ અહેમદ (ઉ.વ.૭૦) તથા બેગમપુરાના ડાયકોર બેન હિરાલાલ (ઉ.વ. ૮૦) અને લાલગેટ ખાટકીવાડના તાહિરા અબ્દુલ રઝાક મલેક (ઉ. વ. ૬૫)નું આજ રોજ મૃત્યુ થયું હતું. જ્યારે છેલ્લા ૧૨ કલાકમાં બે દર્દીના રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા. લિંબાયત અંબાનગર હનિફ શેખ (ઉ.વ.૬૨) અને ગોડાદરા લક્ષ્મી નારાયણ નગરની સરિતા કલ્પેશ ખટીક (ઉ.વ.૧૯) ને સરકારી કોરોન્ટાઈનમાં રાખવામાં આવ્યા છે.

ડાંગના ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને કરાયું ૩૯૬૨ ગેસ સિલિન્ડરનું વિતરણ

ડાંગ

ભારત સરકારે આગામી ત્રણ મહિના માટે એટલે કે એપ્રિલથી જૂન-૨૦૨૦ સુધી પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાના ગ્રાહકો માટે પ્રતિમાસ ૧ ગેસ સિલિન્ડર મફત આપવાનું જાહેર કર્યું છે. હાલમાં કોરોના વાઈરસના કારણે ભારત સરકાર દ્વારા લોકડાઉન અમલી બનાવવામાં આવ્યું છે, ત્યારે ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને મુશ્કેલી ન પડે તે માટે સરકારે સંવેદનશીલ નિર્ણય લઈ તાત્કાલિક યોજનાનો અમલ શરૂ કરી દીધો છે.આ યોજનામાં ઓઈલ માર્કેટીંગ કંપની પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓના ખાતામાં અગાઉથી ૧૪.૨ કિ.ગ્રા.રિફિલની જે કિંમત હોય તેટલા જ નાણાં અગાઉથી બેંક ખાતામાં જમા કરશે. ડિસ્ટ્રીક્ટ સપ્લાય ઓફિસર અને મામલતદાર પ્રતિક કુમાર પટેલે જણાવ્યું હતું કે, ડાંગ જિલ્લામાં કુલ ૧૯,૫૩૬ લાભાર્થીઓ પૈકી ૩,૯૬૩ લાભાર્થીઓને ગેસ રિફિલ વિતરણ કરવામાં આવી છે.

તમામ લાભાર્થીઓના બેંક એકાઉન્ટમાં પૈસા જમા કરવાનું શરૂ થઈ ગયું છે.ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓએ અગાઉથી જમા થયેલા નાણાં ગેસના બોટલ માટે જમા રાખવાના રહેશે. પ્રથમ વખત મેળવેલા ગેસ સિલિન્ડરના ૧૫ દિવસ બાદ જ બીજા ગેસ સિલિન્ડર માટે બુકિંગ કરી શકશે. તથા પ્રથમ માસમાં બોટલ નહીં લેવામાં આવે તો અગાઉ જમા થયેલા પૈસામાંથી જ બોટલ મળશે. તેના માટે ફરી પૈસા જમા નહીં થાય.જો લાભાર્થી આ ત્રણ માસમાં ગેસ સિલિન્ડર રીફિલ ન કરાવે તો ૩૧ માર્ચ ૨૦૨૧ સુધી લાભ મેળવી શકશે. આ અંગે ડાંગ જિલ્લા લીડબેંક મેનેજર રાજેન્દ્રભાઈ પટેલ સાથે સંપર્ક કરતા તેઓએ જણાવ્યું હતું કે, ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓના લીંક થયેલા બેંક ખાતામાં ગેસ સિલિન્ડરના હાલના ભાવ મુજબ પૈસા જમા કરવામાં આવી રહ્યાં છે. પરંતું ગ્રાહકોનું બેંક એકાઉન્ટ ચાલુ હોવુ જોઈએ. તેમજ કે.વાય.સી. કરવાનું બાકી ન હોવું જોઈએ.

કડોદરા ચાર રસ્તા પાસે લોકોના ઉપયોગ માટે સેનેટાઈઝ બુથ મુકાયું

સેનેટાઈઝ બુથ કોરોના સંક્રમણથી રક્ષણ કરશે

કડોદરા

કોરોનાના સંક્રમણથી કઈ રીતે બચી શકાય તેના ભાગરૂપે કડોદરાના કેકેપી યુવા સંઘ દ્વારા સેનેટરાઈઝ બુથ બનાવવામાં આવ્યું હતું તે લોક ઉપયોગી થાય તે માટે પોલીસ સ્ટાફને સુપરત કરી કડોદરા ચાર રસ્તા પાસે મુકવામાં આવ્યું છે.

કોરોનાની મહામારીમાં પણ છેલ્લા કેટલાક સમયથી કડોદરા પોલીસ સ્ટેશનના પીઆઈ વળવી સહિત પોલીસ કર્મીઓ ૨૪ કલાક પોતાની જાનના જોખમે નિષ્ઠાપુર્વક ફરજ બજાવતા છે. ત્યારે તેમની પણ સતત ચિંતા કરતા કડોદરાના કે.કે.પી યુવા સંઘ કોરોનાના સંક્રમણ થી બચાવ કઈ રીતે થઈ શકે તે માટે સેનેટરાઈઝ બુથ બનાવી કેકેપી યુવા સંઘ દ્વારા કડોદરા ચાર રસ્તા પાસે પોલીસ સ્ટાફને સુપરત કરવામાં આવ્યું છે. ત્યારે પોલીસકર્મીઓ પણ કોરોના સંક્રમણથી બચાવ માટે બુથને કડોદરા ચાર રસ્તા પાસે મુકી પોતે પણ તેનો બચાવ માટે ઉપયોગ કરે અને અન્ય લોકોને પણ તે બુથ ઉપયોગી બને તે માટે મુકવામાં આવેલ છે આ સેનેટરાઈઝ બુથમાં પ્રવેશવાથી આખા શરીરના ભાગે સેનેટરાઈઝ થઈ જાય છે આથી તેને મુકવામાં આવેલ છે.

શહેરમાં કોરોનાના કુલ પોઝિટીવ કેસોની સંખ્યા ૨૨૭ થઈ છેઃ મ્યુ.કમિશનર બંછાનિધિ પાની

વિશ્વના અગ્રીમ દેશોના નિયત ધારાધોરણો અનુસાર શહેરમાં દર ૧૦ લાખની વસ્તીએ ૧૪૦૦ લોકોનો કોરોના ટેસ્ટ થઈ રહ્યો છેઃ મ્યુ.કમિશનર બંછાનિધિ પાની આજે સોશ્યલ ડિસ્ટન્સ ન જાળવનાર ૭૩ લોકોને રૂ.૭૭,૦૦૦ અને માસ્ક ન પહેરનારા ૫૩ વ્યક્તિઓને રૂ. ૫૩,૮૦૦ નો દંડ કરવામાં આવ્યો છે





સુરત

સુરત મહાનગર પાલિકાના મ્યુ. કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ આજ તા.૧૯મી એપ્રિલના રોજ કોરોના બાબતે અદ્યતન વિગતો આપતાં જણાવ્યું હતું કે, શહેરમાં ગત રોજ કોરોનાના કુલ પોઝિટીવ કેસો ૧૯૪ હતા, જેમાં ૩૩ કેસો ઉમેરાઈને કુલ ૨૨૭ પોઝિટીવ કેસ થયા છે, અને કુલ ૦૮ દર્દીઓના મૃત્યુ થયા છે. મહત્તમ કેસો હોટસ્પોટ વિસ્તારમાંથી નોંધાયા છે. કોરોનાના સૌથી વધુ ૯૨ કેસો લિંબાયત ઝોનના માન દરવાજા અને મીઠી ખાડી વિસ્તારના નોંધાયા છે. શહેરમાં કોરોનાને ફેલાતો અટકાવવાં માટે ડોર ટુ ડોર સર્વેલન્સની ૬૦૯ ટીમો દ્વારા ૧,૭૩,૭૦૦ ઘરોમાં સઘન ચકાસણી તેમજ કોન્ટેક્ટ ટેસ્ટીંગની પ્રક્રિયા વધુ તેજ કરવામાં આવી છે. સ્મીમેર હોસ્પિટલમાં કોરોના ટેસ્ટીંગ શરૂ કરાયું હોવાથી ૩૦૩ સેમ્પલનું ટેસ્ટીંગ કરવામાં આવ્યું છે. મ્યુ. કમિશનરશ્રી વધુમાં જણાવ્યું કે, ટ્રેકિંગ, ટેસ્ટીંગ અને ટ્રીટમેન્ટના ટ્રીપલ ટી એપ્રોચના આધારે સામૂહિક ટેસ્ટીંગ માટે હવે વ્યક્તિના શરીરમાં કોરોના વાઈરસની હાજરીને પારખતાં રેપિડ એન્ટી બોડી ટેસ્ટની કાર્યવાહી પણ શરૂ કરાશે. વિશ્વના અગ્રિમ દેશોના નિયત ધારાધોરણો અનુસાર શહેરમાં દર ૧૦ લાખની વસ્તીએ ૧૪૦૦ લોકોનો ટેસ્ટ થઈ રહ્યો છે. આજ સુધી શહેરમાં ૭૭૧૫ ટેસ્ટ કરાયા છે, જેમાંથી આ ૨૨૭ પોઝિટીવ કેસો નોંધાયા છે. આજની સ્થિતિએ ૨૮૩૭ લોકો હોમ ક્વોરેન્ટાઈન હેઠળ છે. જેમાં ૫૦૩ સરકારી અને ૧૭ વ્યક્તિઓ પ્રાઈવેટ ક્વોરેન્ટાઈનમાં છે. આમ, કુલ ૩૩૫૭ વ્યક્તિઓ ક્વોરેન્ટાઈનમાં છે. આજે સોશ્યલ ડિસ્ટન્સ ન જાળવનાર ૭૩ લોકો પાસેથી રૂ.૭૭,૦૦૦ નો દંડ કરાયો છે, જયારે માસ્ક ન પહેરનારા ૫૩ વ્યક્તિઓને રૂ. ૫૩,૮૦૦ નો દંડ કરવામાં આવ્યો છે. આવશ્યક દુકાનો પર હેન્ડ સેનેટાઈઝરની વ્યવસ્થા ન કરનાર દુકાનદારોને રૂ. ૧,૬૮,૦૦૦ નો દંડ કરાયો છે. શ્રી પાનીએ કહ્યું કે, આજે શહેરના શ્રમિક ગરીબ વર્ગના ૭,૪૮,૮૬૫ લોકો માટે સામાજિક સંસ્થાઓના સહયોગથી ભોજન વ્યવસ્થા કરવામાં આવી છે. સુરત જેવી આ પ્રકારની વ્યવસ્થા દેશના કોઈ પણ રાજ્યની સરખામણીમાં પ્રથમ ક્રમે છે. રિલીફ સેન્ટરોમાં ૧૩૮૨ અને ૧૨૩૯ વૃદ્ધ દિવ્યાંગોને દરરોજ ઘર બેઠાં ભોજન પહોંચાડવામાં આવે છે. જયારે અક્ષયપાત્ર સંસ્થા દ્વારા દરરોજ ૧,૧૬,૦૦૦ લોકો માટે ભોજન પૂરૂ પાડવામાં આવે છે. તેમણે શહેરીજનોને લોકડાઉન તેમજ કર્ફ્યુનું પાલન કરવાં તેમજ જરૂરી કામ વિના ઘરથી બહાર ન નીકળવા, માસ્ક અચૂક પહેરવા અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા તેમજ લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગની અપેક્ષા વ્યક્ત કરી હતી.

કોરના મહામારીમાં જરૂરીયાત મંદોને કેશ ડોલ આપવા સુરત કોંગ્રેસની માંગ

કોંગ્રેસ પ્રમુખ બાબુભાઈ રાયકાની કલેક્ટરને રજૂઆત

સુરત

નોવેલ કોરોના વાયરસની મહામામારીમાં સમગ્ર દેશમાં લોકડાઉનનો પીરિયડ ચાલુ છે, ત્યારે ગરીબ અને જરૂરીયાતમંદ લોકોને આર્થિક કેશડોલ આપવા બાબતે સુરત શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ બાબુભાઈ રાયકા દ્વારા સુરત કલેકટરને કરાયેલી રજુઆતમાં જણાવ્યું હતું કે સમગ્ર વિશ્વ, દેશ અને રાજયમાં નોવેલ કોરોના વાયરસ ફેલાયેલો છે. અને વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) એ આ વાયરસને મહામારી જાહેર કરેલ છે. આજે વિશ્વના ૧૯૯ ઉપરાંત દેશોમાં આ રોગ અતિ તીવ્રતાથી ફેલાઈ રહેલ છે, જેના કારણે હજારો લોકો મોતનો શિકાર બનેલ છે. આજે સમગ્ર ભારત સહિત ગુજરાત રાજયમાં પણ કોરીના વાયરસના દર્દીઓની સંખ્યામાં ચિંતાજનક રીતે વધારો થઈ રહયો છે. માન. વડાપ્રધાન શ્રી દ્વારા સમગ્ર દેશમાં લોકડાઉન પીરિયડ જાહેર કરવામાં આવેલ છે. ત્યારે સુરતમાં પણ લોકડાઉન જાહેર કરતા સુરક્ષાના કારણોસર સુરતની આવશ્યક સેવાઓ સિવાયની તમામ કચેરીઓ. દુકાનો. મોલ્સ, વગેરે બંધ રાખવાનો સરકારશ્રી દ્વારા નિર્ણય કરવામાં આવેલ છે. લોકડાઉન પીરિયડ જાહેર કર્યા બાદ સુરત શહેરની ગરીબ પ્રજાને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે, ત્યારે સદર હું સુરત શહેર જીલ્લા કોંગ્રેસ સમિતિ વતી આપશ્રીનું ધ્યાન દોરવા માંગુ છું કે, ભૂતકાળમાં જ્યારે જ્યારે આ સુરત શહેર પર કુદરતી આફત જેવી કે, રેલ આપત્તિ, તાપી પૂર આપત્તિ આવે ત્યારે લોકોની જરૂરીયાતને ધ્યાને લઈ સરકારશ્રી દ્વારા કેશડોલ આપવાની વ્યવસ્થા કરવામાં આવેલ. ત્યારે આ મહામારીમાં સમગ્ર સુરત શહેરના ગરીબ અને જરૂરીયાતમંદ અને મધ્યમ વર્ગને તેમના ભરણપોષણ માટે આર્થિક સહાયરૂપી કેશડોલ સત્વરે અપાવવા આપીને નૂમ અરજ છે.

વરાછાઝોનમાં કોરોના વોરરૂમમાં કમ્પ્યુટર ઓપરેટરનો રિર્પોટ પોઝિટીવ આવતા સ્ટાફમાં ચિંતા

સુરત

વરાછાઝોનના કોરોના વોર રૂમમાં કમ્પ્યુટર પર કામ કરતાં મેહુલ ચૌહાણ નામના યુવકનો કોરોના ટેસ્ટ પોઝિટીવ આવ્યો છે. આ વાતને શહેરના નાગરિકોથી કેમ છુપાવવામાં આવી? કોરોના સામેની લડાઈ માટે બનાવાયેલા વોર રૂમમાં અંદાજે સાતથી આઠ લોકોનો સ્ટાફ છે એ તમામમાંથી કોઈને પણ સેલ્ફ કવોરોન્ટાઈન કરવામાં નથી આવ્યાં. આ સંક્રમણ ક્યાં સુધી પહોંચ્યું હશે તે કહેવું મુશ્કેલ છે કેમકે વોરરૂમમાં દિવસભર કામ કરતાં યુવકના સતત સંપર્કમાં વોરરૂમનો સ્ટાફ રહેતો હોય તે સ્વભાવિક છે. તેઓ અને તેમના પરિવારો સુધી આ સંક્રમણ ફેલાઈ ચૂક્યું હોવાની શક્યતા સો ટકા છે તેમ છતાં કેમ આંખ આડા કાન થઈ રહ્યાં છે.

આજ જ ઝોનમાં વરાછા હેલ્થ સેન્ટર નીચે આવેલા લંબે હનુમાન યુનિટના એક પ્રાઈમરી હેલ્થ વર્કરનો રિર્પોટ પણ પોઝિટીવ આવ્યો. સેન્ટ્રલઝોનમાં છપ્પનચાલના સફાઈ કર્મચારી કમલેશ રાજુભાઈ ઘુમાડિયા અને પુના-બી વોર્ડના સફાઈ કામદાર વિશાલ અરવિંદભાઈ પટેલના કોરોના રિર્પોટ પોઝિટીવ આવી ચૂક્યા છે. પાલિકાના સ્ટાફમાં જ સંક્રમણ વધી રહ્યું છે, છતાં તેમના પ્રત્યે અને તેઓ સાથે કામ કરતાં અન્ય લોકો અને તેમના પરિવારો પ્રત્યે આ લાપરવાહી શા માટે?

મોટાભાગે બપોરના સમયે આ તમામ સફાઈ કર્મીઓ સાથે જ જમવા બેસે અને પછી પાછા કામે લાગે. એકબીજાની સાથે જમવા બેસતા આ કર્મીઓની સંખ્યા હોય છે લગભગ ૭૦થી ૭૫. શું આ તમામ સંક્રમિત નહિં થયા હોય કે પછી તેઓને કવોરોન્ટાઈન કરવા જવામાં સિસ્ટમ ભાંગી પડે તેવી સ્થિતિ છે. સુરતના વરાછા, પુણા, સેન્ટ્રલઝોનના કર્મચારીઓમાં કોરોનાનું સંક્રમણ થઈ ચૂક્યું છે તેમ છતાં સુરત કોર્પોરેશનના સ્ટાફના મેડિકલ ટેસ્ટિંગને ગંભીરતાથી નથી લેવાઈ રહ્યું છે. માત્ર ARI- (શરદી-ખાંસી-કફ-તાવ)ના લક્ષણો દેખાય તો જ પાલિકાના સ્ટાફનું મેડિકલ ટેસ્ટિંગ કરાવવાના ઓર્ડર છે. હદ તો એ છે કે વરાછા વોરરૂમના જે કર્મચારીનો રિર્પોટ પોઝિટીવ આવ્યો છે તેને માત્ર સામાન્ય તાવ હતો.

ગણદેવી પાલિકાના કર્મીઓની કરાઈ આરોગ્ય તપાસ

નવસારી

''કોરોના'' ના સંક્રમણને અટકાવવા માટે રાતદિવસ ખડેપગે સેવા કરતા સરકારી કર્મચારી, અધિકારીઓના સ્વાસ્થ્યની પણ સમયાંતરે તપાસ કરીને, તેમની કાળજી લેવામાં આવી રહી છે. ગણદેવી નગરપાલિકાના ચીફ ઓફિસરશ્રી ચંદ્રેશભાઈ સરૈયાએ જણાવ્યું હતું કે, ''કોરોના'' ના કહેર વચ્ચે નગરના પ્રજાજનોના સ્વાસ્થ્ય અને સલામતી માટે ફરજ બજાવી રહેલા ગણદેવી નગરપલિકાના વિવિધ વિભાગોના કર્મયોગીઓ અને સભ્યોની આરોગ્યની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. નગરજનોના સ્વાસ્થ્યની સલામતી સાથે સંકળાયેલા આ તમામ કર્મયોગીઓની આરોગ્ય તપાસણી કરીને તેમનું સ્વસ્થ ચકાસવામાં આવ્યું હતું.

મ્યુનિ. કમિશનર દ્વારા જુદા જુદા વિસ્તારોનું જાત નિરીક્ષણ કરાયું

સુરત

મહાનગરપાલિકાના મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ આજ રોજ ઉધરસ ભૈયાની ચાલ, લંબેહનુમાન રોડની રૂબરૂ મુલાકાત લઈ સેનિટાઈઝેશનની કામગીરી નિહાળી હતી, તેમજ જરૂરી સૂચનો કર્યા હતા. તેમણે આ વિસ્તારમાં સેનિટાઈઝેશનની ઝડપી કામગીરી દ્વારા કોરોના સંક્રમણને આગળ વધતું અટકાવવા સંદર્ભે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે ફાયર વિભાગના કર્મચારીઓને પ્રોત્સાહિત કર્યા હતા. કમિશનરશ્રી સાથે ધારાસભ્યશ્રી પ્રવિણ ઘોઘારી પણ જોડાયા હતા. ત્યારબાદ અંબિકાનગર સોસાયટી, પિયુષ પોઈન્ટ, પાંડેસરાની મુલાકાત લઈને અહીની પ્રવર્તમાન સ્થિતિ અંગે ચર્ચા કરી જાણકારી મેળવી હતી.

ઉપરાંત તેમણે અર્બન હેલ્થ સેન્ટર, વેસુની પણ મુલાકાત યોજી અહી ફરજ બજાવતાં આરોગ્યકર્મીઓની સાથે ચર્ચા વિચારણા કરી આરોગ્યલક્ષી કામગીરીની સમીક્ષા કરી હતી.

અમદાવાદ, રાજકોટ તેમજ સુરતમાં કરફ્યુને વધારાયો



રાજ્યના મોટાભાગના કોરોનાના કેસો અમદાવાદ, સુરત તેમજ રાજકોટમાં થયા હોવાથી કરફ્યુ ૨૪મી સુધી વધ્યો

અમદાવાદ

અમદાવાદના કોટ વિસ્તાર સહિત સુરત અને રાજકોટમાં આજે કર્ફ્યુ લંબાવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. રાજ્યના પોલીસ વડા શિવાનંદ ઝા દ્વારા આ અંગેની જાહેરાત મોડેથી કરવામાં આવી હતી. તેમણે કહ્યું હતું કે, રાજ્યના મોટાભાગના કેસો આ ત્રણેય શહેરોમાં આવી રહ્યા છે જેથી ગંભીર નોંધ લઈને આ ત્રણેય શહેરોમાં ૨૪મી એપ્રિલના સવારે છ વાગ્યા સુધી કર્ફ્યુ લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. અમદાવાદ રાજ્યમાં સૌથી વધારે કેસ ધરાવે છે. રાજ્યમાં કુલ નોંધાયેલા કેસો પૈકી એકલા અમદાવાદમાં ૫૦ ટકાથી પણ ઉપર કેસો નોંધાયા છે. આમા પણ ૩૮ મોત જે અમદાવાદમાં થયા છે તે પૈકી ૨૫થી વધુ મોત કોટ વિસ્તારમાં થઈ ચુક્યા છે. આવી જ સ્થિતિ રાજકોટમાં પણ રહેલી છે. રાજકોટમાં ૩૮ દર્દીઓથી વધુ નોંધાયા છે જે પૈકી ૩૦થી વધુ દર્દીઓ એકલા જંગલેશ્વરમાં નોંધાયા છે. આરોગ્ય સચિવ જયંતિ રવિએ પણ આજે માહિતી આપતા કહ્યું હતું કે, હોટસ્પોટ ગણાતા વિસ્તારોમાં કેસો એકાએક વધી રહ્યા છે. કોરોના વાયરસના કેસોની સંખ્યા વધી રહી છે. અમદાવાદમાં ૬૬ હોટસ્પોટ વિસ્તારમાં કેસો વધુ નોંધાઈ રહ્યા છે. અમદાવાદના જુદા જુદા ઝોનમાં અને ખાસ કરીને કોટ વિસ્તારમાં આવેલા ક્ષેત્રોમાં વધુ કેસ બની રહ્યા છે. આજે મોડી સાંજે રાજ્યના કેટલાક ભાગોમાં અન્ય નવા કેસો પણ નોંધાયા હતા. આજે ગુજરાતમાં જે કુલ ૯૩ કેસ નોંધાયા હતા તે પૈકી ૫૦ ટકાથી પણ વધુ કેસો અમદાવાદમાં નોંધાયા હતા. કુલ ૬૧ કેસો આજે સપાટી પર આવ્યા હતા જેમાં ૩૬ પુરુષો અને ૨૫ મહિલાઓનો સમાવેશ થાય છે. અમદાવાદમાં જ આજે ચાર લોકોએ દમ તોડી દીધો હતો જે પૈકી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ૪૨ વર્ષીય મહિલાનું મોત થયું હતું જ્યારે એસવીપી હોસ્પિટલમાં અન્ય ત્રણના મોત થયા હતા. ત્રણેયની વય મોટી વયની હોવાનું જાણવા મળ્યું છે. અમદાવાદમાં નવા નોંધાયેલા ડિસ્ચાર્જની વિગતો ઉપર ધ્યાન આપવામાં આવે તો આજે અમદાવાદમાં ૨૦ને રજા આપવામાં આવી હતી જે પૈકી ૧૫ પુરુષ અને પાંચ મહિલાઓનો સમાવેશ થાય છે. અમદાવાદમાં કેસોમાં વિસ્ફોટ થઈ રહ્યો હોવાથી તંત્ર દ્વારા વધારે તકેદારી રાખવામાં આવી રહી છે. અમદાવાદમાં કુલ કેસોની સંખ્યા વધીને ૧૨૪૮ પર પહોંચી છે જે રાજ્યમાં નોંધાયેલા કુલ કેસો પૈકી મોટાભાગના કેસોની સંખ્યા છે.

બોલો...સુરતના સિવિલ હોસ્પિટલના કર્મચારીને પહેલા ઈરાદાપૂર્વક રજા પર ઉતારી દેવાયો

કોરોના સંકટમાં હાજર થયેલા કર્મચારીને પાછો નોકરી લેવાથી તંત્રનો ઈનકાર..!



સુરત

સિવિલ હોસ્પિટલમાં ૪૦ વર્ષ જુના કાયમી કર્મચારીને રજા પર ઉતારી દીધા બાદ હવે નોકરી પર લેવામાં આવી રહ્યો નથી. કોરોના મહામારીમાં કામ કરવા ઈચ્છતા કર્મચારી સાથે આ વર્તનને લઈને સવાલો ઉભા થયા છે. કર્મચારીએ આરોપ મૂક્યો હતો કે, એક ડોકટરના કહેવાથી આ પ્રકારનું વર્તન કરવામાં આવી રહ્યું છે.

કોસંબા ખાતે આવેલી સાગરનગર સોસાયટીમાં નટવર મથુરભાઈ સોંલકી (ઉ.વ.૬૦) પરિવાર સાથે રહે છે. સુરત સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ૪૦ વર્ષથી વર્ગ-૪ના કર્મચારી તરીકે ફરજ બજાવે છે. નટવર ટ્રોમાં સેન્ટરમાં નોકરી કરે છે. દરમિયાન ગત ૩ એપ્રિલના રોજ કોન્ટ્રાક્ટ બેઝૂડ મુકાદમ(સર્વન્ટ ઈન્ચાર્જ) દ્વારા કહેવામાં આવ્યું હતું કે, હાલ તમે માંદગી રજા પર ઉતરી જાઉં કહેતા નટવર રજા પર ઉતરી ગયો હતો. આજે ફરજ પર હાજર થતા તેમને નોકરી પર લેવાનો ઈકાર કરવામાં આવ્યો હતો.

નટવરભાઈએ જણાવ્યું હતું કે, ડોક્ટર કામનો પ્રકાર બદલી નાખતા હતા. ચોપડે એન્ટ્રી વારંવાર બદલાતી હોવા છતાં ચૂપચાપ નોકરી કરવા છતા ઈચ્છા વિરુદ્ધ રજા પર ઉતરી દેવાયો હતો. રોજ ના ૧૨-૧૨ કલાક નોકરી કરી છે આજે આવું કેમ? સવારે સાડા પાંચ વાગ્યાનો ઘરેથી નીકળ્યો છું. સિવિલ પહોંચતા નોકરી પર લેવામાં નથી આવી રહ્યો. કોન્ટ્રાકટ મુકાદમ પરિમલે જણાવ્યું હતું કે, નટવરભાઈએ માંદગીની રજા માંગી હતી અટલે મે આપી છે. ડો. ઓમકાર ચૌધરી પાસે તેની ફરિયાદ આવી હશે. જેથી તેને ફરી નોકરી પર ન લેવાનું જણાવ્યું હતું. આરએમઓ કેતન નાયકે જણાવ્યું હતું કે, આ મામલો મારી પાસે આવ્યો છે. નટવરભાઈને કામ કરવું નથી. તેને કામ સોંપીએ તે કરતા ન હતા. હાલ તેમને ટ્રોમા સેન્ટર સિવાય અન્ય જગ્યાઓ લેવાનો આદેશ કર્યો છે.

સુરતના વેસુમાં શાકભાજી વેચનારામાં શંકાસ્પદ કોરોનાના દેખાતા તંત્ર ખડેપગે થયું

સુરત

કોરોના વાઈરસના પગલે તંત્ર તાત્કાલિક પગલાં લેવામાં આવી રહ્યાં છે. વેસુ વિસ્તારમાં અને ઉધના વિસ્તારમાં બે વ્યક્તિઓમાં શંકાસ્પદ લક્ષણો દેખાતા મનપા તંત્ર દ્વારા બન્નેના સેમ્પલ લઈને એ લોકો જ્યાં રહે છે તે વિસ્તારને સેનિટાઈઝ કરવામાં આવ્યો હતો. હાલ બન્નેના રિપોર્ટની રાહ જોવામાં આવી રહી છે.

વેસુ વિસ્તારમાં કોરોનાના લક્ષણ સાથે શાકભાજી વેચનારો સામે આવ્યો છે.



જેથી વેસુ વિસ્તારમાં તંત્ર દોડતું થયું છે.સુરત મનપાની ટીમ શાકભાજી વેચનારાને લઈ રવાના થઈ છે. સેમ્પલ લેવામાં આવ્યાં છે. રિપોર્ટ આવવવાનો બાકી છે. આખેઆખી જગ્યા સેનેટાઈઝ કરવામાં આવી છે. ઉધના વિસ્તારમાં આવેલી શિવ નગર સોસાયટીમાં વધુ એક શકાસ્પદ કેસ નોંધાયો છે. દર્દીને તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. જગદીશ સોની (ઉ.વ.આ. ૪૫ વર્ષ)માં શંકાસ્પદ લક્ષણો દેખાતા આખી સોસાયટી સેનેતાઈઝ કરવાની કામગીરી હાથ ધરાઈ હતી.

સુરત લોકડાઉનમાં કર્ફ્યુનો ભંગ કરનાર બેનબીરાઓને પોલીસે જાહેરમાં ફટકારી લાઠીઓ

સુરત

કોરોના વાઈરસના સંક્રમણ અને પોઝિટિવ કેસોની સંખ્યાને ધ્યાને લઈને સલાબતપુરા, મહિધરપુરા, લાલગેટ, અઠવાલાઈન્સ પોલિસ સ્ટેશનના સમગ્ર વિસ્તાર અને લિંબાયત પોલીસ સ્ટેશનની કમરૂનગર પોલીસ ચોકીના સમગ્ર વિસ્તારમાં કર્ફ્યું અમલી છે. ત્યારે લિંબાયતના કમરૂનગર ખાતે કર્ફ્યુ ભંગ કરાનારને જવાનો દ્વારા આકરી સજા આપવામાં આવી હતી. બે યુવાનોને રોડ પર ગબડાવી લાઠીઓ ફટકારી હતી.

હાલ તો આ ઘટનાનો વીડિયો વાઈરલ થઈ રહ્યો છે. શહેરીજનોએ ઘરથી બહાર ન નીકળી કર્ફ્યુનું પાલન કરી કોરોના સંક્રમણને અટકાવવામાં મદદરૂપ બનવા અપીલ કરાઈ છે. લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે શહેરીજનોને સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ સુરત શહેર પોલીસ દ્વારા કરવામાં આવી રહી છે. જોકે, કેટલાક ઈસમો કર્ફ્યુનો પણ ભંગ કરી અને બહાના બનાવી બહાર ફરી રહ્યા છે.

છેલ્લા ત્રણ દિવસમાં કર્ફ્યુ ભંગના ૮૦ જેટલા ગુનાઓ નોંધાયા છે. શહેર પોલીસે લોકડાઉનમાં ૧૭૯ ગુનાઓ નોંધીને ૨૭૨ આરોપીઓની ધરપકડ કરી છે. ઉપરાંત ૩૧૩ વાહનો ડિટેઈન કર્યો છે. અત્યાર સુધીમાં સુરત પોલીસે લોકડાઉનમાં ૪૪૬૫ કેસો નોંધીને ૧૦૯૭૭ આરોપીની ધરપકડ કરી તેમજ ૧૨૩૯૭ વાહનો ડિટેઈન કર્યો છે.

સુરતના મજૂરોની વસ્તાવિત તસ્વીર આવી સામે, રાશન ન ખરીદી શકનાર દારૂ માટે લાઈનમાં



સુરત

હાલ કોરોના વાયરસને પગલે રાજ્યમાં લોકડાઉન ચાલી રહ્યું છે. આ દરમિયાન સુરત શહેરમાં કારીગરો અવારનવાર રાશન માટે રસ્તા પર ઉતરી આવે છે. સુરતમાં દરરોજ કોઈને કોઈ વિસ્તારમાં લોકો રાશન લેવા માટે પૈસા નથી તેવા દાવા સાથે રસ્તા પર ઉતરી આવે છે. આ દરમિયાન મજૂરોએ રસ્તા પર હંગામો મચાવીને પોલીસ પર પથ્થરમારો પણ કર્યો હતો. જે બાદમાં જે વિસ્તારોમાં કારીગરો વધારે રહે છે ત્યાં તંત્ર તરફથી રસોડા શરૂ કરીને તેમને ભોજન આપવામાં આવી રહ્યું છે. જોકે, બીજી તરફ આનાથી તદન વિપરીત બાજુ દર્શાવતો એક વીડિયો સામે આવ્યો છે. જે કારીગરો પાસે રાશન માટે પૈસા નથી તેમની પાસે દારૂ લેવા માટે ખૂબ પૈસા છે. આ લોકો મોજશોખ માટે દારૂ લેવા માટે લાઈનો લગાવે છે! લોકડાઉનને પગલે મજૂરી કરતા લોકો બેકાર બન્યા છે. સુરતમાં કાપડ ઉદ્યોગ સાથે સંકળાયેલા કારીગરો લોકડાઉનને પગલે મોટા પ્રમાણમાં બેકાર બન્યા છે. આ લોકોની હાલત દિવસેને દિવસે બગડી રહી છે. શહેરના અલગ અલગ વિસ્તારોમાં આ લોકો હંગામો મચાવી રહ્યા છે. રાશન માટે પૈસા ન હોવાથી તેમને વતન જવાની છૂટ આપવામાં આવે તેવી આ લોકોની માંગણી છે.

ગત ૧૧મી એપ્રિલે સુરતના લસકાણા ખાતે મોટી સંખ્યામાં ઓડિશાના વતનીઓ રસ્તા પર ઉતરી આવ્યા હતા અને પોલીસ પર પથ્થરમારો કર્યો હતો. આ ઉપરાંત આગજનીના બનાવો પણ બન્યા હતા. આ લોકોની એક જ માંગ હતી કે તેમની પાસે રૂપિયા નથી, જેનાથી તેઓ ભૂખે મરી રહ્યા છે. જે બાદ આ વિસ્તારમાં તંત્ર તરફથી રસોડું શરુ કરવામાં આવ્યું છે.

સુરતમાં કર્ફ્યૂગ્રસ્ત વિસ્તારની મહિલાઓએ કહ્યું

કોરોના છે કોરોના છે કહીં દૂધ પણ આપવામાં આવતું નથી

સુરત

કોરોના વાયરસનાં જે રીતે કેસ વધી રહ્યાં છે તેને લઈને તંત્ર દ્વારા ૫ પોલીસ તૈનાત વિસ્તારમાં કર્ફ્યૂ લાદવામાં આવ્યો છે. પરંતુ લોકો આ કર્ફ્યૂનું પાલન નહિ કરતા અમુક પ્રતિબંધ મુકવામાં આવ્યા છે. ત્યારે ૫૦થી વધુ પઝિટિવ કેસ નોંધાયેલા માનદરવાજામાં રહીશો દ્વારા સોશિયલ મીડિયા મારફતે બળાપો કાઢવામાં આવ્યો છે. મહિલાઓ જણાવ્યું હતું કે, 'લોકો માનદરવાજાનાં લોકોને બદનામ કરી રહ્યા છે. કોરોના છે કોરોના છે કહીં દૂધ પણ આપવામાં આવતું નથી. અનાજ પણ આપતા નથી.

કોરોના વાયરસને લઈને જે રીતે બે તબક્કામાં લોકડાઉન આપવામાં આવ્યુ છે ત્યારે સુરતનાં માનદરવાજા સુરતનું હોટ સ્પોટ બન્યું છે. અહીંયાથી કોમ્યુનિટી ટ્રાન્સમિશનનાં કેસ સતત મળી રહ્યાં છે. જોકે એક જ બિલ્ડિંગમાંથી ૫૦ જેટલા કોરોના પોઝિટિવ કેસ મળી આવતા તંત્ર દ્વારા હોટસ્પોટ બનેલા ૫ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કર્ફ્યૂ લાદવામાં



આવ્યો છે. જોકે, આ કર્ફ્યુમાં પણ તંત્ર દ્વારા અમુક બાબતે લોકોને કડકપણે અમલીકરણ કરવાના આદેશ આપવામાં આવ્યો છે. નિયમોનું ઉલ્લઘંન થશે તો પ્રતિબંધ લાગવાની તંત્ર દ્વારા પહેલા વાત કરવામાં આવી હતી. જોકે ,અહીંયા લોકો મોટી સંખ્યામાં એકત્ર થવા સાથે સોયિલ ડિસ્ટન્સ નહિ રાખતા હોવાનાને લઈને તંત્ર દ્વારા તેનું કડકપણે અમલીકરણ કરવાનું શરુ કરવામાં આવ્યુ હતું.

આ વિસ્તરમાં રહેતી મહિલાઓએ સોશિયલ મીડિયા મારફતે બળાપો કાઢવામાં આવ્યો છે. તેમનું કહેવું છે કે, અહીં દૂધ, અનાજ અને શાકભાજી આપતા નથી. અહીં રહેવું હોય તો કેવી રીતે રહીએ. અમને દુકાન બહાર ઉભા પણ રહેવા દેવામાં આવતા નથી. અમારાથી શું કરંટ લાગે છે. સરકારને અમને અનાજ સહિતની જીવન જરૂરિયાતની વસ્તુઓ આપવી જોઈએ. ખાલી શરદી-ઉધરસના કેસ જાહેર કરી દીધા છે. લઈ જવા હોય તો બધાને લઈ જાઓ. અહીં બાકી રહેલા લોકોને કંઈ મળતું નથી. હાલ ખાવાના ફાંફા થઈ ગયા છે. અહીં કોઈ સુવિધા નથી. આખા ટેનામેન્ટને લઈ જવામાં આવે તો તમામ સુરક્ષિત રહેશે. આ અંગે નિરાકરણ લાવવા રહિશોએ અપીલ કરી છે. જોકે આ મહિલાઓદ્વારા આગામી દિવસમાં તંત્ર દ્વારા કોઈ સુવિધા નહિ આપવામાં આવે તો રસ્તા પર ઉતરીને વિરોધ કરવાની ચીમકી પણ આપી છે.

ઔદ્યોગિક એકમોને શરતોને આધિન ઓનલાઈન પરવાનગી મળી શકશે

ઈન્ડસ્ટ્રીઝોને પરવાનગી બાબતે નિયત કરેલી પધ્ધતિ નક્કી કરવામાં આવી

સુરત

કોરોનાની વૈશ્વિક મહામારીને ધ્યાને લોકડાઉનના કારણે અમુક ઔદ્યોગિક એકમોને તા.૨૦મી એપ્રિલથી કડક શરતોને આધિન પરવાનગી આપવામાં આવશે. જે અંગે ઈન્ડસ્ટ્રીઝોને કંઈ રીતે પરવાનગી મેળવવાની છે તે જિલ્લા કલેકટર ડો.ધવલ પટેલે જણાવ્યું હતું કે, ઔદ્યોગિક ઉત્પાદન પ્રવૃત્તિ શરૂ કરવા માંગતા ટેક્ષટાઈલ પાર્કો, ફુડ પાર્કો, ઈન્ડસ્ટ્રીઝ યુનિટોએ નિયત નમૂના મુજબમાં ફોર્મ ભરીને ઈન્ડસ્ટ્રીઅલ એસોશિયેશન/એસ્ટેટના પ્રમુશ્રી મારફત અને તેઓની ભલામણ સહિત એકમોની યાદી નિયત નમૂના અને પુરાવા સહિત જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના ઈ-મેલ આઈડી gm-dic-sur@gujarat.gov.in પર મોકલવાની રહેશે. આ સિવાયના યુનિટો પોતાની સીધી અરજી કરી શકશે. જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં બનેલી સમિતિ દ્વારા વિવિધ પાસાઓની ચકાસણી કરીને અરજીઓ પર નિર્ણય લઈ તેમને જાણ કરવામાં આવશે. જે યુનિટોને પરવાનગી આપવામાં આવશે તેઓએ સોશિયલ ડિસ્ટન્સીગ જળવાય રહે, સેનિટાઈઝર વગેરે બાબતોને ધ્યાને લઈને મંજુરી આપવામાં આવશે. જો ભવિષ્યમાં આ વિસ્તારો હોટસ્પોટ જાહેર થાય તો પરવાનગી આપોઆપ રદ થશે. હોટસ્પોટ જાહેર કરાયેલા વિસ્તારની ત્રણ કિ.મી. સુધીના સમાવિષ્ટ એકમોએ અરજી કરવી નહી. શરતોનો ભંગ થયે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. બધી જ કામગીરી ઈમેલ દ્વારા જ કરવામાં આવશે. જેથી રૂબરૂ સંપર્ક કરવો નહી.

તાપી જિલ્લાના ઉદ્યોગકારો સાથે કલેકટર હાલાણીએ બેઠક યોજી

તાપી જિલ્લામાં નિયમ કરાયેલા ઉદ્યોગ ગૃહો શરતી શરૂ કરી શકાશે

વ્યારા

"કોરોના"ને લઈને અપાયેલા "લોકડાઉન" દરમિયાન તા.૨૦મી એપ્રિલથી ભારત સરકારની ગાઈડ લાઈન અને દિશાનિર્દેશ અનુસાર, ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા પણ રાજયમાં કેટલાક ઉદ્યોગ, ધંધાઓને શરતી મંજૂરી આપી, કાર્યરત કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. જે મુજબ તાપી જિલ્લાના ઉદ્યોગો માટે વ્યારા ખાતે જિલ્લા કલેક્ટર શ્રી આર. જે. હાલાણીની અધ્યક્ષતામાં એક ઉચ્ચસ્તરીય બેઠક યોજાઇ હતી.

જેમાં જિલ્લાના ઉદ્યોગકારો સહિત સંબંધિત અધિકારીઓએ ઉપસ્થિત રહી, સરકારશ્રીના જાહેરનામાની જોગવાઇઓની વિષદ ચર્ચા વિચારણા હાથ ધરી હતી.

કલેક્ટર શ્રી હાલાણીએ આ અગાઉ જે ઉદ્યોગો ગૃહોને તેમની કામગીરી શરૂ કરવાની પરવાનગી આપવામાં આવી છે, તેમણે ફરીથી પરવાનગી લેવાની આવશ્યકતા નથી તેમ જણાવી, ઉદ્યોગ ગૃહોની મુશ્કેલી, સમસ્યાઓની જાણકારી મેળવી હતી. ઉદ્યોગ ગૃહોમાં કામ કરતાં કામદારોને જરૂર પડ્યે આવવા-જવા માટેની પરવાનગી, ઓળખકાર્ડ અપાશે તેમ જણાવી શ્રી હાલાણીએ તા.૨૦ ૪ ૨૦૨૦થી શરૂ કરાનાર ઉદ્યોગ ગુહોને તૈયારીઓ બાબતે કોઈ અગવડ પડે, તો જિલ્લા વહીવટી તંત્રનો સંપર્ક સાધવા અનુરોધ કર્યો હતો.

બેઠકમાં વ્યારા ટાઇલ્સ-વ્યારા, સંકલ્પ પેપર મિલ-વાલોડ, જે.કે.પેપર મિલ-સોનગઢ, હિલ લી. ગોલણ (વાલોડ), ભાવસાર કેમિકલ ફાર્માસ્યુટિકલ ઈંડસ્ટ્રીઝ-વ્યારા, રેખા ગૃહ ઉદ્યોગ-સોનગઢ, એન. એચ. એક્ષપોર્ટ-વ્યારા સહિતના ઉદ્યોગ ગૃહોના સંચાલકોએ ઉપસ્થિત રહી, ચર્ચામાં ભાગ લીધો હતો. બેઠકની કાર્યવાહી જિલ્લા ઉદ્યોગ કેન્દ્રએ સભાળી હતી.

લોકદૃષ્ટિ ચક્ષુબેંક, ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ચોર્યાસી તાલુકા બ્રાંચ, સુરત અને સક્ષમ ગ્રુપ દ્વારા તૂટેલા ચશ્માનું વિના મૂલ્યે રીપેરીંગ કરાયું



સુરત

વિશ્વના મોટા ભાગમાંના દેશોમાં અત્યારે કોરોના વાઈરસના કારણે હાહાકાર મચી રહ્યો છે ત્યારે આમાથી આપનો દેશ પણ બાકાત નથી. ત્યારે દુર દ્રષ્ટિ ધરાવતા આપના દેશના વડાપ્રધાનશ્રીએ કોરોડના સામે લડત આપવા માટેસંપૂર્ણ લોકડાઉન કરવાનો નિર્ણય કર્યો અને દેશની જનતાને સહભાગી થવા માટે હાકલ કરી છે ત્યારે દેશ સામે આવેલ કોરોના નામના પડકારને સરાકરની સાથે સાથે સુરતની સેવાભાવી સંસ્થા લોકદ્રષ્ટિ ચક્ષુબેંક, સુરત, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ચોર્યાસી તાલુકા બ્રાંચ સુરત અને સક્ષમ સુરત દ્વારા સક્ષમ રથનું પ્રસ્થાન સુરતના પૂર્વમેયર અસ્મિતાબેન શિરોયા દ્વારા કરવામાં આવ્યું હતું તેમજ હોમગાર્ડ કમાન્ડન્ટ પ્રફુલ શિરોયાના પડપણ હેઠળ કાર્યની શરૂઆત કરવામાં આવી. સક્ષમ રથ દ્વારા છેલ્લા પાંચ દિવસમાં સુરત શહેરના વિવિધ વિસ્તારમાં ફરીને ૫૧૨ લોકોના તૂટેલા ચશ્માને વિનામૂલ્યે રીપેરીંગ કરી આપ્યા હતા જેમાં પર્વત પાટીયાના કોર્પોરેટર હિંમતભાઈ બેલડીયા, કોર્પોરેટર અનિલભાઈ ભોજ તેમજ સિંગણપોરના કોર્પોરેટર નીતાબેન સાવલીયાના પતિ મહેશભાઈ સાવલીયા તેમજ વિવિધ વિસ્તારના પોલીસ જવાનો, હોમગાર્ડઝોએ લાભ લીધો હતો. જુદા જુદા વિસ્તારના પર્વત પાટીયા - ૨૬ લોકોએ ગોડાદરા - આસપાસ વિસ્તારમાં ૧૧ લોકોએ,ડીંડોલીમાં ૧૮ લોકોને, નવાગામમાં ૧૨ લોકોને, લંબેહનુમાન રોડ વિસ્તારમાં ૩૫ લોકોએ, વરાછા રોડ વિસ્તારમાં ૫૭ લોકોએ, મોટા વરાછા વિસ્તારમાં ૪૬ લોકોએ, ઉત્રાણમાં ૩૬ લોકોએ, અમરોલી વિસ્તારમાં ૩૯ લોકોએ, કતારગામ વિસ્તારમાં ૩૩ લોકોએ, વેડરોડ વિસ્તારમાં ૪૧ લોકોએ, સિંગણપોર વિસ્તારમાં ૨૮ લોકો, મજુરા વિસ્તારમાં ૯ લોકો, અઠવાગેટ વિસ્તારમાં ૨૧ લોકો, ઘોડદોડ રોડમાં ૧૮ લોકોએ, વેસુ વિસ્તારમાં ૧૭ લોકોએ, સીટીલાઈટ વિસ્તારમાં ૧૪ લોકોએ તેમજ રાંદેર - પાલ - અડાજણ - ૫૧ લોકોએ લાભ લીધો હતો તેમજ ૩૮૮ કોલ ક્વોરન્ટાઈન વિસ્તારના હોવાથી તે લોકોને પુરતો ન્યાય અપાયો ન હતો.

આ સક્ષમ રથમાં ઓપ્થલ્મીક આસી. દિનેશભાઈ જોગાણી, સાગર જોગાણી, પરેશભાઈ ભંડેરી, ઘનશ્યામભાઈ ઢાકેચા, હર્દીપ મેમરીયા સેવાકીય પ્રવૃત્તિ કરી રહ્યાં છે.

સુરતમાં પોલીસ પેટ્રોલિંગ કરતુ ડ્રોન જોતા જ લોકોમાં દોડધામ



સુરત

પોલીસ દ્વારા લોકડાઉન અને કર્ફ્યુનો કડક અમન કરાવવા ડ્રોન કેમેરાથી પેટ્રોલિંગ કરાઈ રહ્યું છે. જેમાં લોકો હજુ પણ ધાબા પર જોવા મળી રહ્યા છે અને ડ્રોન જોતાની સાથે લોકો ભાગતા નજરે પડી રહ્યા છે. અડાજણ વિસ્તારમાં આવા કેસ નોંધવામાં આવ્યા છે. કોરોના વાઈરસની મહામારી વચ્ચે સુરત શહેરમાં વધી રહેલા કેસોને ધ્યાને લઈ શહેર પોલીસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત રીતે અમલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. આજ રોજ જાહેરનામા ભંગના બદલ વિવિધ કલમો હેઠળ ૨૭૨ જેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાબાજી કરીને બહાર ફરતા ૩૦૨ લોકોના વાહનો જમ કરવામાં આવ્યા છે. ડ્રોન કેમેરાની મદદથી ૧૬ તથા સી.સી.ટીવી કેમેરા દ્વારા ચાર ગુનાઓ નોંધવામાં આવ્યા છે.

પવન મંદ પડતા સુરતમાં મહત્તમ ૩૬ ડિગ્રી તાપમાન

તાપમાનમાં નજીવો ઘટાડો થયો અને ઉકળાટ વધ્યો

સુરત

શહેર જિલ્લા સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં પવનની ગતિ મંદ પડવાની સાથે અધિકતમ તાપમાનનો પારો ૩૬ ડિગ્રીની આસપાસ રહેતા ગરમીથી હંગામી રાહત અનુભવાઈ રહી છે.

સુરત હવામાન વિભાગના સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર આજે શહેરનું અધિકતમ તાપમાન ૩૬ ડિગ્રી અને ન્યુનતમ તાપમાન ૨૬.૪ ડિગ્રી નોંધાયુ છે. હવામાં ભેજનું પ્રમાણ ૪૫ ટકા અને હવાનું દબાણ ૧૦૧૦ મિલીબાર નોંધાયું છે. ઉત્તર-પુર્વ દિશાથી સરેરાશ કલાકના ૨ કિલોમીટરની ઝડપે પવન ફુંકાઈ રહ્યો છે. પવનની ગતિમંદ પડતા બપોરના સમયે અસહય ઉકળાટ અને બફારો થતા શહેરીઓ ભારે બેચેની અનુભવ રહ્યા છે. નવસારી હવામાન વિભાગના સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે અધિકતમ તાપમાન ૩૫ ડિગ્રી નોંધાયુ છે. આજે સવારથી પવનની ગતિ ઓછી થઈ છે.

એપ્રિલ મહિનાના ચોથા સપ્તાહ દરમ્યાન સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ઉકળાટ અને બફારો વધી રહયો છે. આગામી દિવસોમાં ગરમીનો પારો વધે તેવી શકયતા હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. આજે સાંજ સુધી ગરમીનો પારો ૩૬ ડિગ્રીની આસપાસ રહે તેવી શકયતા છે.

નર્મદામાં લોકડાઉન દરમિયાન પ્રજાની હાડમારી ઓછી કરવા કેટલીક શરતોને આધિન રહીને કેટલીક છુટછાટ માટે જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામું



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલમાં નોવેલ કોરોના વાયરસના સંક્રમણ ને રોકવા માટે ભારત સરકાર દ્વારા લોકડાઉનનો સમય ગાળો ૩ મે સુધી લંબાવવામાં આવેલ છે. લોકડાઉનના સમયગાળામાં અનેક પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ લાગુ કરવામાં આવેલ હતો, જે સંદર્ભે નર્મદા જિલ્લા મેજીસ્ટ્રેટ એમ.આર.કોઠારીએ ભારત સરકારની માર્ગદર્શિકાની જોગવાઈઓ મુજબ પ્રજાની હાડમારી ઓછી કરવાં માટે કેટલીક છુટછાટો જાહેર કરી તા.૨૦ મી એપ્રિલ થી કેટલીક શરતોને આધીન રહીને નીચે મુજબની પ્રવૃત્તિઓ શરૂ કરી શકાશે તે મુજબનું જાહેરનામુ પ્રસિધ્ધ કર્યું છે.

જેમાં તમામ આરોગ્ય વિષયક સેવાઓ (આયુષ સહિત) , કૃષિ અને સંલગ્ન પ્રવૃતિઓ , સમગ્ર કૃષિ અને બાગાયતી પ્રવૃતિઓ, માછીમારી/ મત્સ્યોદ્યોગની પ્રવૃતિઓ, બગીચા ઓ (પ્લાન્ટેશન) ને લગતી પ્રવૃતિઓ, પશુપાલનમાં પ્રવૃતિઓ,નાણાકીય ક્ષેત્રમાં કેટલીક પ્રવૃતિઓ,સામાજિક ક્ષેત્રમાં પ્રવૃતિઓ,ઓનલાઈન શિક્ષણ/ દૂરવર્તી શિક્ષણ (Distance Learning),મનરેગા હેઠળની કામગીરી, જાહેર ઉપયોગિતાઓ માટે પ્રવૃતિઓ, રાજયની અંદર અને આંતર-રાજય માલવાહકની અવર-જવર અને માલનું લોડિંગ-અન લોડિંગની પ્રવૃતિઓ, આવશ્યક ચીજવસ્તુનો પુરવઠા(સપ્લાય)ને લગતી બાબતો, વાણિજય અને ખાનગી સંસ્થાઓ જેવી પ્રવૃતિઓ, ઉદ્યોગો/ઔદ્યોગિક એકમો(સરકારી અને ખાનગી બન્ને),બાંધકામ પ્રવૃતિઓ ઉપરાંત કેટલાક કિસ્સાઓમાં વ્યક્તિઓની અવર-જવરની છૂટનો સમાવેશ થાય છે. તદઉપરાંત ભારત સરકારની કચેરીઓ,તેની સ્વાયત્ત/ તાબાની કચેરીઓ ઉપરાંત રાજય સરકારની કચેરીઓ,તેની સ્વાયત સંસ્થાઓ અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને કેટલીક શરતોને આધીન રહીને જરૂરી છુટછાટ અપાઈ છે.

કેટલીક વ્યકિતઓને ફરજિયાત પણે ક્વોરોનટાઈન હેઠળ રહેવાનું રહેશે.જેમ કે, જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા COVID-19નું સંક્રમણ અટકાવવા માટે નક્કી કરેલા સમયગાળા સુધી ફરજિયાત પણે હોમ / સંસ્થાકીય ક્વોરોનટાઈનમાં રહેવા જણાવવામાં આવેલ હોય તે વ્યક્તિઓ, ક્વોરોન્ટાઈન આદેશનો ભંગ કરનાર વ્યક્તિ વિરુધ્ધ ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે, ક્વોરોનટાઈન કરેલ ઈસમો, કે જેઓ ભારતમાં તા.૧૫/૦૨/૨૦૨૦ પછી આવેલ હોય અને તેમનો ક્વોરોનટાઈન સમયગાળો પૂર્ણ થયા બાદ COVID-19 નો રીપોર્ટ નેગેટીવ આવેલ હોય તેમને ભારત સરકારનાં ગૃહ વિભાગ દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ એસ. ઓ. પી. મુજબ મુકત કરવાના રહેશે.

આ જાહેરનામાના પરિશિષ્ટ-૧ અને પરિશિષ્ટ-૨ માં નિર્દિષ્ટ સૂચનાઓનું તમામ વ્યક્તિઓ, સંસ્થાઓ, તમામ ઔદ્યોગિક અને વ્યવસાયિક મથકો, કાર્યસ્થળો, કચેરીઓ એ ઉપર દર્શાવ્યા મુજબની કામગીરી શરૂ કરતાં પહેલાં ચુસ્તપણે અમલવારી કરવાની રહેશે.

સદરહુ જાહેરનામાની અમલવારી નર્મદા જિલ્લા કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ ની હકુમત હેઠળના નર્મદા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા.૨૦/૪/૨૦૨૦ના ૦૦:૦૦ કલાક થી તા.૦૩/૦૫/૨૦૨૦ ના ૨૪:૦૦ કલાક સુધી(બન્ને દિવસો સહિત) કરવાની રહેશે.કેન્દ્ર સરકાર અને રાજય સરકારના વિવિધ જાહેરનામા / આદેશોથી જે બાબતો પર પ્રતિબંધ મુકેલ નથી, તે બાબતો આ જાહેરનામાથી પ્રતિબંધિત ગણાશે નહી.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ની કલમ-૧૮૮, ધ ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન, ૨૦૨૦ અને ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ - ૫૧ થી ૫૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષકથી પોલીસ સબ ઈન્સપેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામા નો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવેલ છે.

સુરતમાં હોમ, પ્રાઈવેટ તથા સરકારી સ્થળોએ ૩૩૫૭ લોકો ક્વોરોન્ટાઈનમાં

સુરત

સુરત મહાનગરપાલિકાના મ્યુ. કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ આજ તા.૧૮મી એપ્રિલના રોજ કોરોના બાબતે અદ્યતન વિગતો આપતાં જણાવ્યું હતું કે શહેરમાં કોરોનાને ફેલાતો અટકાવવાં માટે ટેસ્ટીંગની પ્રક્રિયા વધુ તેજ કરવામાં આવી છે. સ્મીમેર હોસ્પિટલમાં કોરોના ટેસ્ટીંગ શરૂ કરાયું હોવાથી ૧૨૨ સેમ્પલ ટેસ્ટીંગ માટે મોકલવામાં આવ્યા હતા. જેમાંથી ૦૨ કેસ પોઝિટીવ આવ્યા છે. ટ્રેકિંગ, ટેસ્ટીંગ અને ટ્રીટમેન્ટના ટ્રીપલ ટી એપ્રોચના આધારે હવે જયાં કેસો વધી રહ્યા છે તેવા લિંબાયત અને માનદરવાજા વિસ્તારના હોટસ્પોટ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. અહી સામૂહિક ટેસ્ટીંગ માટે હવે વ્યક્તિના શરીરમાં કોરોના વાઈરસની હાજરીને પારખતાં રેપિડ એન્ટી બોડી ટેસ્ટની શરૂઆત આવતીકાલથી કરવામાં આવશે.

મ્યુ. કમિશનરશ્રી વધુમાં જણાવ્યું કે, આજે બપોર પહેલા ૭૦૦ અને બપોર બાદ ૯૨૮ સેમ્પલ લેવામાં આવ્યાં છે. પોઝિટીવ કેસોની સંખ્યા વધી રહી છે, જેને ધ્યાને લઈ અસરગ્રસ્ત વિસ્તારના લોકોને હોમ ક્વોરેન્ટાઈન કરવાની કાર્યવાહી પણ કરવામાં આવશે. આજની સ્થિતિએ ૨૮૩૬ લોકો હોમ ક્વોરેન્ટાઈન હેઠળ છે. જેમાં ૫૧૯ સરકારી અને ૩૨ વ્યક્તિઓ પ્રાઈવેટ ક્વોરેન્ટાઈનમાં છે. આમ, કુલ ૩૩૮૭ વ્યક્તિઓ ક્વોરેન્ટાઈનમાં છે.

આજે સોશ્યલ ડિસ્ટન્સ ન જાળવનાર ૮૯ લોકો પાસેથી રૂ.૯૭,૫૦૦ નો દંડ કરાયો છે, જયારે માસ્ક ન પહેરનારા ૧૦૬ વ્યક્તિઓને રૂ. ૧,૦૬,૧૦૦ નો દંડ કરવામાં આવ્યો છે. આવશ્યક દુકાનો પર હેન્ડ સેનેટાઈઝરની વ્યવસ્થા ન કરનાર ૧૯ દુકાનદારોને રૂ.૩૩,૭૦૦ નો દંડ કરાયો છે. નિર્ધારિત ક્લસ્ટર એરિયામાં કોન્ટેક્ટ ટ્રેસિંગ ટીમો દ્વારા ક્લસ્ટર હોટસ્પોટ અને સ્લમ એરીયામાં સઘન સર્વેલન્સ કામગીરી કરવામાં આવી રહી છે.

શ્રી પાનીએ શહેરીજનોને કર્ફ્યુનું પાલન કરવાં તેમજ જરૂરી કામ વિના ઘરથી બહાર ન નીકળવા, માસ્ક અચૂક પહેરવા અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા તેમજ લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગની અપેક્ષા વ્યક્ત કરી હતી.

સુરતના અડાજણમાં સોશિયલ ડિસ્ટન્સના અભાવને લઈ મેડિકલ સંચાલકને ૫ હજારનો દંડ

સુરત

અડાજણમાં એલ પી સવાણી રોડ પર અશોક મેડીકલ સંચાલકને ૫૦૦૦ દંડ ફટકાર્યા હતો. સોશિયલ ડિસ્ટન્સનો અભાવ અને જાહેરનામા ભંગનો ગુનો નોંધવામાં આવ્યો છે. ફોન પર વાત કરાવી મામલો થાળે પડવાનો પ્રયાસ પણ કર્યો હતો. ત્યારબાદ પોલીસ પણ બોલાવી પડી હતી. મેડિકલ સ્ટોર સંચાલક પાલિકાના કર્મચારીઓ સાથે વધુ પડતી દલીલ કરતા મામલો બગાડ્યો હતો. સોશ્યલ ડિસ્ટન્સ ન જાળવનાર ૭૩ લોકો પાસેથી ૭૭૦૦૦નો દંડ કરાયો છે.



જ્યારે માસ્ક ન પહેરનારા ૫૩ વ્યક્તિઓને ૫૩૮૦૦નો દંડ કરવામાં આવ્યો છે. આવશ્યક દુકાનો પર હેન્ડ સેનેટાઈઝરની વ્યવસ્થા ન કરનાર દુકાનદારોને ૧.૬૮ લાખનો દંડ કરાયો છે.

વધુમાં વધુ લોકોના આરોગ્યની તપાસ કરવાના પ્રયાસો

વલસાડ

ગુજરાત મકાન અને બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા બાંધકામ શ્રમિકોની પ્રાથમિક તબીબી સારવાર માટે જીવીકે ઈએમઆરઆઈ ૧૦૮ મારફત અમલીકૃત ધન્વન્તરી આરોગ્ય રથ યોજના અમલમાં છે. આ યોજના હેઠળ રાજ્યના વિવિધ જિલ્લાઓમાં કાર્યરત કુલ ૩૪ મોબાઈલ હેલ્થ યુનિટ દ્વારા પ્રાથમિક તબીબી સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે. હાલમાં કોરોના વાઈરસના કારણે સમગ્ર દેશમાં લોકડાઉનની પરિસ્થિતિ સર્જાઈ છે અને પ્રવર્તમાન કોવિડ-૧૯ના રોગચાળા અન્વયે વધુમાં વધુ લોકોની મેડીકલ તપાસ થાય અને સંક્રમિત દર્દીને વહેલીતકે શોધી શકાય તે અત્યંત આવશ્યક છે. વલસાડ જિલ્લામાં ધન્વન્તરી આરોગ્ય રથ દ્વારા વિવિધ વિસ્તારોમાં આવેલા સ્લમ, શ્રમિક વસાહતો, સોસાયટી ખાતે તબીબી સેવાઓ પૂરી પાડી કોરોના વાઈરસના સંક્રમણને રોકવા માટે સતત કાર્યશીલ છે. લોકડાઉન થયા બાદ આજદિન સુધી ધન્વન્તરી આરોગ્ય રથ દ્વારા જિલ્લાના ૨૨૦૦ જેટલા દર્દીઓની ઓ.પી.ડી./ પ્રાથમિક તપાસ કરવામાં આવી છે.



અંકલેશ્વર નગરમાં લેવાયેલ સાવચેતીના પગલાં રૂપે રિટેલ શાકભાજી માર્કેટ ખસેડાયુ



અંકલેશ્વર શહેર માં અલગ અલગ સ્થળોએ ભરાતા શાકભાજી માર્કેટને હાલની નાજુક પરિસ્થિતિને ધ્યાને લઈ સોશિયલ ડિસ્ટનસિંગ ના અમલીકરણ ના ભાગરૂપે અંકલેશ્વરના વિભાગીય નાયબ પોલીસ અધિક્ષક ભોજણી અને નગરપાલિકાના સત્તાધીશોના સહયોગથી જે શકભાજીના છૂટક બજારો ત્રણ જગ્યાએ જુદાજુદા ભરાતા હતા ત્યાંની ગીચતાને ધ્યાને લઈ હાલ શિક્ષણ કાર્ય બંધ હતું ંહ તેથી જિનવાલા હાઈસ્કૂલના વિશાળ ગ્રાઉન્ડમાં ખસેડતા નગરિકોમાંથી ડરનો માહોલ દૂર થયો છે.સદર હંગામી



શાકમાર્કેટમાં સોશિયલ ડિસ્ટનસિંગને ધ્યાને લઈ ગ્રાહકો અને ફેરિયાઓને માર્ક કરેલી જગ્યાએજ ઉભા રહેવા વિભાગીય નાયબ પોલીસ અધિક્ષક દ્વારા સૂચના અને બંદોબસ્ત ગોઠવાયો છે .તદુપરાંત સતત ડ્રોન કેમેરાથી પણ સોશિયલ ડિસ્ટનસિંગનું ધ્યાન રખાઈ રહ્યું છે અને સોશિયલ ડિસ્ટનસિંગની અમલવારી ન કરનાર સામે કાયદાકીય પગલાં લેવાશે તેવી સૂચના પણ અપાઈ હોવાનું જાણવા મળે છે.આમ તમામ પ્રકારની સતર્કતા પોલીસ અને પ્રશાસન રાખી રહ્યું છે ત્યારે નાગરિકો પણ સાથ આપશે તેવી આશા રખાઈ રહી છે . અત્રે ઉલ્લેખનીય છે કે પોલીસ દ્વારા સદર શાકભાજી વેચનાર,ખરીદનાર ગ્રાહકો અને હાજર સ્ટાફે માસ્ક, હેન્ડગોઝ અને સેનેટાઈઝરનો ઉપયોગ કરવાનો આગ્રહ રખાયો છે અને માસ્ક પહેરવું ફરજીયાત કરાયેલ છે.

લોકડાઉનનું ચુસ્ત પાલન થાય તે હેતુથી રાજપીપળા તેમજ ગ્રામ્ય વિસ્તારમાં પોલીસની ફ્લેગમાર્ચ



(ભરત શાહ દ્વારા) - રાજપીપળા : હાલમાં કોરોના સંક્રમણ ફેલાવો સતત વધી રહ્યો હોય નર્મદા જિલ્લામાં પણ કોરોના ના ૧૧ જેવા કેસ પોઝીટીવ હોય નર્મદા જિલ્લા પોલીસ વડા હિમકર સિંહની સુચના મુજબ ડીવાયએસપી રાજેશ પરમારની અધ્યક્ષતામાં રાજપીપળા ટાઉન પી.આઈ.આર.એન.રાઠવા, ટ્રાફિકજીં આમલેથા પો.સ્ટે,તથા મહિલા પો.સ્ટે.નાજીં સહિત ના તમામ અધિકારીઓ સાથે સંકલનમાં રહીને રાજપીપળા ટાઉન તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં પોલીસ વાહનો માં પોલીસે ફ્લેગ માર્ચ કરી હતી.જેમાં ઘરમાં રહો સુરક્ષિત રહો તેવી જાહેરાત કરી જાગૃતતા લાવવા પ્રયાસ કરવામાં આવ્યો હતો.

નર્મદા જિલ્લામાં લોકડાઉન વચ્ચે રાજપીપળાની શાળામાં ઓનલાઈન શિક્ષણ વિદ્યાર્થીઓ માટે ફાયદારૂપ



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

કોરોના વાયરસની મહામારી થી બચવા હાલ સમગ્ર ભારત માં લોકડાઉન ચાલી રહ્યું છે તમામ શાળા કોલેજો પણ બંધ છે અને ગુજરાત સરકાર ના શિક્ષણ વિભાગ ની જાહેરાત મુજબ ધોરણ ૯ અને ૧૧ ના વિદ્યાર્થીઓ ને માસ પ્રમોશન આપવામાં આવ્યું છે. હવે આ ધોરણ ૯ અને ૧૧ ના વિદ્યાર્થીઓ ધોરણ ૧૦ અને ૧૨ માં આવ્યા છે. ત્યારે ધોરણ ૧૦ અને ૧૨ ના વિજ્ઞાન પ્રવાહ ના વિદ્યાર્થીઓનું શિક્ષણ ન બગડે અને સમયસર તેમનું શિક્ષણ કાર્ય પૂરું થાય તે હેતુ થી રાજપીપળા ની નવદુર્ગા હસ્કૂલ દ્વારા એક એપ દ્વારા શિક્ષણ આપવાનું ચાલુ કર્યું છે આ શાળા ધોરણ ૧૦અને ૧૨ ના વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને મુખ્ય વિષય નું શિક્ષણ ઓન લાઈન તજજ્ઞો દ્વારા આપે છે અને આગામી ડિસેમ્બર માં તેમનો તમામ કોર્ષ પૂરો થાય અને જાન્યુઆરી થી પુનરાવર્તન પણ કરી શકાય ઉપરાંત લોકડાઉન માં વિદ્યાર્થીઓ ઘેર બેઠાજ શિક્ષણ પ્રાપ્ત કરી લોકડાઉન નો સદુપયોગ કરે તેવો પ્રયાસ આ શાળા દ્વારા કરાયો છે.

શાળા ના આચાર્ય વિરલ પટેલ, અને કેમ્પસ ડાયરેક્ટર નિમેષ પંડ્યાએ જણાવ્યું હતુ કે હાલ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓનું રોજ ત્રણ કલાક ઓનલાઈન શિક્ષણ આપવામાં આવી રહ્યું છે.અન્ય ધોરણનું પણ આયોજન કરી રહ્યા છે. હાલ મુખ્ય વિષયોનું ટીચિંગ કરાવી જેનું હોમવર્ક મોબાઈલ દ્વારા સેન્ડ કરી જેને શાળાના શિક્ષકો ચેક કરે છે.



ડી ઝોન ઉતરાણ હોમગાર્ડઝ સુરત શહેર યુનિટ કચેરી ખાતે હાલ ચાલી રહેલ કોરોના વૈશ્વિક મહામારી માં ફરજ બજાવતા તમામ હોમગાર્ડઝ સભ્યો ને જિલ્લા કચેરી દ્વારા એક જીવન જરૂરિયાત કીટ વિતરણ નું આયોજન કરવા માં આવેલ જેમાં સુરત જીલ્લા કમાન્ડન્ટ સાહેબ શ્રી ડો.પ્રફુલભાઈ શિરોયા, સ્ટાફ ઓફિસર લીગલ સાહેબ શ્રી સી બી વોરા, તેમજ ડી ઝોન ઉતરાણ યુનિટ કચેરી ના ઈન્ચાર્જ ઓફિસર કમાન્ડિંગ સાહેબ શ્રી જે એચ દવે દ્વારા સોસીયલ ડિસ્ટનસિંગ રાખી તકેદારી પૂર્વક હોમગાર્ડઝ સભ્યો ને કીટ વિતરણ કરવામાં આવેલ હતું. અને જિલ્લા કમાન્ડન્ટ ડો.પ્રફુલભાઈ શિરોયા સાહેબ દ્વારા જરૂરી માર્ગદર્શન આપી તકેદારી પૂર્વક ફરજ બજાવવા દરેક હોમગાર્ડઝ સભ્યોને સૂચન કરેલ.

ડેડીયાપાડાના ગીચડ ગામમાં ૯ મકાનો આગમાં સ્વાહા : ઘરમાં બાંધેલા ૨ બકરા સહિત ઘરવખરી બળી જતા ૩૦ લાખના નુકસાન નો અંદાજ



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકાના ગીચડ ગામમાં એક સાથે નવ કાચા મકાનો આકસ્મિક આગમાં બળીને સ્વાહા થઈ જતા હાલ લોકડાઉન ના સમય માં ગરીબ પરિવારોની હાલત વધુ ખરાબ થવા પામી છે.

સમગ્ર દેશ માં હાલ કોરોના મહામારી અને લોકડાઉન ના કારણે નર્મદા જિલ્લા ના અંતરિયાળ ગામના લોકોની હાલત દયનિય છે તેવામાં ડેડીયાપાડા તાલુકાના ગીચડ ગામમાં આકસ્મિક આગ લાગતા એક સાથે નવ કાચા મકાનો આ આગમાં બળીને ભસ્મીભૂત થઈ ગયા હતા.સાથે તમામ મકાનોની ઘરવખરી સાથે ઘરમાં બાંધેલા બે બકરા પણ આગમાં સ્વાહા થતા ૩૦ લાખનું નુકસાન થયાનો અંદાજ સેવાઈ રહ્યો છે. લોકડાઉન વચ્ચે મજૂરી કામ બંધ હોય તેવામાં અચાનક આગ લાગતા ગામના આ ગરીબ પરિવારોની હાલત પડતા પર પાટુ મારવા જેવી થઈ છે.સોમવારે બપોરે લગભગ ૧.૦૦ વાગે લાગેલી આગની જાણ ડેડીયાપાડા પોલીસને થતા પીએસઆઈ એ.આર. ડામોર ટિમ સાથે ઘટના સ્થળે દોડી ગયા હતા.હાલ પંચાયત દ્વારા સર્વે કરાયો હોય જેમાં અંદાજીત ૩૦ લાખ નું નુકસાન થયાનો રિપોર્ટ તૈયાર કરાયો છે.

કયા નવ પરિવારોના ઘર બળી ગયા

વસાવા ધનજી દમણિયાભાઈ,વસાવા અમીર દમણિયા ભાઈ,વસાવા દમણિયા ખાલપાભાઈ,વસાવા ભંગીયા ખાલપાભાઈ,વસાવા અમરસિંગ છત્રસિંગ,વસાવા છત્રસિંગ ખાલપાભાઈ,વસાવા રાયસિંગ છત્રસિંગ,વસાવા સુરેશ બીજલભાઈ અને વસાવા પનુબેન ધનજીભાઈ મળી નવ મકાનો આગમાં બળી જતા તંત્ર એ સર્વે રિપોર્ટ તૈયાર કરી આ પરિવારો ને મદદ માટે કામગીરી હાથ ધરી હતી.

નર્મદા જિલ્લામાં કોરોના પોઝીટીવ કેસ-૧૧ પર સ્થિર: કુલ ૧૧૦ વ્યક્તિઓ ક્વોરોન્ટાઈન હેઠળ

આયુર્વેદિક કોલેજ હોસ્ટેલ ફેસેલીટી બેઝ ક્વોરોન્ટાઈન હેઠળની ૧૭ વ્યક્તિઓને આજે રજા અપાઈ

- આજે નવા વધુ કોઈ પોઝીટીવ કેસ નોંધાયેલ નથી : જિલ્લામાં કુલ- ૧૧ પોઝીટીવ કેસ યથાવત
- સોમવારે સવારે પ્રાપ્ત થયેલ ૬૮ સેમ્પલના રિપોર્ટ નેગેટીવ જયારે સાંજે પ્રાપ્ત થયેલ ૮૩ સેમ્પલના રિપોર્ટ પણ નેગેટીવ આવતા રાહત

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા



COVID-19 મહામારીને અનુલક્ષીને નર્મદા જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગના એપીડેમીક મેડિકલ ઓફિસર ડૉ.આર. એસ. કશ્યપ તરફથી તા.૨૦ મી એપ્રિલ સાંજે ૫:૩૦ કલાકે પ્રાપ્ત થયેલી જાણકારી મુજબ નર્મદા જિલ્લામાં આજે વધુ નવા કોઈ પોઝીટીવ કેસ નોંધાયેલ નથી અને આજની સ્થિતિએ જિલ્લામાં કોરોનાના પોઝીટીવ દરદીઓની સંખ્યા ૧૧ છે. જિલ્લામાં આયુર્વેદિક કોલેજ હોસ્ટેલ ફેસેલીટી બેઝ કોરોન્ટાઈન હેઠળની ૧૭ વ્યક્તિઓને આજે રજા અપાઈ છે, જેથી આજની સ્થિતિએ કુલ-૧૧૦ વ્યક્તિઓ ક્વોરોન્ટાઈન હેઠળ છે. આરોગ્ય વિભાગના તરફથી મળતી માહિતી મુજબ તા.૨૦ મી એપ્રિલના રોજ સવારે મળેલા ૬૮ સેમ્પલ રિપોર્ટ નેગેટીવ આવ્યા છે તદઉપરાંત સાંજે પ્રાપ્ત થયેલ વધુ ૮૩ સેમ્પલના રિપોર્ટ પણ નેગેટીવ આવ્યા હોવાની જાણકારી મળી છે.

પાલનપુર જનકલ્યાણ સોસાયટી વિસ્તાર હોમ કોરોન્ટાઈન જાહેર

સમગ્ર વિસ્તારમાં ડિશ ઈન્ફેકશનની કામગીરી કરાઈ

સુરત

અડાજણ પાલનપુર પાટિયા ટેકરાવાળા સુકલ પાસેની જનકલ્યાણ સોસાયટીના ઘીવાળા પરિવારના ચાર સભ્યોની કોરોના વાયરસનો રિપોર્ટ પોઝિટિવ આવતા ગઈકાલથી જ સુરત મહાનગર પાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા આ સોસાયટીના તમામ રહીશોને હોમ કોરોન્ટાઈનમાં રહેવા કડક સુચના આપી હતી. તેમજ આ વિસ્તારમાં ડિસ ઈન્ફેકશન કામગીરી કરવાની સાથે આ વિસ્તારણાં શાકભાજી , લારીવાળાઓને આ વિસ્તારથી દુર રહેવા માટે સુચના આપી દેવામાં આવી હતી.

સુરત મહાનગર પાલિકાના આરોપી વિભાગના જણાવી મુજબ જયાંથી પોઝિટિવ કેસો મળ્યા હોયએ સ્થળથી ૫૦૦ મિટરના આસા પાસના વિસ્તાર કોડન કરીને તમામ લોકોને નિર્ધારિત સમયે જ દુધ-શાકભાજી લેવા માટે માત્ર એક વ્યક્તિજ બહાર નીકળે તેવી સૂચના આપી દેવામાં આવી છે.

બાકી રહેલા એપીએલ વન કાર્ડ ધારકો માટે સુચના

સુરત

તાજેતરમાં વિશ્વભરમાં પ્રસારિત થયેલી નોવેલ કોરોના વાયરસની રોગની મહામારી અટકાવવા માટે તા.૩/૫/૨૦૨૦ સુધી લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. આ લોકડાઉન દરમિયાન જરૂરીયાતમંદ કુટુંબો જીવનજરૂરીયાત ચીજવસ્તુઓથી વંચિત ન રહી જાય તે માટે રાજય સરકાર દ્વારા સુરત જિલ્લામાં NON-NFSA એપીલ-૧, કાર્ડ ધારકોને તા.૧૩/૪/૨૦૨૦ થી તા.૧૮/૦૪/૨૦૨૦ સુધીમાં વ્યાજબી ભાવની દુકાનેથી અનાજના જથ્થાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું છે. પરંતુ આ સમયગાળા દરમિયાન જો કોઈ લાભાર્થી અનાજના જથ્થો મેળવવા માટે બાકી રહી ગયેલ હોય તો તેઓએ તા.૨૧/૪/૨૦૨૦ સુધીમાં પોતાને મળવાપાત્ર જથ્થો મેળવી શકશે. પરંતુ આ દરમીયાન કફર્યુગ્રસ્ત વિસ્તારમાં પોલીસ કમિશનરશ્રીના કફર્યું અંગેના તા.૧૬/૪/૨૦૨૦ના જાહેરનામાનો ચુસ્ત અમલ કરવાનો રહેશે. તેમ સુરત જિલ્લા પુરવઠા અધિકારી શ્રીમતિ આસ્થા કે.સોલંકીની યાદીમાં જણાવાયું છે.

કોરોના જાગૃતિ: રાજપીપળામાં લારીમાં શાકભાજી વેચનાર યુવાન લોકો માટે ઉદાહરણરૂપ, લારી પર આવતા ગ્રાહકોને સેનેટાઈઝર થી હાથ સાફ કરાવે છે

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલ કોરોના મહામારી એ વિશ્વને હચમચાવી નાખ્યું છે ત્યારે નર્મદા જિલ્લા માં પણ ૧૧ પોઝીટીવ કેસ સારવાર હેઠળ હોય તંત્ર દરેક પ્રકારની તકેદારી અને જાગૃતિ બાબતે પ્રયાસ કરે છે છતાં અમુક લોકો તેનો અમલ કરતા નથી તેવામાં રાજપીપળા શહેરમાં લારી લઈ શાકભાજી વેચનાર યુવાન લોકો માટે પ્રેરણારૂપ જોવા મળ્યો હતો.

રાજપીપળા વિસાવાગા વિસ્તારમાં રહેતા મયુરભાઈ પંચોલી નામનો યુવાન શહેરમાં લારી લઈ શાકભાજી વેચે છે. હાલ કોરોના મહામારી વચ્ચે વાયરસનો ભય હોય આ યુવાન ગ્રાહકોને પહેલા સેનેટાઈઝર થી હાથ સાફ કરાવી ત્યાર બાદ જ વસ્તુ અને પૈસા ની લેવડ દેવડ કરે છે ત્યારે આ યુવાન લોકો માટે ઉદાહરણરૂપ કહી શકાય,આમ તો સરકાર અને સ્થાનિક તંત્ર કોરોના બાબતે સાવચેતી રાખવા વારંવાર સૂચનો કરે છે છતાં કેટલાક ભણેલા લોકો કે વેપારીઓ પણ તેનું પાલન ન કરી આવી મહામારીની પરવાહ નથી કરતા ત્યારે શાકભાજી લઈ ફળિયે ફળિયે ફરતા યુવાને આ માટે પોતાની અને પોતાના ગ્રાહકોની ચિંતા કરી તેની લારી માંથી શાકભાજી ખરીદતા ગ્રાહકોને સૌથી પહેલા હાથમાં સેનેટાઈઝર આપી હાથ સાફ કરાવતો હોય લોકો એ આ યુવાનને જોઈ શીખ લેવી જોઈએ.જો દરેક વ્યક્તિ જાગૃત થશે તો કોરોના જેવી મહામારી ને પણ આપણે માત આપવામાં જરૂર સફળતા મેળવીશું.

